મુનિજીવનની બાળપોથી

ભાગ પહેલો

૧૩૬



મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

કમલ પ્રકાશન ટ્રસ્ટ

ખાસ કરીને નૂતન-દીક્ષિતો માટે લેખકશ્રીએ તૈયાર કરેલું પુસ્તક....

૧૩૬

મુનિજીવનની બાળપોથી

ભાગ પહેલો

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

પ્રકાશક :

કમલ પ્રકાશન ટ્રસ્ટ
૫૦૮૨/૩, બીજે માળે,
યાજ્ઞિક ઇન્સ્ટિટ્યૂટ સામે,
રતનપોળના નાકે,
ગાંધીરોડ, અમદાવાદ-૧

ફોન : ૩૮૫૭૨૩

લેખક-પરિચય :
સિદ્ધાન્તમહોદધિ સચ્ચારિત્રચૂડામણિ
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય
મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

મૂલ્ય
૩-૦૦

પ્રથમ સંસ્કરણ : નકલ ૧૦૦૦
વિ. સં. ૨૦૩૫, વસંત પંચમી
તા. ૧-૨-'૭૯

મુદ્રક :
કેનિમેક પ્રિન્ટર્સ,
મામુનાયકની પોળ,
અમદાવાદ ૩૮૦ ૦૦૧

લેખકના બે બોલ...

જો નિર્ગ્રન્થો સાચા સાધુપણામાં રહે તો આ જગતની મોટામાં મોટી કોઈ ભૌતિક તાકાત પણ જિનશાસનનું કે જૈનસંઘનું અહિત કરવાને સમર્થ નથી. જે કાળમાં જૈનત્વ ઝળહળતું હશે તે કાળમાં તેના ઝળહળાટનો લાભ અન્ય સહુને ઓછોવત્તો પણ પ્રાપ્ત થશે.

આમ સકળ જીવરાશિના; કે રાષ્ટ્ર, પ્રજા અને સંસ્કૃતિના હિતમાં મૂળ તો નિર્ગ્રન્થોનું સાચું શ્રમણપણું છે.

આવું શ્રમણપણું મારામાં પ્રગટે એ માટે મેં આ પુસ્તિકાનું લેખન કર્યું છે. બેશક; અન્ય અનેક પુણ્યાત્માઓ આ લેખનનો લાભ ઉઠાવીને સ્વજીવનને અત્યન્ત વધુ શાસ્ત્ર-નીતિનું બનાવે તેવો ભાવ તો મારા હિતકરણની સાથોસાથ સંકળાએલો છે જ.

ગુરુકૃપાથી અને વડીલો પાસેથી પ્રાપ્ત થએલી જીવંત હિતશિક્ષાઓના સ્મરણથી લખેલા આ પુસ્તકમાંથી થોડાક પણ શ્રમણ-શ્રમણીઓ — ખાસ કરીને નૂતન-દીક્ષિતો — લાભ ઉઠાવશે કે મારો આ પ્રયત્ન પૂરેપૂરો સફળ થશે.

ક્યાંય પણ જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડં...તે અંગે સહુ કોઈ મારું ધ્યાન દોરે તેવી વિનંતી સાથે વિરમું છું.

—મુનિશ્રી ચન્દ્રશેખરવિજય

• અનુક્રમણી

અગ્રલેખ

૧.	ચાલો, વિકાસની રક્ષા કરીએ	૧
૨.	जाए सद्धाए निक्खंतो	૧૬
૩.	આણાએ ચ્ચિય ચરણં	૨૮
૪.	મનની એક નબળી કડી	૪૧
૫.	શાસન-ભક્તિ	૫૬
૬.	અષ્ટ પ્રવચન-માતા	૬૭
૭.	દીક્ષા અને પાત્રતા	૮૭
૮.	સ્વાધ્યાય	૧૦૨
૯.	આલોચના	૧૧૫
૧૦.	પ્રકૃતિ-દોષ	૧૨૭
૧૧.	અભ્યાસ અને અભ્યાસકાળ	૧૪૦
૧૨.	બ્રહ્મચર્ય	૧૫૪

આટલું ધ્યાનમાં લેવા જેવું

૧.	બી વિનાની કહેવાતી દ્રાક્ષ અંગે	૪
૨.	પાણીના કાળ અંગે	૫
૩.	પારિઠાવણિ અંગે	૫
૪.	શ્રીસંઘ સાથેના સંબંધ અંગે	૬
૫.	સવારે પોરસી ભણાવવાના કામ અંગે	૧૯
૬.	ચોમાસું બેસતાં પહેલાની જયણા અંગે	૧૯
૭.	કામળીમાં કપડો નાખવા અંગે	૨૦
૮.	ફળો વહોરતી વખતે	૨૧

૯. કાપ અંગે ૩૯
૧૦. સાબુદાણા અંગે ૪૩
૧૧. નદી ઊતરવા અંગે ૪૩
૧૨. આરોગ્ય અંગે ૪૪
૧૩. તીર્થભૂમિમાં ભક્તિ અંગે ૪૫
૧૪. વિજાતીય અંગે ૫૮
૧૫. પૈસાના વ્યવહાર અંગે ૫૯
૧૬. પરસ્પર અંગે ૬૦
૧૭. મનના ઉચ્ચાર અંગે ૬૧
૧૮. મુખાદિ પ્રક્ષાલન અંગે ૭૨
૧૯. પાતરાદિના પ્રતિલેખન અંગે ૭૨
૨૦. તપ અંગે ૭૩
૨૧. આરાધના–ઉલ્લાસ અંગે ૭૪
૨૨. પ્રાયશ્ચિત્ત અંગે ૭૫
૨૩. સ્થણ્ડિલશુદ્ધિ અંગે ૮૯
૨૪. ગોચરી અંગે ૯૦
૨૫. ‘આદેશ’ની ભાષામાં બોલવા અંગે ૯૧
૨૬. હસ્તલેખન અંગે ૧૦૪
૨૭. વિજાતીય–પરિચય અંગે ૧૦૫
૨૮. વિહાર અંગે ૧૦૬
૨૯. ચાતુર્માસ–પ્રવેશ અંગે ૧૦૭
૩૦. કામળી ઓઢવા અંગે ૧૧૮
૩૧. ઉઝઈની વિરાધના અંગે ૧૧૮
૩૨. માત્રુ પરઠવવા અંગે ૧૧૯

૩૩.	ધર્મકાર્યો કરવા અંગે	૧૨૯
૩૪.	જરૂરી વસ્તુના ઉપયોગ અંગે	૧૩૦
૩૫.	ઔચિત્યસેવન અંગે	૧૩૧
૩૬.	પુસ્તક–પરિગ્રહ અંગે	૧૩૧
૩૭.	સૂત્રાર્થ અંગે	૧૩૨
૩૮.	અભક્ષ્યાદિની પ્રેરણા અંગે	૧૩૨
૩૯.	હંમેશ કાયોત્સર્ગ અંગે	૧૪૨
૪૦.	યોગ્ય જીવોને પ્રેરણા અંગે	૧૪૩
૪૧.	નાની દેખાતી વાતો અંગે	૧૪૪
૪૨.	ગોચરી અંગે	૧૪૫
૪૩.	વિહાર અંગે	૧૫૮
૪૪.	શિષ્યોની શિથિલતા અંગે	૧૫૯
૪૫.	પક્ષવાદ અને સગાવાદ અંગે	૧૬૦
૪૬.	કેટલીક ભાષા અંગે	૧૬૦
૪૭.	પ્રાયશ્ચિત્ત અંગે	૧૬૧

પ્રશ્નોત્તરી

૧.	પાંચ મહાવ્રતોના....પાયાના ગુણો	૭
૨.	વૃદ્ધ, ગૃહસ્થો, સાધુ–સાધ્વી માટે આશ્રમની જરૂર !	૮
૩.	ભારતભરમાં ધર્મપ્રચારની જરૂર !	૨૧
૪.	સાધ્વીગણ પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ !	૨૩
૫.	પાલીતાણામાં સાધ્વીઓને વિશેષ સગવડ	૩૪
૬.	વિપશ્યના ધ્યાન શા માટે ?	૩૫
૭.	સાધ્વીજી–દીક્ષા પ્રતિબંધ	૪૬

૮. અશુભ કર્મબંધમાંથી બચવાનો ઉપાય ૪૯
૯. સાધુના જીવનની સફળતામાં મોટી શંકા ? ૬૨
૧૦. દીક્ષા લેતાં પહેલાં કલ્યાણકભૂમિની સ્પર્શના જરૂરી ? ૭૬
૧૧. દીક્ષા લેવામાં માતાપિતાનો અંતરાય ૭૭
૧૨. દીક્ષાના જીવનમાં જપ–ધ્યાનની જરૂર ૭૮
૧૩. મુનિજીવન બાદ આનંદોલ્લાસનો સવાલ ! ૭૯
૧૪. ધ્યાનમાં એકાગ્રતા ન આવે તો શું ? ૯૩
૧૫. દીક્ષા બાદ ક્યાંક ઉચ્છૃંખલતા કેમ ? ૯૪
૧૬. શારીરિક આરોગ્ય માટે આવશ્યક સૂચન ૯૫
૧૭. સંવત્સરી પર્વ અંગે ૯૬
૧૮. મુનિજીવનમાં દીર્ઘજીવી નવરાશ અને કંટાળો ૧૦૭
૧૯. સાધ્વીજીઓ વ્યાખ્યાન કરે તો ? ૧૦૯
૨૦. સાધુ–સાધ્વી માટે સંઘની જવાબદારી શું ? ૧૦૯
૨૧. શહેરમાં કે ગામડામાં ? ૧૨૦
૨૨. મુનિજીવનમાં આરોગ્ય માટેના નિયમો ૧૨૨
૨૩. સંઘનો કલેશ મિટાવવો કે નહીં ? ૧૩૩
૨૪. દીક્ષા પહેલાંનો તાલીમ–સમય ૧૩૪
૨૫. પાતરાં–કપડાંની ઉપધિ ૧૩૫
૨૬. મહત્ત્વની આરાધનાઓ ૧૩૫
૨૭. આયુર્વેદિક ઔષધ માટે નિરપવાદ આગ્રહ જરૂરી ? ૧૪૬
૨૮. વધુ ટકામાં સાધ્વીજીઓનું આરોગ્ય ચિંતાજનક ? ૧૪૮
૨૯. મુનિજીવનમાં ડીગ્રીઓ ૧૬૨
૩૦. મુનિજીવનમાં છાપાંઓનું વાંચન ૧૬૩
૩૧. બાળદીક્ષા ૧૬૪

શાસ્ત્રવિચાર

૧.	ઓઘનિર્યુક્તિ	૧૨
૨.	ઉપદેશમાળા	૨૪
૩.	,, (તપ)	૩૭
૪.	વૈરાગ્ય કલ્પલતા	૫૨
૫.	વૈરાગ્ય-કલ્પલતા	૬૪
૬.	વૈરાગ્ય-કલ્પલતા	૮૩
૭.	દશવૈકાલિક સૂત્રની પહેલી ૧૭ ગાથા	૯૮
૮.	ઉપદેશમાળા	૧૧૧
૯.	ગુરુતત્ત્વનિશ્ચય	૧૨૪
૧૦.	અધ્યાત્મસાર	૧૩૭
૧૧.	વૈરાગ્ય-કલ્પલતા	૧૫૧
૧૨.	વૈરાગ્ય-કલ્પલતા	૧૬૬

હાર્દિક અનુમોદન-વિભાગ

: પરિશિષ્ટો : એક મહાત્માની નોંધ

૧.	સાધુજીવનની સારમયતા	૧૭૨
૨.	સંયમપાલનની વિશિષ્ટ મર્યાદાઓ	૧૭૬
૩.	સંયમની સાધનારૂપ પગદંડીઓ	૧૮૧
૪.	સંયમીનું વ્યવસ્થાપત્રક	૧૮૯
૫.	જાગરણ માટેના સવાલો	૧૯૧

પાઠ : ૧

ચાલો, વિકાસની રક્ષા કરીએ

કેવો બડભાગી આપણો આતમ! અનાદિ નિગોદમાં સાધારણપણું, એકેન્દ્રિયપણું અને સ્થાવરપણું પામીને અનંતકાળ પસાર કરી નાખ્યો.

પણ એક વાર એમાંથી નીકળીને પ્રત્યેકપણું; પંચેન્દ્રિયપણું અને ત્રસપણું પામ્યો.

પણ ત્યાં એની વિકાસકૂચ થંભી ન ગઈ! નહિ તો એ બડભાગી શેનો?

ગમે તેમ કરીને એક વાર આર્યદેશ, આર્યજાતિ અને આર્યકુળ પણ એણે પ્રાપ્ત કરી લીધાં.

વિકાસની વણથંભી કૂચ હજી પણ એણે જારી રાખી હતી. એટલે જ આ જીવનમાં તેણે માર્ગાનુસારિભાવ, સમ્યગ્દર્શન અને સર્વવિરતિ ધર્મની પણ પ્રાપ્તિ કરી લીધી.

હવે થોડુંક જ કામ બાકી રહ્યું છે. યથાખ્યાત ચારિત્ર્ય, કૈવલ્ય અને સિદ્ધત્વભાવ એણે પ્રાપ્ત કરવાનાં છે.

કેટલી મુશ્કેલીથી આટલો વિકાસ હાંસલ કર્યો? એ કોઈ પૂછશો જ મા.

પણ હવે શું ? હાથમાં આવેલા વિકાસ પછી પણ ઘણી વખત પીછેહઠ થઈ છે અને ફરીથી એકડો ઘૂંટવાના દિવસો આવી લાગ્યા છે.

શું હવે આવું કાંઈ બને તે પરવડે તેવું છે ? ફરી નિગોદમાં ? વિકલેન્દ્રિયમાં ? અનાર્યકુળોમાં ? મિથ્યાત્વ-ભાવમાં ? અવિરતિના જીવનમાં ? ના....આ પદાર્થોની કલ્પના કરતાં પણ ધ્રૂજારી વછૂટી જાય છે.

શું કરીએ ? આ ભારતની ભૂમિમાંથી આ કાળમાં મોક્ષ પ્રાપ્ત થઈ શકતો નથી એટલે લાચાર છીએ. નહિ તો જિનશાસન સમજાયા પછી એ મોક્ષપ્રાપ્તિથી જરા ય ઓછું આપણને ખપતું જ નથી. હવે ક્યાંય – મહા-વિદેહમાં ય – જન્મલેવાની કોઈ તૈયારી નથી.

ખેર....ભલે કદાચ મોક્ષ ન થાય; પણ એ ય ચોક્કસ છે કે હવે દુર્ગતિ પણ ન જ થવી જોઈએ.

ભાવિનો ઇતિહાસ વર્ષોની સાધનાથી લખાવાને બદલે ક્યારેક પાપની કોઈ કાળી–ગોઝારી એકાદ પળમાં ય લખાઈ જતો હોય છે ! સાધનાના જગતમાં યુગો.... કરતાં ક્યારેક પળો વધુ મોટાં પરિવર્તનો લાવી શકતી હોય છે. આથીસ્તો ત્રિલોકગુરુ પરમાત્માએ એક પળનો ય પ્રમાદ ન કરવાની આપણને શીખ આપી છે ને ?

પ્રત્યેક પળનું જાગરણ ! 'ઘણી તપશ્ચર્યા કરી છે; હવે થોડોક સમય મોજથી ખાઈ–પી લઉં !' એ વિચાર આપણા માટે ગોઝારો છે.

ઘણો સ્વાધ્યાય કર્યો છે કે ઘણી ગુરુસેવા કરી છે; હવે આરામ કરીને આનંદ મેળવું ! એવી કલ્પના પણ આપણા માટે ખતરનાક છે.

આથી જ લોહચણ ચાવવા કરતાં કઠિન, અસિધારા ઉપર ચાલવા કરતાં કઠિન મુનિ-વ્રત કહ્યું છે.

પણ તેથી શું ? હવે કાંઈ હિંમત હારી જવાય ? માંડ માંડ હાથમાં આવી ગએલું સંયમ–જીવન શિથિલતાની અગનજવાળાઓમાં ભડથું કરી દેવાય ?

ના....જરા ય નહિ....

ગમે તેવા વિકટ સંયોગો વચ્ચે રહીને પણ આપણે ચિત્તને સમતોલ બનાવીએ. મોહરાજની આ જ કરામત છે કે તે જે વિચારો, તર્કો અને કુતર્કો ઉત્પન્ન કરાવીને આપણા વિકાસને થંભાવી દે છે યાવત્ નિષ્ફળ કરી દે છે. ભૂતકાળમાં આવું ઘણીવાર બન્યું, આપણે ય તેની જાળમાં ફસાઈ ગયા, પણ ના....હવે તો એ ભૂલ ન જ કરીએ. વિકાસ એટલે વણથંભ્યો વિકાસ.

હવે તો યથાખ્યાત ચારિત્ર, કૈવલ્ય અને સિદ્ધત્વ પામીને જ જંપીએ.

જો જરાક ચૂકીશું તો ઠેઠ નિગોદ સુધી – કદાચ અનંતકાળ માટે – ફેંકાઈ જઈશું. અવિરતિના એ ગોઝારા દિનોમાં સબડી સબડીને સાફ થઈ જઈશું. ચૌદ પૂર્વધર મહાત્માઓ પણ પળની કોઈ ભૂલમાં નિગોદ સુધી પટકાઈ પડયા છે એ શાસ્ત્ર–વચનને સતત નજર સમક્ષ રાખીએ.

પુણ્યના ચમકારાઓ, ભક્તોના માનપાન અને ખાન-પાન, વાસનાઓનું જાગરણ, વધુ પડતી સગવડોની અપેક્ષાઓ આપણા કટ્ટા શત્રુઓ છે; એમને બરોબર ઓળખી લઈશું તો મજાલ નથી મોહરાજની કે તે આપણા વિકાસને પળ માટે ય થંભાવી શકે.

આટલું ધ્યાનમાં લેવા જેવું

(૧) બી વિનાની કહેવાતી દ્રાક્ષ અંગે :

એમ કહેવાય છે કે લીલી દ્રાક્ષ બે પ્રકારની આવે છે. બી વાળી મોટી દ્રાક્ષ અને બી વિનાની ઝીણી લીલી દ્રાક્ષ. કેટલાક સમય સુધી આ માન્યતા ચાલુ રહેવાના કારણે લીલી ઝીણી દ્રાક્ષનો અચિત્ત કેળાની જેમ બે ઘડીના નિયમ વિના છૂટથી ઉપયોગ થતો રહ્યો. પરંતુ હવે ગીતાર્થો પાસેથી જાણવા મળ્યું છે કે આ હકીકત બરોબર નથી. એ લીલી ઝીણી દ્રાક્ષમાં પણ ઝીણા રેસા જેવું બીજ હોય છે માટે તેને દૂર કર્યા બાદ ૪૮ મિનિટે તે અચિત્ત થાય છે.

(૨) પાણીના કાળ અંગે :

શિયાળામાં ચાર, ઉનાળામાં પાંચ અને ચોમાસામાં ત્રણ પ્રહરનો ઉકાળેલા પાણીનો કાળ હોય છે. આમાં ઉનાળામાં પાંચ પ્રહરહોવાથી સાંજે સૂર્યાસ્ત પછી કેટલોક સમય પણ–સવારે છ વાગે પણ ઉતારેલું પાણી–અચિત્ત રહે છે એટલે સાત, સાડા–સાત વાગતા સુધીમાં ચૂનો નંખાય તોય દોષ લાગતો નથી. ચોમાસામાં પાણીના બે કાળ થતા હોવાથી ઉપર જણાવ્યા મુજબ જલદી દોષ લાગવાનો સંભવ નથી. પરંતુ શિયાળામાં ચાર જ પ્રહરનો કાળ હોવાથી સવારે પા–૬ કે ૬ા વાગે ઉતારેલું પાણી સૂર્યાસ્ત થતાં પૂર્વે જ સચિત્ત બની જાય છે. એટલે તેને અચિત્ત અવસ્થામાં જ રાખવા માટે સૂર્યાસ્તની પૂર્વે જ ચૂનો નાંખી દેવાનું અત્યંત આવશ્યક છે.

(૩) પારિઠાવણિ અંગે :

પરઠવી દેવા માટેના કાપડના નાના નાના ટુકડાઓ તો રેતીના ઢગલામાં કે ગાડાના ચીલાની વિશેષ ધૂળમાં છૂટા છૂટા મિશ્રિત કરી શકાય છે. પરંતુ કાગળના ટુકડાઓને પરઠવવામાં ઘણી કાળજીની જરૂર છે. તેને પાણીમાં કે ચાલતી ટ્રેઇને, ગૃહસ્થ દ્વારા હવામાં વિસર્જિત ન કરાય. તેને કૂવામાં જ ત્યાગીએ. અણુજાણહ જસ્સુગ્ગહો, વોસીરેઈ(૩) બોલીને વિસર્જન કરવું જોઈએ. તે કૂવો આટલી શરતોથી યુક્ત હોવો જોઈએ : (૧) બહુ ઊંડો નહિ અને

અતિ છીછરો પણ નહિ. (૨) તળિયું દેખાય તેવો. (૩) પાણી અને વનસ્પતિ વગેરે વિનાનો.

આવા કૂવામાં ઢીલી ગાંઠની દોરી બાંધીને પોટલું ઉતારવું અને પછી તે દોરી હલાવવી જેથી બધા ટુકડા તળીઆ ઉપર રહી જાય. બાદ દોરી અને પોટલાનો ટુકડો ઉપર ખેંચી લેવો.

(૪) શ્રીસંઘ સાથેના સંબંધ અંગે :

તમે જે કોઈ ક્ષેત્રમાં શેષકાળમાં વિચરો અથવા તો ચાતુર્માસ કરો તે ક્ષેત્રના સંઘ પ્રત્યે અપાર વાત્સલ્યભાવ દાખવજો.

કેટલીક વાર એવું બને છે કે આપણી કોઈ અપેક્ષા મુજબ કોઈ કાર્ય ન થતાં તે સંઘના સભ્યો કે અગ્રણીઓ તરફ એકદમ મનદુઃખ થઈ જાય છે. ધીમે ધીમે એ મનદુઃખમાંથી કષાયની ઉગ્રતા થવા લાગે છે. ક્યારેક ભડકો પણ થાય છે. આ બધું ખૂબ જ અનુચિત ગણાય.

ખરેખર તો એવી કોઈ અપેક્ષા જ આપણે ન રાખવી ઘટે. કદાચ કોઈ ખૂબ અનિવાર્ય અપેક્ષા હોય અને તેની પણ પૂર્તિ ન થાય તો, 'થોડુંક સહી લેવાની આ સુંદર પળ વણમાગી આવી છે તો લાવ, વધાવી લઉં' એમ ચિત્તને સમજાવી દઈને અત્યંત પ્રસન્ન રહેવું જોઈએ. આવા સમયે પુણ્યકર્મની અલ્પતાનો વિચાર કરીશું તો ખૂબ સમાધાન થઈ જશે.

સંઘના સભ્યોના માથે ઘણી જવાબદારી હોય છે. એમને પણ કાળના પ્રભાવે કેટલાક કટુ અનુભવો થયા હોય છે. એમાંથી તેમના હૈયે કોઈ કઠોરતા જન્મ પામે તો તે પણ ખૂબ સંભવિત છે.

આપણે તેમની આ પરિસ્થિતિનો વિચાર કરશું તો અનાદરભાવ નહિ જાગે.

ગમે તેમ તો ય તેઓ સંસારી છે; જ્યારે આપણે ત્યાગી છીએ. આપણે હૈયે આગ, વાણીમાં કઠોરતા, કે આંખે લાલી તો કદી ન હોવાં જોઈએ.

પ્રશ્નોત્તરી

સવાલ (૧) પાંચ મહાવ્રતોના ભારને સફળતાપૂર્વક વહન કરવા માટે પાયાના ગુણો કયા ?

જવાબ : ગુર્વાજ્ઞાપાલન, કેટલાક દ્રવ્યોના કાયમી ત્યાગપૂર્વકનો તપ અને શાસ્ત્ર–સ્વાધ્યાય.

(૧) જેઓ ગીતાર્થ છે (અથવા ગીતાર્થ નિશ્રિત છે,) અને જેઓ અત્યંત સંવિગ્ન (વિરક્ત) છે તે ગુરુ કહેવાય. આવા ગુરુની આજ્ઞાઓનું એક પણ અપવાદ

વિના પાલન કરવું જોઈએ. આમ કરવા માટે પોતાની તમામ ઇચ્છા, અપેક્ષા મહત્ત્વાકાંક્ષાને ખતમ કરી જ દેવી પડશે.

(૨) આસક્તિ ઉત્પન્ન કરે કે આરોગ્યને હાનિ કરે તેવા તમામ ભોજ્ય પદાર્થોનો ત્યાગ કરવો જોઈએ. ખાસ કરીને મિષ્ટ, તળેલું, ફરસાણ, ફ્રુટ તથા મેવો અને રોજ વધુમાં વધુ મીઠાઈઓ.

આવા કાયમી ત્યાગ ઉપરાંત જે કાંઈ તપશ્ચર્યા થઈ શકે તે કરવી જોઈએ. તપના કારણે ત્યાગનો ભોગ લેવાય તે સામાન્યતઃ ઉચિત જણાતું નથી. ભસ્મોનું કે વિગઇઓનું સેવન કરીને તપ કરવામાં ઘણાં જોખમો પડેલાં છે.

(૩) શાસ્ત્ર–સ્વાધ્યાય એ મહાવ્રતોની રક્ષા કરતું અભેદ્ય કવચ છે. વધુમાં વધુ કલાકો સુધી ગાથા ગોખવી એવો આગ્રહ રાખવો જોઈએ. અથવા ગુરુ જે પ્રકારનો સ્વાધ્યાય બતાડે તે કરવો જોઇએ.

જ્યાં સ્વાધ્યાયનું જોર હશે ત્યાં નિંદા, વિકથાને તો અવકાશ જ નહિ મળે.

સવાલ (૨) આજે અપંગ, લૂલા, અશક્ત વગેરે વૃદ્ધ ગૃહસ્થો માટે અને વૃદ્ધ થઈ ગએલા સાધુ-સાધ્વીઓ માટે આશ્રમોની જરૂર છે એમ આપને લાગતું નથી?

જવાબ : આપણી આખી આર્યવ્યવસ્થા પુષ્કળ જવાબદારીઓથી ભરપૂર છે. આ ખૂબ જ હેતુપૂર્વકની

વ્યવસ્થા છે. જેની જે જવાબદારી તેમાંથી તે છટકી જાય તે બરાબર નથી. ગૃહરક્ષા; બાળઉછેર અને પતિસેવાની જવાબદારીમાંથી આજે નારી છટકી છે તો તેનાં ભયંકર દુષ્પરિણામો આજે આંખ સામે જોવા મળે છે

વિદ્યાર્થી, સુખાર્થી બનીને જવાબદારીમાંથી છટકયો છે તો તેણે 'કાંઇક' મેળવવા જતાં 'ઘણું' ગુમાવી દીધું છે.

હોસ્પિટલોનો ક્ષણિક-લાભ લેવા જતાં માંદાની માવજતના ઘણા ઘરેલુ લાભો ખોઈ નાંખવામાં આવ્યા છે. પ્રસૂતિગૃહોથી લાભ લેવામાં આરોગ્યની અનેક કુંચીઓનો આખો ને આખો જુડો આ દેશની પ્રજાએ ખોઈ નાંખ્યો છે.

એક પક્ષને ચૂંટીને ખુરશી ઉપર બેસાડયા પછી પ્રજાએ બધી જવાબદારી તેના માથે ઝીંકી દઇને પોતે (આને ધે-ઈઝમ = બધું તેઓ જ કરે એ વાદ – કહેવાય છે) માનવતાવિહોણી બની છે. ભયંકર ઉદાસીનતાનો બુરખો ઓઢીને પ્રજા અને તેના લોકાગ્રણીઓ ઘરમાં બેસી ગયા છે.

આ બધું જાણ્યા પછી પણ વૃદ્ધોનાં 'ઘરડાં-ઘર' જયાં ત્યાં ઊભાં કરવાની વાતો કરવી એ મને ખૂબ વિચિત્ર લાગે છે. શું તે વૃદ્ધ માતાપિતાની સેવા કરવાની તેમનાં સંતાનોની જવાબદારી નથી? રે! એમની સેવા કરવી એ સંતાનોનો ધર્મ જ નથી? શું આપણે સંતાનોને આ ધર્મથી મુક્ત કરી દેવાં છે? "ઘરડાં-ઘરમાં પૈસા

ભરી દઇને ત્યાં મા–બાપની સેવા થાય" એવો વિચાર પણ ન કરાય. સેવાને પૈસાના માધ્યમથી કદી પણ તોલશો નહિ. જે માતાપિતાએ ભારે જહેમત ઉઠાવીને સંતાનોને મોટાં કર્યાં એ વડીલોની સેવા જો સંતાનોને ભારે પડી જતી હોય તો આવાં સંતાનોનો જન્મ પણ આ ધરતીને માટે કલંકરૂપ છે.

'ઘરડાં-ઘર'નો કાળ હવે નજદીકમાં જ આવી રહ્યો છે. સરકાર જ તેની વ્યાપક યોજના કરશે પણ એની નજર તો રાષ્ટ્ર અને અનાજની અછતના કાયમી પ્રશ્ન તરફ મંડાયેલી છે એટલે એ જે કાંઈ કરશે તેમાં આ ખ્યાલ તો તે રાખશે જ. 'સેવા' એ કાંઈ તે 'ઘરડા-ઘર'ની સ્થાપના પાછળનો શુદ્ધ–ઉદ્દેશ નહિ જ હોય. શું આપણે પણ આ પરિસ્થિતિ તરફ ઢસડાશું ?

જીવનભર ખેડૂતને કમાણી કરાવી આપતા બળદો વૃદ્ધ થાય ત્યારે તેને કતલખાને મોકલી દેવાની આજની ઘાતકી અને સ્વાર્થાન્ધ વિચારણા જેટલી જ–સમાન આ વિચારણા છે.

આથી તો એક દિવસ પ્રજાને એક સૂત્ર મળશે કે, "જે નકામા તે જીવવાને નાલાયક." લૂલા, લંગડા, ગાય વગેરે ઢોરો; વૃદ્ધ બાળકો અને છેલ્લે માતાપિતાદિ વૃદ્ધો.

હાય ! કેવી ભયંકર પનોતી તરફ આ દેશની પ્રજા સીફતપૂર્વક તણાવાઈ રહી છે.

જેવું માતાપિતાદિ વડીલો માટે કહી શકાય તેવું જ વૃદ્ધ થતાં સાધુ–સાધ્વીજીઓ માટે કહી શકાય. એમની સેવા કરવાની જવાબદારી ભારતના જુદા જુદા ગામોના સંઘોની જ છે. જો તેઓ તે જવાબદારીમાંથી છટકી જવા માંગતા હોય તો તે બરોબર લાગતું નથી. વળી તે વૃદ્ધ ત્યાગીઓના ગુરુઓએ એવી કોઈ વ્યવસ્થા કરવી જોઈએ જેથી તેમને સુંદર આરાધના કરાવી શકાય. જો તેઓ પણ તે જવાબદારીમાંથી છટકવા માંગતા હોય તો ભલે તેમ કરે....

પણ તેઓ આટલું નિશ્ચિત સમજી રાખે કે તેમને જે આશ્રમોમાં ખસેડવામાં આવશે ત્યાં એમને આરાધના કરવાનું કે મરણ વખતે સમાધિ પામવાનું કામ અત્યંત મુશ્કેલ હશે.

આ વાત હું આશ્રમોમાં ફરીને; ત્યાંની પરિસ્થિતિનું દર્શન કરીને જણાવું છું. એને કોઈ કલ્પનામાત્ર સમજશો નહિ.

આશ્રમોમાં પગારદાર નોકરો રાખવામાં આવે છે. આ નોકરોના હૈયે કોઈ એવી વિશિષ્ટ કરુણા કે ભક્તિ હોતી નથી. વળી જે હંમેશની વસ્તુ બને તેમાં સદ્ભાવ જળવાઈ રહે તે પણ ખૂબ મુશ્કેલ છે. તેમાંય આ આશ્રમના રહેવાસીઓ તો માંદા, રોગિષ્ટ, પરાધીન, સ્વભાવે પણ વિચિત્ર વગેરે પ્રકૃતિથી દયાર્ત્ત હોય; એમને સાચવવા એ તો ખરેખર આસમાનના તારા તોડવા કરતાં ય વધુ કઠિન સાધના છે.

હા....વિશિષ્ટ ધર્મપરિણતિવાળા સુખી અને ખૂબ ઉદાર ધર્માત્માઓ આ સ્થાનોમાં જાતે સેવાભક્તિ કરવા ગોઠવાય તો જુદી વાત. પણ તે કદી બનવાનું નથી.

આ સ્થિતિમાં રિબાઈ રિબાઈને મોત – આજની ઘણીખરી પાંજરાપોળોમાં થતાં ઢોરોના મોત જેવું મોત– થવાનું સુસંભવિત છે. માટે જ આ પ્રશ્નને ગંભીરપણે વિચારવાનું ખૂબ જરૂરી છે.

શાસ્ત્રપાઠ

છત્રીસ ગુણોથી યુક્ત હોય, વ્યવહાર–કુશળ હોય, તેવા આચાર્ય–પદધારીએ પણ અન્ય ગીતાર્થની પાસે પોતાની પાપશુદ્ધિ અવશ્ય કરવી જોઈએ.

અત્યંત કુશળ એવો પણ વૈદ્ય પોતાનો વ્યાધિ અન્ય વૈદ્યને કહે છે અને તે વૈદ્ય તેની ચિકિત્સા કરે છે તેમ.

આ રીતે સ્વયં પ્રાયશ્ચિત્ત–વિધિ જાણતા હોય તો પણ તેણે અન્ય ગીતાર્થની પાસે પ્રાયશ્ચિત્ત લેવું જોઈએ.

ગુરુ પાસે જઈને; વિનયપૂર્વક હાથ જોડીને; સંપૂર્ણ રીતે સઘળાએ પોતાની શુદ્ધિ કરવી એવો તીર્થંકર દેવનો ઉપદેશ છે.

તેમના શાસનમાં સ્પષ્ટ કહ્યું છે કે પાપના શલ્ય-વાળો આત્મા કદી શુદ્ધ થતો નથી. જ્યારે સર્વ શલ્યોનો ઉદ્ધાર કરનાર આત્મા સર્વ ક્લેશમુક્ત થઈ ને શુદ્ધ થાય છે.

એકાએક, અજ્ઞાનતાથી, ભયથી, કોઈના દબાણથી, કુટેવને કારણે, સંકટને લીધે, રાગ–દ્વેષથી મૂઢ બની જઈ ને જે કાંઈ પણ અકાર્ય સેવાઈ ગયું હોય તેને ખૂબ જ સરળતાથી, માયા–મદથી પર બનીને આલોચવું જોઈએ.

તેનું જે પ્રાયશ્ચિત્ત માર્ગના જાણકાર ગુરુ આપે તે તેણે ફરી પાપનો પ્રસંગ થઈ જાય તેવા ભયથી, જાગ્રત રહીને વહન કરવું.

જગતમાં એવું ભયંકર સંકટ લાવી મૂકવાની તાકાત ધરાવતું કોઈ શસ્ત્ર નથી; કોઈ ખોટી રીતે પણ દોરાએલા એવું કોઈ ભૂત નથી. એવું કોઈ શસ્ત્ર નથી; ક્રોધાન્ધ બનેલો સાપ પણ. એવી ભયાનક આપત્તિ ખેંચી લાવે છે; – પંડિતમરણના સમયોમાં જ – આત્મામાંથી નહિ ઉદ્ધારેલાં પાપ–શલ્યો.

હા ! તેઓ આત્માને દુર્લભ–બોધિ બનાવે છે; અને અનંતસંસારી બનાવે છે.

—ઓઘનિર્યુક્તિ શ્લોક નં. ૭૯૪ થી ૮૦૪

સાર : જરા પણ લજ્જિત થયા વિના સુયોગ્ય, ગંભીર, ગીતાર્થ અને સંવિગ્ન એવા મહાત્મા પાસે પાપશુદ્ધિ વહેલામાં વહેલી તકે કરી લેવી જોઈએ.

આવી શુદ્ધિ કરનાર આત્માને મહાનિશીથ ગ્રંથમાં 'મહાત્મા' 'ભાગ્યવાન્' વગેરે શબ્દોથી સન્માન્યો છે. પાપ તો ઘણા ય કરતા હશે; પણ સંપૂર્ણ શુદ્ધિ તો કોક જ લઘુકર્મી આત્મા કરી શકે છે.

અનાદિકાળની વાસનાઓ પાપ કરાવી નાખે તેમાં નવાઈ નથી. તેની નિર્માયાવીભાવે શુદ્ધિ કરવી તે જ નવાઈ છે.

જેમને એવા પાપશુદ્ધિકારક ગુરુ મળ્યા છે તે આત્માઓ અત્યંત વધુ ધન્યવાદને પાત્ર છે. જેઓ તેમની પાસે બાળકની જેમ બધું જ નિવેદન કરી શકે છે.

હાર્દિક અનુમોદન

(૧૩) એક મુનિવરને વિહારમાં કામળીનો કાળ થતાં પૂર્વે જ વસતિમાં પ્રવેશ કરી દેવાનો નિયમ હતો. એક વખત તેમણે એકાશન કરીને ધૂમ તાપમાં બાર વાગે વિહાર શરૂ કરી દીધો. સાંજ થતાં કામળીનો કાળ

થવાને હવે દસ જ મિનિટની વાર હતી. તેમણે ભારે સ્ફૂર્તિ કરી અને તેની એક જ મિનિટ પૂર્વે વસતિમાં પ્રવેશ કરી દીધો. પ્રતિજ્ઞા-પાલન કર્યાનો તેમનાં મોં ઉપર અપાર આનંદ ઊભરાતો હતો.

(૧) તાજેતરમાં એક આચાર્ય-ભગવંતે વર્ધમાન તપની બીજી વખત સો ઓળી પૂર્ણ કરીને પારણું કર્યું.

(૨) એક શ્રમણોપાસકે આજીવન આંબિલ કરવાની પ્રતિજ્ઞા લઈને વર્ધમાન-તપના આંબિલ શરૂ કર્યા. એક પણ ઓળીનું પારણું કર્યા વિના એક સો ઓળી પૂર્ણ કરીને આગળ વધી રહ્યા. તેમણે ઘણીખરી ઓળીઓ ઠામ ચોવિહાર, અલૂણી અને એક કે બે જ દ્રવ્યથી પૂરી કરી છે.

(૩) એક ભાઈએ ધર્મપત્નીની પ્રેરણાથી સ્વ દ્રવ્યે જિનાલયનું નિર્માણ કર્યું છે; જેમાં લગભગ ત્રીસ લાખ રૂ.નો વ્યય થઈ ચૂક્યો છે. હજી કામ ચાલુ છે. પોતાના ભંડારની આવક તેઓ બહાર આપે છે પણ પોતાના આ જિનાલયમાં વાપરતા નથી.

પાઠ : ૨

जाए सद्धाए निक्खंतो

મથાળે મૂકયું છે; તે છે આગમવચન. ભારે ઉલ્લાસથી સંયમના માર્ગે ડગ માંડતા આત્માને માતાની જેમ શાસ્ત્રજ્ઞો આ આશીવર્ચન ઉચ્ચારે છે કે, 'હે આત્મન્! જે ઝળહળતા ઉલ્લાસ સાથે, જે થનગનતી આત્કલ્યાણની શ્રદ્ધા સાથે તેં તારા મહાભિનિષ્ક્રમણના દિને મોક્ષપથ ઉપર ડગ માંડયો છે તે ઉલ્લાસ અને તે શ્રદ્ધાને સદા તારી સાથે રાખજે. એનું પાલન, પોષણ અને સંવર્ધન કરજે.—જાએ સદ્ધાએ નિક્ખંતો તામેવાણુપાલેજ્જા.

સાચે જ; કેવો હતો એ આપણો મહાભિનિષ્ક્રમણનો દિન ! કેટલી મુસીબતોમાંથી નીકળીને; કેટલી અગન-પરીક્ષાઓમાંથી પસાર થઇને, કેટલા સ્નેહીજનોના મોહનાં આવરણો તોડીને આ મહામૂલી – દેવોને અને દેવેન્દ્રોને ય અલભ્ય – પ્રવ્રજ્યા આપણે મેળવી હતી !

નાણની ચોફેર ગોઠવાએલા જેવા ઝળહળતા હતા; પાંચ દીવડાઓ; એવો ઝળહળતો ઊછળતો હતો; ઉલ્લાસનો સાગર; આપણા અંતરપટમાં. હવે મુનિ–જીવનના કાંટાળા

પંથે સફળતા મેળવવી હોય તો શાસ્ત્રજ્ઞ માતાઓ કહે કે, "તું તે ઉલ્લાસનું જતન કર." એ ઉલ્લાસ કે એ આત્મકલ્યાણની શ્રદ્ધા તને બધા જ બળ પૂરા પાડશે. કોઇનાં વ્યંગભર્યાં વાગ્બાણો સામે એ કવચ બનશે; કોઈની હેરાનગતિ સામે તારું રક્ષણ કરશે; આરોગ્ય તૂટી પડતાં તારા ચિત્તને એ હામ આપશે. અને ઉપકારી-જન–ગુરુજનનો વિરહ થતાં તને જીવવાનું બળ આપશે.

શ્રદ્ધા કે ઉલ્લાસ જ આપણા જીવનના ત્રાણ અને પ્રાણ છે. શ્વાસ અને ઉચ્છ્વાસ છે.

જોરથી વીંઝાતો પવન એકાએક પડી જાય તેમ જેમના જીવનમાંથી ઉલ્લાસ ખતમ થઇ જાય છે તેમનું મુનિજીવન નિષ્પ્રાણ કલેવર બની જાય છે.

આથી જ, ગમે તે ભોગે–જે કાંઈ ખોવું પડે તે બધું કરી લઈને એ પ્રથમ દિનના 'ઉલ્લાસ'ને સદા ટકાવી રાખવો જોઈએ.

જેમ વધુ પ્રતિકૂળતા તેમ વધુ ઉલ્લાસ.

જેમ વધુ પાપોદયે દુઃખનાં આગમન તેમ તે ઉલ્લાસના દીપમાં વધુ જોરદાર ઉછાળા.

લીધું જ છે સંયમ; તો હવે પાળી જ જાણીએ.

યુદ્ધના મેદાનમાંથી પીછેહઠ કેવી ? એ તો કાયરનું કામ છે. મહોપાધ્યાયજીએ વૈરાગ્ય કલ્પલતામાં પ્રેરણા દેતાં કહ્યું છે કે, "હે સંયમધર આત્મન્! યાદ રાખ કે

તારા જન્મદિને-પ્રથમ દિવસે-તું સિંહની જેમ ગર્જના કરતો સંસારની બોડમાંથી બહાર નીકળ્યો હતો. હવે મનથી કલ્પીને મેરૂ જેવા બનાવી દીધેલાં અણુ-દુઃખો સામે રાંકડો શિયાળ કાં બને? આમાં તારી શી શોભા છે?"

સિંહ મટીને શિયાળ થવું? ના....શું કરવું? બસ....તે માટે જન્મદિનના ઉલ્લાસને સદા જીવંત રાખવો.

આટલું ધ્યાનમાં લેવા જેવું

(૫) સવારે પોરસી ભણાવવાના કામ અંગે :

સવારે પાતરા વગેરેનું પડિલેહણ કરતાં પહેલાં પોરસી ભણાવવાની હોય છે. જે કાળમાં જેટલા કલાકનો એક પ્રહર થતો હોય [ધારો કે બાર કલાકનો દિવસ છે તો એક પહોર પૂરા ત્રણ કલાકનો થાય.] તેના પોણા ભાગે [ત્રણ કલાકનો પહોર હોય તો તેનો પોણો ભાગ સવા બે કલાક થાય.] પોરસી ભણાવવાની હોય. દરેક ઋતુમાં પહોરના કલાક ઓછા-વત્તા થતા હોવાથી પોરસી ભણાવવાનો સમય પણ વધ-ઘટ પામ્યા કરે.

ઉપર મુજબ જે કાળે જે ચોક્કસ સમયે પોરસી ભણાવવાની થતી હોય તે કાળે તે ચોક્કસ સમયે જ

પોરસી ભણાવવી જોઈએ. તેમાં જેટલું મોડું થતું જાય તેટલું તેનું પ્રાયશ્ચિત્ત વધતું જાય. કેટલાક સંયમધરો આ બાબતમાં વિશેષ પ્રમાદ સેવતા જોવા મળે છે. ધારો કે પોણા નવે પોરસી ભણાવવાની હોય તો દસ વાગે, સાડા દસ વાગે, કે અગિયાર વાગે પણ ભણાવાતી હોય.

કોઈ ખાસ કારણ વિના આમ કરી શકાય નહિ.

હજી ક્યારેક ખાસ કારણે પાંચ-સાત મિનિટ વહેલી પોરસી ભણાવી શકાય પણ મોડી ભણાવવા તરફનું વલણ તો બને ત્યાં સુધી ન જ રાખવું જોઈએ.

(૬) ચોમાસું બેસતાં પહેલાંની જયણા અંગે :

ચાતુર્માસ બેસતાં પહેલાં-વરસાદ શરૂ થતા પૂર્વે જ રેકઝીન વગેરે જાતના કેટલાક કવરો ઉપર; [કાગળ કાઢીને] ઉપર ચૂનો ફેરવી દેવાનું ખૂબ જરૂરી છે. દાંડા ઉપર પણ ચૂનો ઘસો દેવો જોઈએ. જો તેમ ન કરવામાં આવે તો પાણી કે ભેજ લાગી જતાં તે વસ્તુઓ ઉપર ફુગ વળી જાય છે. આથી તે પુસ્તકો વગેરે ઉપયોગમાં લઈ શકાય નહિ. તે ચીજોને એવા કોઈ છત વગેરે ઉપર દિવસો સુધી – ક્યારેક મહિનાઓ સુધી પણ – મૂકી દેવી પડે છે.

આવી વિરાધના ન થવા દેવા માટે પહેલેથી જયણાનું ભારેમાં ભારે ચીવટપૂર્વકનું લક્ષ રાખવું જોઈએ.

આ જ રીતે ચાલુ ઉપયોગમાં ન લેવાના – વહોરી લીધેલા ઘડાઓનાં મોં – ઘડા પૂંજી લીધા બાદ – નાના કટકાઓથી બાંધી દેવા જોઈએ. આથી તેની અંદર બાવા વગેરે થતાં સંભવિત વિરાધનાઓ થવા પામે નહિ.

જયણા આપણું જીવન છે; જીવમાત્ર પ્રત્યેની કરૂણા એ આપણો ભાવ. સંયમના જીવનના પ્રત્યેક શ્વાસે શ્વાસે ધબકાર છે. 'શિવમસ્તુ સર્વજગતઃ' એ માત્ર બોલવાની વસ્તુ નથી. જેને શિવપદ પામવું છે તે સંસારત્યાગીએ તો સક્રિય રીતે જીવમાત્રના શિવનું આરાધન કરવાનું છે.

(૭) કામળીમાં કપડો નાખવા અંગે :

કાળના સમયમાં બહાર જવું પડે ત્યારે કામળી ઓઢવાની વિધિ છે. પણ આ ઉનની કામળીની અંદર સૂતરનો તેટલો જ મોટો કપડો નાંખવો એકદમ અનિવાર્ય છે. કામળા ઓઢતાં બે વાત ખ્યાલમાં રાખવી જોઈએ. (૧) કામળી આખી ખોલીને શરીરને વધુમાં વધુ તેનાથી ઢાંકીને ઓઢવી. કામળીનાં બે કે ચાર પડ કરીને તેને માત્ર માથા ઉપર નાંખી દેવી તે ઉચિત નથી. (૨) ઓઢેલી કામળીની અંદર સુતરનો કપડો જોડવો. વળી ઉતાર્યા બાદ તેને દસેક મિનિટ સુધી તો ન જ સંકેલવી; પણ સાવ ખુલ્લી મૂકી દેવી.

આ બે ય બાબત કામળીના કાળમાં બહાર નીકળતી વખતે અમલમાં મૂકવાની છે તેમ ઉઝઈની વિરાધનાની શક્યતા વખતે પણ અમલી બનાવવાની છે.

(૮) ફળો વહોરતી વખતે :

નિષ્કારણ તો ફળ વહોરાય નહિ. નહિ તો ફળના પ્રત્યેક કોળીએ ઉત્સર્ગ માર્ગે એકેકા ઉપવાસનો દંડ જણાવવામાં આવ્યો છે. પણ ગીતાર્થ ગુરુદેવની સંમતિપૂર્વક સકારણ કોઈ ફળ વહોરવું પડે ત્યારે ખાસ ધ્યાનમાં રાખવું કે તે ફળ ફ્રીઝમાં મૂકવામાં આવેલું ન હતું ને ?

પ્રશ્નોત્તરી

સવાલ (૩) સાધુ–સાધ્વીઓએ શાસ્ત્રનો અને અંગ્રેજી આદિ ભાષાઓ વગેરેનો ઠોસ અભ્યાસ કરીને તેજસ્વી વક્તૃત્વશક્તિ પ્રાપ્ત કરીને ભારતભરમાં ધર્મનો પ્રચાર કરવાની શું જરૂર લાગતી નથી ?

જવાબ : જો પાયામાં જિનાજ્ઞાપાલન અને પક્ષ–જનિત શુદ્ધિનું તત્ત્વ નહિ હોય તો આ બધો અભ્યાસ સાપને દૂધ પાવા જેવો ઝેરી સાબિત થઈ રહેશે. આથી જ સંસારત્યાગીએ વિદ્વાન થઈને પ્રચારક બનવાનું નથી પણ સંયમી બનીને પ્રભાવક થવાનું છે.

ત્યાગી આત્મા સૌ પ્રથમ સંયમી હોવો જ જોઈએ. તે પછી–તેની સાથોસાથ તે વિદ્વાન પણ બને તો તેનો વાંધો નહિ. પરંતુ કોરી વિદ્વત્તા તો ગગનમાંથી પડતી ભયાનક વીજળી જેવી છે કે જે અનેકોનું સત્યાનાશ કાઢી નાંખે છે.

વળી હાલનો પ્રચારનો વાયરો જ એવો છે કે તેમાં ઝડપાએલો આત્મા વિશુદ્ધિના જીવનની ધરતી ઉપર પ્રાયઃ ટકી શકતો નથી. આથી જ આજે તો ખૂબ જરૂર છે; સાચા સંયમધરોની કે જેમનો પ્રભાવ જ જગતના જીવોના હિતમાં ઝડપભેર પરિણમવા લાગે.

વિદ્વત્તાને પ્રથમ નંબર આપવાની વૃત્તિ ધરાવતા ધર્મપ્રચારકોએ સ્વ–પરને જે કાંઈ લાભ કર્યો હશે તેના કરતાં તેમણે નુકસાન વધુ કર્યું છે એમ લાગે છે. એમના અંતરમાં ઊંડે ઊંડે પડેલી સંયમધર્મની ઉપેક્ષારૂપ અવિધિ એમના કોઈ પ્રચારના મિશનને સફળ થવા દેતી નથી; એટલું જ નહિ પણ એ મિશનમાં વ્યાપતા સંઘર્ષો વગેરેથી સમગ્ર વાયુમંડળમાં અનેક અનિષ્ટો ઝપાટાબંધ ઊભરાઈ જતાં જોવા મળે છે.

પ્રચારના કાર્યમાં દેખાતા ઘણા 'પ્લસ' (ફાયદા)ની સાથે છુપાએલા પુષ્કળ 'માઈનસ' (ગેરફાયદા) જો નજરે લાવવામાં આવે તો પ્રચારની આ ધૂન કબરનશીન કરી દેવાનું દિલ દરેક ધર્મપ્રેમીને થઈ આવે.

એના કરતાં તો પ્રભાવક વાયુમંડળની સહજ

જમાવટ – ધીમી તો ય – સારી, કે જેમાં 'પ્લસ' ભલે થોડા જ (ફાયદા) છે પણ 'માઈનસ' (ગેરફાયદો)–એકે ય નથી.

સવાલ (૪) સાધ્વીગણ પ્રત્યે જૈન સંઘ કાંઈક વધુ ઉપેક્ષાવૃત્તિ રાખે છે તેમ આપને લાગતું નથી ?

જવાબ : હા....એવું જરૂર કહી શકાય ખરું. જો કે એ ઉપેક્ષાથી આવી પડતી પ્રતિકૂળતાઓનું જીવન એ તો તે સાધ્વીજી માટે આત્મકલ્યાણમાં અત્યંત ઉપકારક બની રહે તેમ છે. જો કે સાધુઓ તરફ ઢળતી વિશેષ ભક્તિ કે સગવડો તેમનામાંના કેટલાકનું પતન જે રીતે અત્યંત સંભવિત બનાવી મૂકે છે તે દુઃખદ બીના સાધ્વીગણને જોવાની રહેતી નથી, તો પણ જૈન સંઘનો શ્રાવકગણ ઉપેક્ષા દાખવવાને કારણે ઓછો ઠપકા–પાત્ર તો નથી જ.

બેશક આનાં અવળાં અર્થઘટનો કરીને સાધ્વીજી-ઓના સંઘને જમાનાવાદના વાતા વાયરામાં ગોઠવી દેવાની વાત કોઈ 'સુધારક' કરી દે તે સંભવિત છે, પરંતુ આપણે તેવી વાતો કરવી નથી. માત્ર સાધ્વીગણના સંયમી જીવનના આરોગ્ય, સ્વાધ્યાય, વિહાર અને શાસ્ત્રોક્ત પદ્ધતિના વિકાસ માટે જૈન સંઘે ગંભીર બનીને જાગ્રત થવું જોઈએ એટલું જ અહીં જણાવવું પર્યાપ્ત લાગે છે.

આ ઉપેક્ષામાંથી જ સાધ્વીઓના ચિત્તતંત્રમાં કેટલાક એવા વિક્ષોભ પેદા થાય છે કે જે તેમના સંયમ-

જીવનને પણ કોઈ કાળી પળોમાં જોખમી બનાવે છે. એવા કોઈ આર્ત્તધ્યાનમાં તે આત્માઓ આવી જાય તે અત્યંત સંભવિત છે.

જે જૈન સંઘે પોતાના જ ઘરની મા-દીકરીઓને દીક્ષા દઈ જાણી છે તો તેણે પળાવી જાણવી જોઈએ જ. દીક્ષા દઈને તે જવાબદારીમાંથી છૂટકારાનો દમ ખેંચી લે તો તે અત્યંત વખોડવાલાયક વૃત્તિ ગણાય.

શાસ્ત્રપાઠ

[ઉપદેશમાળા]

જે સાધુ ગૃહસ્થને જ્યોતિષના સંબંધમાં કુંડલી જોઇ આપીને ફળાદેશ કહે છે. નિમિત્ત વગેરે જણાવે છે કે દોરા-ધાગા કરી આપે છે; અથવા તેની અનુમોદના જ કરે છે તેનો સઘળો કરેલો તપ નિષ્ફળ બની જાય છે.

આ રીતે સાધુ જો ગૃહસ્થોનો વધુ ને વધુ સંપર્ક કરે તો તેની આ પ્રવૃત્તિઓ વખતોવખત વધતી રહે છે. છેવટે પોતે તેમાંથી છૂટવા માંગે તો પણ નીકળી શકે નહિ તેવી ભયંકર લતમાં તે આવી જાય છે.

ચક્રવર્તીને છ ખંડના સામ્રાજ્યનો ત્યાગ કરી દેવો તે સહેલ છે, પણ પ્રમાદના દોષોમાં ફસાએલા, તેની

લતે ચડેલા સંસારત્યાગીને તે દોષોનો ત્યાગ કરવો એ વધુ મુશ્કેલ બની જાય છે.

જે ત્યાગીઓ પિંડવિશુદ્ધિ, પ્રતિલેખના વગેરે ઉત્તરગુણોનો ત્યાગ કરે છે કે તેમાં શિથિલ બને છે તેઓ બહુ ટૂંકા સમયમાં મૂળગુણો–મહાવ્રતો–ને પણ ખોઈ બેસે છે; અથવા તેમાં શિથિલ બની જાય છે.

આથી જ આરાધકભાવવાળા ત્યાગીઓએ બધા પ્રમાદનો ત્યાગ કરીને ૨૨ પરીષહો વગેરે સહન કરવા રૂપે અપ્રમત્તભાવ કેળવવો જોઈએ.

શૂરવીર આત્માઓ લીધેલા વ્રતને દૃઢતાપૂર્વક પાળતા હોય છે.

જ્યારે કેટલાક ગૃહસ્થો પોતાનાં વ્રતોમાં દૃઢતા રાખતા જોવા મળે છે ત્યારે સંસારત્યાગીઓએ તો વ્રત-પાલનમાં કેટલી બધી દૃઢતા રાખવી જોઈએ?

શ્લોક ૧૧૫ થી ૧૨૦નો ભાવાનુવાદ

હાર્દિક અનુમોદન

(૪) થોડા જ દિવસો પૂર્વે મુંબઈમાં એક મકાનનો પાછલો ભાગ એકાએક તૂટી પડયો. તે મકાનમાં એક જૈન ભાઈ તે વખતે સામાયિક કરતા હતા. પારવાને બે જ

મિનિટની વાર હતી ત્યારે સંડાસ જવાની તીવ્ર શંકા થઈ પણ વહેલું સામાયિક નહિ પાળવાના દૃઢસંકલ્પથી તેમણે બે મિનિટ સામાયિકમાં જ પસાર કરી. અને...તે જ બે મિનિટમાં તે મકાનનો પાછલો ભાગ – જેમાં સંડાસ હતું તે–તૂટી પડયો. પેલા ભાઈ આબાદ ઊગરી ગયા! તેમની વ્રતપાલનની નિષ્ઠાનું હાર્દિક અનુમોદન. (કેવો સાક્ષાત્ જોવા મળે છે; ધર્મનો પ્રભાવ!)

(૫) થોડાક મહિનાઓ પૂર્વે એક એમ. કોમ. થએલા વીરસૈનિકે અમદાવાદમાં પોતાના લગ્નસમારંભમાં અભક્ષ્ય, અપેયનો; જમાનાવાદી, તમામ રીતોનો બહિષ્કાર કરવાપૂર્વક લગ્નવિધિ કરી. તેનો પ્રભાવ બીજા ચાર જૈન ગ્રેજ્યુએટોના આવી રહેલા લગ્નો ઉપર પડયો છે. તેમણે પણ તે તત્ત્વોના બહિષ્કારપૂર્વક જ લગ્નવિધિ કરવાનું નક્કી કર્યું છે.

(૫અ) મહારાષ્ટ્રમાં એક આચાર્ય ભગવંતને વેગથી ધસી આવતી ટેકસીએ અડફેટમાં લીધા. જોરદાર ધક્કો લાગવાથી પૂજ્યશ્રી સોળ ફૂટ દૂર ફેંકાઈને પછડાયા. પગમાં ફ્રેકચર થઈ ગયું. મારની અસહ્ય વેદનામાં પણ તેઓશ્રીએ સ્વશિષ્યોને કહ્યું, "પેલા ડ્રાઇવરને કશું જ કરતા નહિ. એ બિચારો તદ્દન નિર્દોષ છે. મારું સહુને મિચ્છામિ દુક્કડમ્" ધન્ય છે; એ મહાકરૂણાને?

(૬) એક મહાત્માએ આધુનિક જૈન નાટકની જોરદાર તરફેણ કરી હતી. પરંતુ તેમના કાળધર્મના નજીકના જ દિવસોમાં તેમણે પોતાની એ ભૂલનો નિકટવર્તી

મુનિઓ પાસે હાર્દિક એકરાર કર્યો હતો. ધન્ય છે તેમની સરળતાને ! પાપભીરુતાને !

(૭) તાજેતરમાં કાળધર્મ પામેલા એક મહાત્મા આરોગ્યના કારણે, નિશ્ચિત થયેલા સ્થળે ચાતુર્માસ કરવા જઈ ન શક્યા; ડોળીમાં બેસીને જઈ શકાતું હતું પણ તેમને તે મંજૂર ન હતું.

પણ અન્ય સ્થળે ચાતુર્માસ કરવાની અવિધિ તેમના હૈયાને સાલતી હતી. તેથી જ જાણે કે ચોમાસી પ્રતિક્રમણ પૂર્વે તે સ્થળને ય તે કૃપાલુએ છોડી દીધું ! ધન્ય છે; તેમની સંયમ-કટ્ટરતાને.

પાઠ : ૩

આણાએ ચ્ચિય ચરણં

'આણાએ ચ્ચિય ચરણં, તબ્ભંગે કિં ન ભગ્ગન્તુ.' આ છે; શાસ્ત્રકાર પરમર્ષિઓની સિંહગર્જના જેવું વાક્ય : ચારિત્ર્ય તો જિનાજ્ઞાના પાલનમાં જ છે, તેને ભાંગ્યા પછી ચારિત્ર્ય-જીવનનું કયું અંગ ભાંગી પડતું નથી ? પછી શું જીવતું બાકી રહી જતું હશે ?

ચારિત્ર્યજીવનનો પ્રાણ છે આજ્ઞાપાલન. જ્યારે પણ તે મુશ્કેલીમાં મુકાય ત્યારે તેનો પ્રાણ (રક્ષક) છે; આજ્ઞા-પક્ષ.

શક્ય હોય ત્યાં સુધી તો આજ્ઞાપાલન જ આવશ્યક; પણ અશક્ય કે દુઃશક્ય વિષયમાં ય આજ્ઞાનો કટ્ટર પક્ષ તો હોવો જ જોઈએ.

જે સાધુના આ પાલન અને પક્ષ બે ય ગયા એ સાધુ પાસે હજારો આત્માઓની દોડાદોડી જોવા મળતી હોય તો માનજો કે એ સાધુના ચારિત્ર્ય-પ્રાણ ચાલ્યા ગયા પછી નીકળતી તેની સ્મશાનયાત્રામાં જોડાવા માટે જ તે હજારો લોકોની દોડાદોડી થઈ રહી છે !

વર્તમાનકાળમાં ચારિત્ર્યનું ગ્રહણ ખૂબ સુલભપ્રાયઃ થયું હોય તેમ જોવા મળે છે અને તેથી કદાચ આનંદ પણ થાય; પરંતુ તેની સાથે જ અત્યંત આઘાત સાથે એક નોંધ લેવા જેવી છે કે જેમ જેમ ગ્રહણ સુલભ થતું જાય છે તેમ તેમ પાલન દુર્લભ થતું જાય છે. અને પક્ષના તો ફુરચા જ ઊડી રહ્યા છે.

અચ્છામાં અચ્છા ખાનદાન કુળના ગણાતા કેટલાક આત્માઓ–સાધુ કે સાધ્વીજી–ની આ દશા જોતાં અત્યંત બેચેન બની જવાય છે.

આવું થવામાં સૌથી મુખ્ય કારણ દીક્ષા લેવાની અપાત્રતા અથવા અપરિપકવતા છે.

બીજા નંબરમાં શસ્ત્રોક્ત ગુરુકુલવાસનો સરીઆમ અભાવ છે.

ત્રીજા નંબરમાં ગુરુવર્ગમાં ઠસોઠસ ભરેલો લોકહેરી, જમાનાવાદ, નિશ્ચય દૃષ્ટિના શૂન્યાવકાશ સાથે વ્યવહાર-ધર્મનો અતિરેક કારણ છે અને છેલ્લે સગવડોનું તીવ્ર અર્થીપણું અહીં મોટો ભાગ ભજવી જાય છે.

જે ત્યાગીઓના વર્તુળમાં આ ચારે ય દોષો માઝા મૂકીને વ્યાપતા હશે તે વર્તુળના ત્યાગીઓના ચારિત્ર્ય-જીવનનું – આજ્ઞાપાલન અને આજ્ઞાપક્ષનું – ગળું ઘોંટાઈ જાય તેમાં શી નવાઈ?

પણ સબૂર! વાયુમંડળને દોષિત ઠરાવવાથી નિર્દોષ સાબિત થઈ શકાય તેમ નથી. ત્યાગી આત્માએ તો

બીજાઓની સામે જોયા વિના સ્વાત્મકલ્યાણનો ભેખ લેવાનો છે. આ તો એનો પ્રવ્રજ્યા પૂર્વેનો ભીષ્મસંકલ્પ છે કે, "બીજાઓના દોષોના ચેપમાં જરાય ફસડાયા વિના હું મારું આત્મકલ્યાણ આરાધવામાં એકાકાર બનીને રહીશ." આ જ તો તેના જ્ઞાનગર્ભિત વિરાગનું મુખ્ય લક્ષણ છે.

હવે એ આત્મા શી રીતે વાયુની અસરમાં ઝડપાઈ જઈને; દોષનો ટોપલો તેની ઉપર ઓઢાડી દઈને નિર્દોષ છૂટી શકશે ?

ઓ; ત્યાગી આત્મન્ ! આવી દલીલબાજી કે આક્ષેપબાજી કર મા ! એ તો તારું આપઘાતી વલણ છે. તું જ તારો વધસ્તંભ કાં ઊભો કરે !

ઊઠ, ઊભો થા.... આજથી નવેસરથી આરાધનાના માર્ગે અપ્રમત્ત થા.... ચાલ ઊઠ; તારી પાછળ અનંત પરમેષ્ઠી ભગવંતોનું અખૂટ બળ સહાય કરવા ક્યારનું સજ્જ બનીને ખડું છે !

આટલું ધ્યાનમાં લેવા જેવું

(૯) કાપ અંગે :

૧. સામાન્યતઃ જલદી જલદી કાપ કાઢવો ન જોઈએ. છેવટે ઓછામાં ઓછા ૧૫ દિવસે કાપ કઢાય તે ખૂબ જરૂરી છે

૨. કાપ કાઢવાની શરૂઆત કરતાં પહેલાં બધાં કપડાંનું દૃષ્ટિપ્રતિલેખન કરી લેવું જોઈએ.

૩. તે જગા ઉપર કાજો લેવો જોઈએ.

૪. ડોલ, પરાત, તપેલી વગેરે તમામ ઉપયોગમાં લેવાની વસ્તુઓનું કાળજીપૂર્વક પ્રમાર્જન કરવું જોઈએ.

૫. તે જગા ઉપર ચૂનો કે રાખ લાવીને રાખવી જોઈએ; જેથી કદાચ માખી પાણી વગેરેમાં એકાએક પડી જાય તો તેની આજુબાજુ તે વસ્તુ પાથરીને તેને બચાવી શકાય.

૬. કાપ એવો ન કાઢવો જેથી ‘ વિભૂષા ’ની વૃત્તિને પોષણ મળે.

૭. વડીલોની વસ્તુ કાપમાં લીધી હોય તો તેને પ્રથમ લેવી.

૮. દોરી પહેલેથી બાંધવી અને સંધ્યા થતાં પહેલાં અચૂક છોડી લેવી.

૯. પવનથી કપડાં એકદમ ઊડતાં રહે તે રીતે ન સૂકવવાં, વસ્ત્રો તડકે ન સૂકવવાં. [‘જૂ’ની વિરાધનાની તેમાં શકયતા છે.]

૧૦. દર ૪૮ મિનિટ પૂર્વે જમીન ઉપર બધે પોતું ફેરવી દેવું અન્યથા તે એંઠા પાણીમાં સંમૂર્ચ્છિમ જીવો ઉત્પન્ન થાય.

૧૧. બને તો એક જ બેઠકે કાપ પૂરો કાઢવો.

૧૨. કાપ કાઢતાં મૌન રહેવું અને કાપમાં જ ઉપયોગ રાખવો.

૧૩. કાપના ચાલુ પાણીના હાથથી બાજુ ઉપર મૂકેલું ચોખ્ખું પાણી ન લેવું. જો હાથ તે પાણીને અડી જાય તો તે પાણીને પણ બે ઘડી પૂર્વે વાપરી નાંખવું પડે.

૧૪. વધુ ફીણ બનાવવું નહિ. કદાચ મેલાં પાણીની ડોલમાં ફીણ વધી પડે તો તે ડોલ પરઠવતા પૂર્વે ફીણ ઉપર થોડોક ચૂનો ભભરાવી દેવો.

૧૫. પાણી લાવવાનો ઘડો ખૂબ દૂર રાખવો જેથી તેની ઉપર ચાલુ કાપના વપરાશમાં આવેલા પાણીના છાંટા ન પડે.

૧૬. પાણી ખૂબ જ કરકસરથી વાપરો, પણ તે સાથે સાબુવાળાં કપડાં રહી ન જાય તેની કાળજી પણ રાખો.

૧૭. પરાતો પછડાવી વગેરે અવાજ બનતાં સુધી ન થવા દો.

૧૮. તમામ વાસણો ઢાંકેલાં જ રાખો. ખુલ્લાં રહેશે તો ફીણ વગેરેમાં માખી પડશે.

૧૯. ચૂનાના વધેલા પાણીથી કાપ કાઢવામાં અરુચિ ન દાખવો. તે જ દિવસના ગરમ પાણીમાં જ કાપ કાઢવાનો નિષ્કારણ આગ્રહ ઉચિત ન ગણાય.

૨૦. જમીન લૂછતી વખતે જીવ–વિરાધના ન થઈ જાય, તેની ભારે કાળજી રાખો.

૨૧. નજીકની મોરી વગેરેમાં પાણી વહ્યું ન જાય તે માટે પરાતમાંથી પાણી ઉછળવા ન દો; અને વારંવાર જમીન લૂછવાની કાળજી કરો.

૨૨. વડીલોને કપડાં સૂકવવા ન આપો; કે કાપ અંગેનું કોઈ પણ કામ ન સોંપો.

૨૩. કાપ કાઢી લીધા પછી ડોલ, પરત વગેરે તમામ લૂછીને મૂકો; નહિ તો તેને નીતરતાં જે ત્યાં ટપકાંરૂપે પાણી પડશે તે બે ઘડીમાં નહિ સુકાય તો તેમાં જીવો-ત્પત્તિની શકયતા રહેશે.

૨૪. પરાતોને સાબુ વગેરેથી સાફ ધોઈને મૂકવી, જેથી પાણી ઠારવાના ઉપયોગમાં પણ લઈ શકાય.

૨૫. લૂછણિયું બે ઘડીમાં સુકાઈ જ જાય તે રીતે સૂકવવા મૂકી દેવું.

૨૬. કાપ કાઢ્યા બાદ તરત તેની નોંધ પ્રાય-શ્ચિત્તની ડાયરીમાં કરી લેવી. વડીલ વગેરેનો કાપ કાઢ્યો હોય તો પણ કાપ કાઢનારે – લાભ લેનારે – તે રીતે તે નોંધ કરવી.

૨૭. કાપ કાઢવાનો શાસ્ત્રીય કાળ તો સામાન્યતઃ વર્ષાઋતુ બેસતાં પૂર્વે–એક જ વારનો છે; પણ હાલ તે

નિયમ ન પાળી શકાય તો છેવટે શક્ય અને ઉચિત તેટલા વધુ અંતરે અને વિભૂષાવૃત્તિ વિના કાપ કાઢવો એટલું તો નક્કી જ રાખવું.

પ્રશ્નોત્તરી

સવાલ (૫) પાલીતાણા જેવાં સ્થળોમાં સાધ્વીઓને વિશેષતઃ અગવડ પડે છે; ક્યારેક અપમાન પણ વેઠવું પડે છે; તો ત્યાં તેમના માટે વિશેષ સગવડો ન કરવી જોઈએ ?

જવાબ : સમ્યગ્દર્શનની નિર્મળતા માટે સંયમ-યાત્રા વહન કરતાં કરતાં સહજ રીતે તીર્થયાત્રા થઈ જતી હોય તો અવશ્ય કરવી જોઈએ. પરંતુ સંયમયાત્રાની ઉપેક્ષા કરીને તીર્થયાત્રા કરવી તે ઉચિત નથી.

શત્રુંજય જેવા તીર્થાધિરાજની સ્પર્શના કરવા માટે કોનું મન ઉલ્લસિત ન થાય ! દસ–પંદર વર્ષે એકાદ વાર એવા તીર્થની સ્પર્શના થતી રહે તો તેમાં કાંઈ ખોટું પણ નથી પરન્તુ ત્યાં વધુ સમયનું રોકાણ કરવાથી જો દોષિત ગોચરી લેવા વગેરે સ્વરૂપ અસંયમ પોષવો પડતો હોય, કે અપમાન થવા સુધીની સ્થિતિ પણ ક્યારેક સર્જાતી હોય તો ત્યાં વધુ સમય રહેવું એ ધરાર ઉચિત નથી.

છતાં જો ત્યાં વધુ સમયનું રોકાણ કરવામાં આવે અને ઊભા થતા પ્રશ્નોના ઉકેલ માટે સગવડો કરવામાં આવે તો તેમાં ત્યાગી સંઘનું હિત નથી. કેમકે તેમને તેમના જ માટે ખૂલતાં રસોડાંદિની ભિક્ષા વગેરે લેવી એ ખુલ્લેખુલ્લો નિષ્ઠુર અસંયમ છે. એનાથી નિર્મળ ચિત્ત-પરિણુતિનું સર્જન થવું ભાગ્યે જ સરળ છે.

વળી, તેમને જગા ન મળતાં, જો તેમના માટે ધર્મશાળા જેવા ઉપાશ્રયો બનાવાશે તો કલેશ અને સંકલેશને મોકળાં મેદાન મળી જશે. એકત્ર સ્થળે વધુ પડતી મોટી સંખ્યા દ્વારા થતો અતિરેક અને અતિ–સહવાસ ઘણા વિચિત્ર પ્રશ્નોને પેદા કર્યા વિના રહેશે નહિ.

આ બધું વિચારતાં એમ લાગે છે કે ટૂંકા દિવસોમાં તીર્થયાત્રા કરીને તેવાં સ્થળોથી વિહાર કરી દેવો એ જ ઉચિત છે. આથી અનેક ગામોને પણ તે ત્યાગીઓનો લાભ પ્રાપ્ત થશે.

સવાલ (૬) આપણે ત્યાં વિપશ્યના જેવું ધ્યાન શા માટે નથી ? વિપશ્યનાને આરાધી શકીએ ખરા ?

જવાબ : આપણી પ્રતિક્રમણ વગેરે સ્વરૂપ ઉભય ટંકની આવશ્યકાદિ ક્રિયાઓમાં જ એકાકારતા, ઉપયોગ-દશા રૂપ ધ્યાન સમાએલું છે. તે તે ક્રિયામાં અને તે તે સૂત્રોમાં ઉપયોગભાવ એ જ આપણું જૈની ધ્યાન છે. એને ઉપેક્ષીને બીજું કોઈ ધ્યાન થઈ ન શકે. એ સાચવીને

આપણે પણ નવરાશના સમયમાં પંચપરમેષ્ઠિ ભગવંતોનું આલંબન લઈને ધ્યાન કરી શકીએ.

પણ જે બૌદ્ધોની જ સાધના છે; જેનો આપણાં આગમાદિ કોઈપણ શાસ્ત્રોમાં ઉલ્લેખ જ નથી તે વિપશ્યના વગેરે પ્રકારનાં ધ્યાન આપણે જૈનો ન કરી શકીએ. એનું કારણ એ પણ છે કે આ ધ્યાનમાં પંચપરમેષ્ઠિ ભગવંતોનું લેશ પણ આલંબન લેવામાં આવતું નથી. આ ધ્યાન શૂન્યનું ધ્યાન છે. આપણું ધ્યાન હંમેશ પૂર્ણનું જ ધ્યાન હોય. જ્યાં પરમેષ્ઠિ ભગવંતોનું આલંબન નહિ તે જૈની ધ્યાન નહિ.

વળી ધ્યાન કરતાં ય મહત્ત્વનું સ્થાન ધરાવતો આપણે ત્યાં કાયોત્સર્ગ છે. તે ધ્યાનમાં તો મુખ્યત્વે માત્ર મનોનિગ્રહ કરવાનો હોય છે જ્યારે કાયોત્સર્ગમાં મન, વચન અને કાયા – ત્રણે ય ઉપર નિયંત્રણ લાવવાનું હોય છે.

જ્યાં સુધી દેહાધ્યાસ તૂટે નહિ ત્યાં સુધી વાસ્તવિક ધર્મનો આરંભ થાય નહિ. કાયોત્સર્ગ દેહાધ્યાસને તોડનારો મોટામાં મોટો યોગ છે.

આ જ કારણે છ આવશ્યકોમાં પણ કાયોત્સર્ગ આવે છે અને છ અભ્યન્તર તપમાં પણ કાયોત્સર્ગનું સ્થાન રાખવામાં આવ્યું છે.

જ્યાં સુધી ઘરમાં જ પડેલી સર્વોત્તમ વસ્તુનો ખ્યાલ નહિ આવે; તેનો મહિમા નહિ સમજાય ત્યાં

સુધી ચિત્ત બીજે ક્યાંક દોડી જવાની ભૂલ કર્યા વિના નહિ રહે.

આથી જ એકલા ભોગરસને ખુલ્લંખુલ્લા ઉત્તેજિત કરતા પ્રોફેસર રજનીશના કહેવાતા ધ્યાનનું ય ક્યાંક ક્યાંક જૈનકુટુંબોમાં ય–ઘેલું લાગ્યું છે.

નિર્લજ્જપણે નાચવાથી માંડીને નગ્ન બની જવા સુધીની ક્રિયા થઈ શકતી હોય છતાં જો તે 'ધ્યાન' કહેવાતું હોય તો કહેવું પડશે કે ધર્મના નામના આંચળા નીચે પાંખડો ખેલવાના અતિ ભયાનક અંધકાર યુગનાં મંડાણ થઈ ચૂક્યાં છે!

શાસ્ત્રવિચાર

તપ

(૧) જો શરીરને તપ દ્વારા દુઃખ આપવાથી મોક્ષ થતો હોત તો સાતમી નરકના અત્યંત દુઃખી જીવોનો તરત મોક્ષ થવો જોઈએ, અને દેવાધિથી અત્યંત શાતા વગેરે પામતાં જિનેશ્વરોનું સંસારમાં પરિભ્રમણ થવું જોઈએ.

આથી જ તપ એ કાંઈ શરીરને ત્રાસ આપવા માટે કરવાનો જિનેશ્વરદેવોએ કહ્યો નથી. તપ તો

ઇંદ્રિયોના ઉન્માદોને શાન્ત કરવા માટે જ કરવાનો છે. એની સાથે એ પણ કાળજી કરવાની છે કે ઇંદ્રિયો કે આરાધનાના શુભ યોગો ક્ષીણ ન થઈ જાય.

ઇન્દ્રિયોને મહર્ષિઓએ ગધેડાની ઉપમા આપી છે; જો એને વધુ ખાવાનું અપાય તો તોફાન કરે; ઓછું ખાવાનું દેવાય તો ભાર વહન ન કરી શકે.

આ ઉપરથી સમજવું કે જ્ઞાનીઓએ તપને પીડા-કારક કે દુઃખદાયક કહ્યો નથી.

ટૂંકમાં, શરીરના વૈરી થઈને શરીર પાતળું કરવા માટે તપ નથી પરંતુ ઇન્દ્રિયોના ઉન્માદને રોકીને તેને સત્પ્રવૃત્તિમાં જોડી રાખવા માટે તપ કરવાનો છે.

(૨) જેઓ સંયમ પામીને પ્રમાદાદિ સેવે છે તેઓ આ લોકમાં તો નિંદાય છે જ પણ પરલોકમાં કિલ્બિષિકાદિ દેવ થયા બાદ પણ પોતાના પૂર્વભવને જોતાં 'હાય ! મેં પ્રમાદાદિથી સંયમજીવન કેવું બરબાદ કરી નાખ્યું !' એવો વિચાર કરીને ખૂબ પસ્તાય છે.

જેઓ જિનવાણીના જાણકાર છે છતાં આ લોકના ભોજનાદિના સુખમાં લંપટ બને છે તેઓ તો જિન-વાણીના અજાણ કરતાં ય ખૂબ જ વધુ દયાપાત્ર છે. બિચારા ! તળાવે આવીને તરસ્યા પાછા ગયા !

ઉપદેશમાળા, શ્લોક : ૨૫૯–૨૬૦.

હાર્દિક અનુમોદન

(૮) ઓપરેશન પૂરું થયા બાદ ભાનમાં આવેલા આચાર્ય ભગવંત પાસે વિનીત શિષ્યે ગરમ પ્રવાહી લાવી મૂકયું. અપ્રમત્ત આચાર્યશ્રીએ મૌન રહીને સંકેતથી પૂછયું કે, આ પ્રવાહી કયાંથી લાવ્યો? મારા માટે કોઈ ભક્તને ત્યાં ખાસ બનાવરાવ્યું છે?" શિષ્યે હા કહી કે તરત જ આચાર્ય ભગવંતે તે પ્રવાહી લેવાની સાફ ના કહી દીધી!

આચાર્યદેવના આવા અદ્‌ભુત જાગરણનું હાર્દિક અનુમોદન.

(૯) હૃદયરોગનો ત્રીજો હુમલો આવી ગયા બાદ ૮૪ વર્ષની વયના એ આચાર્ય ભગવંત એક દિવસ પંચાંગ પ્રાણુપાતની વિધિપૂર્વક ખમાસણુ દઈ રહ્યા હતા. શિષ્યે વિનયભાવે કારણ પૂછયું અને આવી સ્થિતિમાં આ શ્રમ ન લેવા માટે આગ્રહપૂર્વક વિનંતિ કરી.

પણ આચાર્યદેવ ન માન્યા. તેમણે શિષ્યને કહ્યું કે, "એંઠા મોંએ ન બોલવાનો મારો અભિગ્રહ છે. આજે સહસા બોલાઈ ગયું એટલે ૨૫ ખમાસમણાનો મેં રાખેલો દંડ ભોગવું છું." ધન્ય છે; તેમની વ્રત-પાલનનિષ્ઠાને!

(૧૦) પોતાના શિષ્યોના બ્રહ્મચર્યની સહજ રક્ષા માટે એક મુનિવરે ઉપાશ્રયના પાછલા ભાગના ખુલ્લા દ્વારમાં ઊભા લોખંડના સળીઆ જડાવી દેવાની પ્રેરણા કરી. તરત અમલ થયો. કેવી, નિમિત્ત–નાશની અપૂર્વ તકેદારી !

(૧૧) એ મહાત્માને મીઠાઈવગેરે સ્વાદપ્રચૂર દ્રવ્યોનો તો ત્યાગ જ હતો. પરંતુ છતાંય રોટલી ખાતાં ય રાગ થવાનો ભય હતો; તેથી તેઓ દરેક રોટલી ઉપર દેશી દિવેલ ચોપડીને જ વાપરતા.

બીજા મહાત્મા બધી વસ્તુ એક પાતરામાં ભેગી કરીને તેમાં આયંબિલખાતાનું કરીઆતું નાંખી દેતા.

ત્રીજા મહાત્મા મોંમાં એક જ બાજુથી દરેક કોળીઓ ઉતારતા અર્થાત્ કોઈ કોળીઆને મમરાવતા નહિ. જાણે કે એક બાજુ અવાળુ થયું હોય તે રીતે હાથે કરીને વાપરતા.

રાગને ધૂળ ચાટતો કરતા એ મહાત્માને વંદન ! વંદન !

પાઠ : ૪

મનની એક નબળી કડી

કેટલાક માણસોના મનની એક નબળી કડી હોય છે. એમને જે દૂર હોય તે પ્રિય લાગે છે અને જે નજીક હોય તે અપ્રિય લાગે છે. એવી માતાને ઘરમાં રમતો દીકરો કડવો ઝેર લાગે છે, પણ જ્યારે તે રજાના દિવસોમાં મામાને ઘેર એકાદ માસ માટે ચાલ્યો ગયો હોય છે ત્યારે તેની યાદ તે માતાને અત્યંત સતાવતી હોય છે. આવા માણસોને શિયાળાના દિવસોમાં ઉનાળો સારો લાગતો હોય છે અને ઉનાળાના દિવસો દરમ્યાન શિયાળો જ સારો જણાતો હોય છે.

મુનિજીવન પામવાની અભિલાષા સેવતા કેટલાક મુમુક્ષુઓનાં પણ મન જ્યારે આવી નબળી કડીનો ભોગ બન્યાં હોય છે ત્યારે ભારે મુસીબત ઊભી થાય છે. એમને જ્યાં સુધી દીક્ષા પ્રાપ્ત થતી નથી ત્યાં સુધી સંસાર 'ખારો ઝેર' અને દીક્ષા 'અમૃતનો કુંભ' જણાય છે. પણ જ્યારે તેઓ દીક્ષા લે છે ત્યારે પેલી નબળી કડીના કારણે દીક્ષા ખારી ઝેર બને છે; અને સંસાર મીઠો મધ લાગવા માંડે છે! આવા આત્માઓ દીક્ષાના જીવનમાં

માનસિક રીતે ભયંકર રિબામણ અનુભવતા હોય છે. એમને પુણ્યવંતા સંસારીજનોના મોહક રંગરાગ જોતાં; કે દીક્ષા–જીવનના કેટલાક ક્લેશ અથવા કષ્ટ અનુભવતાં એવા પણ વિચારો આવી જતા હોય છે કે, "મેં ક્યાં દીક્ષા લીધી? કેવી ઉતાવળ કરી નાંખી? વગેરે...."

આવા વિકલ્પોની પળોમાં ક્યારેક એવું તીવ્ર ચારિત્ર્ય મોહનીય કર્મ પણ બંધાઈ જતું હોય છે કે જેથી અસંખ્ય ભવો સુધી પણ કદાચ ચારિત્ર્ય–જીવનની પ્રાપ્તિ ન થાય!

આવી હારાકીરી (આપઘાત) ન સર્જવા માટે મનની આ નબળી કડી વહેલામાં વહેલી તકે દૂર કરી દેવી જોઈએ. એ માટે વિરાગભરપૂર ગ્રન્થો– જેવા કે જ્ઞાનસાર, ઇન્દ્રિય-પરાજય શતક, ઉપદેશમાળા, વૈરાગ્ય કલ્પલતા (માત્ર પહેલો સ્તબક) પ્રશમરતિ પ્રકરણ, શાન્ત સુધારસ–આટલા ગ્રન્થો–ને અર્થ સહિત કંઠસ્થ કરી લેવા જોઈએ. પછી હંમેશ તેમાંના ૫૦૦ શ્લોકોનો અર્થચિંતનપૂર્વક પાઠ કરવો જોઈએ.

આનું ચમત્કારિક પરિણામ જોવા મળશે.

આત્માને સદા એક શીખ સ્વયં આપવી જોઈએ કે, "હે આત્મન્! તને માંડ માંડ જૈનશાસન અને તેમાંય સર્વવિરતિનું સર્વોચ્ચ જીવન મળ્યું છે. હવે એને બરબાદ કરી નાંખે તેવા મનના દુષ્ટ વિકલ્પોનો તું શિકાર કાં બને! જો આ એક ભવ પણ આ જીવનની

સુંદર સ્પર્શના કરી લઈશ તો અગણિત દુઃખો અને પાપોથી ખીચોખીચ ભરેલા આ કાળા સંસારથી થોડા જ ભવમાં નિસ્તાર પામી જઈશ. માટે મક્કમ થઈ જા.... ઊઠ! આત્મન્! જાગરણની ધરતી ઉપર ઊભો થઈ જા. સૌ સારાં વાનાં થશે.''

આટલું ધ્યાનમાં લેવા જેવું

(૧૦) સાબુદાણા અંગે :

હવે સાબુદાણા જૈન માત્રથી વાપરી શકાય નહિ. કેમકે તે ટોપીઓકો નામના કંદમૂળમાંથી તૈયાર થાય છે. આ કંદમૂળનો લોટ કરીને તેના દાણા પાડવામાં આવે છે; જે સાબુદાણા તરીકે ભારતમાં વેચાય છે. આ સાબુદાણા બેંગલોર બાજુ તૈયાર થાય છે. પૂર્વે એ ભક્ષ્ય હતા; પરંતુ આ પ્રકારની તેની નવી બનાવટના કારણે કંદમૂળના ત્યાગીથી આ બનાવટ વાપરી શકાય નહિ.

(૧૧) નદી ઊતરવા અંગે :

કેટલીક વાર નદી ઊતરવાનો પ્રસંગ પડે છે ત્યારે ગૃહસ્થો પાણીમાં પગાં (પથ્થરો) ગોઠવી દે છે. તેની ઉપર પગ મૂકીને પૂજ્યો પસાર થાય તો તેમને દોષ ન લાગે-તેવી માન્યતા હોય છે.

પણ આ માન્યતા બરાબર નથી. હકીકતમાં તો આમ પગાં ગોઠવવાથી ખૂબ જ દોષ લાગે; કેમકે સાધુ કે સાધ્વીજીના નિમિત્તે આ પગાં ગોઠવાયાં છે. હવે તે ચોવીસે ય કલાક ત્યાં જ પડયાં રહેશે અને તેની સાથે અથડાતાં પાણીના જીવોની કારમી વિરાધના લાંબા સમય સુધી ચાલુ જ રહેશે.

આના કરતાં તો તે સાધુ કે સાધ્વીજી શાસ્ત્રવિધિ-પૂર્વક સ્વયં પાણીમાં પગ મૂકીને નદી ઊતરી જાય તો તેમાં ખૂબ જ ઓછો દોષ લાગે છે.

આવું જ ચોમાસાના સમયમાં ચાલુ વરસાદે ન છૂટકે સ્થણ્ડિલભૂમિ (વાડો) વગેરે જવું પડે ત્યારે ત્યાં સુધી પહોંચવા માટે જે તાડપત્રીઓ સાધુ–સાધ્વીજીના માટે જ બાંધવામાં આવે છે તે પણ અનુચિત છે. એ કરતાં તો ન છૂટકે જવું પડે ત્યારે કામળી ઓઢીને જવામાં એકદમ અલ્પ દોષ લાગે.

(૧૨) આરોગ્ય અંગે :

સામાન્ય રીતે એમ કહી શકાય કે આરોગ્ય બગડ-વામાં તપ કે ત્યાગ કારણ હોતા નથી પરન્તુ આહારનો અતિયોગ કે મિથ્યાયોગ કારણ હોય છે.

આરોગ્ય પ્રતિકૂળ થયા બાદ સંયમના અઢળક યોગો સીદાવા લાગે છે. અપવાદ માર્ગે જે દોષોનું સેવન શરૂ કરવામાં આવે છે તે દોષો ઘર કરી જતા હોય છે; છેવટે તો ધિટ્ઠાઈ પણ આવી જાય છે.

આ બધું ન થવા દેવું હોય તો આરોગ્યને સહજ રીતે સાચવવું જોઈએ.

આરોગ્યને સાચવવાની ભૂમિકામાં કુપથ્યોનો ત્યાગ જ હોવો જોઈએ. જે તે પથ્યો અને ઔષધોનું સેવન ન હોવું જોઈએ.

સંયમીનું જીવન જ એવું છે કે તે ઔષધો, અનુ-પાનો અને પથ્યના ઘેરાવાથી જીવી જ ન શકાય. હા.... ત્યાગની ભૂમિકા ખૂબ જ અનુકૂળ અને સહજ થઈ પડે.

તમામ કુપથ્યોનો ત્યાગ કરવો જોઈએ. તેથી કદાચ એંસી ટકા જેટલું આરોગ્ય આપમેળે સારું થઈ જશે.

બાકી ભસ્મો કે એલોપથીની દવા વગેરે ઉપર આરોગ્ય ટકાવવામાં જીવનભરની તેની ગુલામી ઘર કરશે; તદુપરાંત કોઈ પણ પ્રકારની વિશિષ્ટ આરાધના લગભગ અસંભવિત બની જશે.

(૧૩) તીર્થભૂમિમાં દર્શન અંગે :

પાલીતાણા વગેરે તીર્થભૂમિમાં સાધુ-સાધ્વીજીને જ મુખ્ય બનાવીને જે 'ભક્તિ' કરવામાં આવે છે અથવા તો તેમના જ માટેનાં જે રસોડાં ચલાવાય છે તેમાં ગોચરી, પાણી વહોરી શકાય નહિ. આવી જ રીતે જો તે ક્ષેત્રોમાં નિર્વાહ કરવાની ફરજ પડતી હોય તો તે ક્ષેત્રોમાં સમ્યગ્દર્શનની શુદ્ધિ માટે બહુ થોડી તીર્થયાત્રા કરીને ત્યાંથી વિહાર કરી જવો તે ઉચિત છે. આપણી

પહેલી સંયમયાત્રા છે; પછી–તેને સાચવીને–તીર્થયાત્રા છે. વારંવાર આવા દોષો સેવવાથી ચિત્તના પરિણામ ખૂબ જ કઠોર થાય છે અને તેથી જીવન નઠોર બની જાય છે.

પ્રશ્નોત્તરી

સવાલ (૭) વર્તમાનકાળમાં સાધ્વી દીક્ષા ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂર જણાતી નથી ? ભૂતકાળમાં ય આવું કરવાની ફરજ પડ્યાનું સાંભળવા મળે છે.

જવાબ : દીક્ષા એ કોઈ પાપપ્રવૃત્તિ નથી કે જેથી તેની ઉપર પ્રતિબંધ મૂકવો ઘટે. ભૂતકાળમાં ય જે પ્રતિબંધ મુકાયો છે તે મોગલ રાજ્ય દરમિયાન કેટલીક રાજકીય વિષમતાના કારણે ૩૨ વર્ષથી નીચેની વયની બહેનોની દીક્ષા પૂરતો પ્રતિબંધ મુકાયો છે.

આજે પણ જો સુવિહિત ગીતાર્થ આચાર્ય ભગવંતોને એવું કાંઈક કરવાની જરૂર જણાતી હોય તો તેઓ શાસ્ત્રનીતિ મુજબ કોઈ પણ નિર્ણય જરૂર લઈ શકે છે. આપદ્ધર્મ તરીકે એ કાર્ય તેઓ કરી શકે છે. બાકી દીક્ષા ઉપર જ નફરત ધરાવતા બુદ્ધિજીવી,

જમાનાવાદીઓની એવી કોઈ પણ વાતને સાંભળી પણ શકાય નહિ.

વ્યક્તિગત રીતે મને લાગે છે કે સાધ્વી સંઘના જુદા જુદા મોવડીઓએ દીક્ષા પછીના એમના જીવનની કાળજી કરવી જોઈએ. જો આ સાધ્વી–ગણ જ્ઞાન, ધ્યાન, તપ, સ્વાધ્યાયમાં પ્રગતિ કરે અને સહિષ્ણુતા, ઉદારતા, પરાર્થ–રસિકતાદિ ગુણોને પોતાના જીવનમાં ખૂબ સારી રીતે વિકસાવે તો કદાચ એમ પણ કહી શકાય કે મુનિઓ કરતાં પણ વધુ સારી રીતે બેનોને કેળવીને, તેમના દ્વારા હજારો કુટુંબોને ધર્માભિમુખ બનાવી શકે.

શ્રીસંઘ પાસે જે સાધ્વીગણ છે તે તો તેની ખૂબ મોટી અસ્કયામત છે. તેને શાસ્ત્રનીતિ (જમાનાવાદ, યંત્રવાદ, કે પ્રચારના તૂતથી દૂર રહીને) મુજબ વિકસાવવી જ જોઈએ.

હાલ તો સાધ્વીગણના તમામ મોવડીઓ આવી કાળજી કરતા હોય તેવું કાંઈ દૃષ્ટિગોચર થતું નથી. આથી જ કેટલાંક ગંભીર કક્ષાનાં કહી શકાય તેવાં દુષ્પરિણામો જોવા મળે છે અને એથી જ પ્રતિબંધ મૂકવાના વિચારો વાયુમંડળમાં પ્રસરવા લાગે છે.

જો રોગ હોય જ, તો અહંના કે સ્વમાનભંગના કારણે તે રોગને દાબી દેવો કે રોગને રોગ તરીકે જ ઇન્કારી દેવો એ તો ખરેખર રોગીને મારી નાંખવા જેવી પ્રવૃત્તિ ગણાય.

એવી કેટલીક બાબતો છે જેમાં વ્યાપક પ્રમાણમાં રોગ ફેલાયો હોવા છતાં દવા નહિ જડવાના કારણે રોગનો જ ઇન્કાર કરી દેવામાં આવ્યો છે, અને આથી રોગ વધુ ને વધુ ઉગ્ર બનતો ગયો છે. તમારા ખીસામાં રૂપીઆ ન હોય તેથી ઊંચી ગુણવત્તા ધરાવતો દુકાનનો માલ તમે ન ખરીદી શકો એ બની શકે. પણ માલ ખરીદવાના પૈસા ખીસામાં નથી એથી શું એવું કદી કહી શકાય ખરું કે, "દુકાનમાં માલ જ નથી ?" આના જેવી કેટલીય વાતો આપણે કરતા હોઈએ છીએ એમ શું નથી લાગતું ?

સાધ્વીગણના મોવડીઓ ખૂબ ગંભીર બનીને જો રોગનો ઇલાજ શોધવાનો યત્ન કરશે તો જરૂર તે ઇલાજ મળી રહેશે.

પણ જો તેઓ આજના જેવી જ ઉપેક્ષા અને સબસલામતની સાયરન બજાવ્યા કરશે તો ઘણું વ્યાપક અહિત સંઘને માથે ઝીંકાશે.

મને ખ્યાલ છે ત્યાં સુધી આ વિષયમાં ખૂબ જ ગંભીરપણે ચિંતન કરતાં સાધ્વી-ગણના એક મોવડીએ કેટલાંક વધુ કડક પગલાં લેવા માંડયાં છે. દરેક મુમુક્ષુને તેઓ વધુ સારી રીતે તૈયાર થવા માટે ચાર માસ પૌષધમાં રહેવાની, નિત્ય એકાશન કરવા વગેરેની આકરી કસોટીઓમાં મૂકે છે. એમ કરતાં પાંચ પાંચ વર્ષ પણ પસાર કરી દેવા સુધીનો ક્યારેક તેઓ નિર્ણય લે છે.

મને લાગે છે કે આ રીતે કદાચ વિશિષ્ટ શુદ્ધિનું, વિશિષ્ટ ઉત્સાહ અને બળનું સાધ્વીગણમાં પ્રસારણ કરવામાં ભારે સફળતા પ્રાપ્ત કરશે.

જે વાત સાધ્વીગણ માટે વિચારવાની છે તે સાધુ-ગણ માટે પણ વિચારણીય છે. એ આપણે ભૂલવું ન જોઈએ.

પ્ર. (૮) ગુરુ સાથે કે સહવર્તીઓની સાથે વારંવાર મનદુઃખ થયા કરે છે. આથી ચિત્ત આર્તધ્યાનનો ભોગ બની જાય છે. કયારેક તો કલાકો સુધી આ આર્તધ્યાન ચાલુ રહે છે. આવા તીવ્ર અશુભ કર્મબંધમાંથી બચવાનો ઉપાય શું ?

જવાબ : મુનિજીવનમાં આવી સ્થિતિનું નિર્માણ થવું એ ખરેખર ખૂબ જ દુઃખદ બાબત છે. કેટલું ઊંચું આ જીવન ! અને કેટલી નીચી કક્ષાએ ચિત્તનું અધઃપતન !

ટાઇફોઇડના છ ડીગ્રી તાવ કરતાં ય સમગ્ર શરીરને તોડતા ટી. બી.નો ૧૦૦ ડીગ્રી તાવ જેમ વધુ ખરાબ છે તેમ ત્યાગીજીવનમાં ચાલતા આવા પ્રકારના એકધારા મંદ મંદ પણ સંઘર્ષો અત્યંત ખરાબ છે; તેનો ઉપાય તાકીદે કરવો જ જોઈએ.

આપણે અહીં થોડીક વિચારણા કરીએ. મુખ્ય વાત આપણે કદી ન ભૂલીએ કે આપણું મુનિ-જીવન પ્રતિ-

ફૂળતાના પાયા ઉપર જ ઊભું છે. આથી જ આ જીવનમાં જેમ સહન કરવાની તેવડ વધે તેમ સફળતા વધુ ને વધુ મળે.

જો સહન કરવામાં પાછા પડશું તો આજીવન ન કલ્પી હોય તેટલી અંધાધૂંધીથી ઘેરાઈ જશે.

'પ્રતિકૂળતા એ જ મારું જીવન છે.' 'સહિષ્ણુતા એ મારો શ્વાસપ્રાણ છે.' આવાં સૂત્રો બનાવીને તેનું સતત રટણ કરતા રહીએ તે બહુ જરૂરી છે.

બીજા નંબરમાં દોષો જોવાની કુટેવનો ત્યાગ કરીએ. દોષો જોવા જ હોય તો આપણા જ ઘણા બધા દોષો શા માટે ન જોવા ?

અને ત્રીજી મહત્ત્વની વાત 'અપેક્ષા' અંગેની છે. બીજાઓ પાસે આપણી ઘણી બધી અપેક્ષાઓ છે તે આપણે દૂર કરવી જોઈએ. આથી અપેક્ષા પૂરી ન થતાં જાગી પડતા મનદુઃખ ઘણા ઓછા થઈ જશે.

જેઓ દીક્ષાપર્યાયમાં મોટા છે તેમણે ચોથી વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે કે તેમણે નાના પ્રત્યે વાત્સલ્ય-ભાવ પેદા કરવો જોઈએ.

જરાતરામાં તિરસ્કારી નાંખીને તેમનું જીવન કચડી નાંખવાની આપણે મનોવૃત્તિ કે પ્રવૃત્તિ ખૂબ જ ક્રૂરતાભરી કહેવાય. ધિક્કારથી કે માત્ર ટોકવાથી શું થશે ?

અંતે તો આપણે સહુ, માતા, પિતા, ભાઈ, ભાંડુ, બેન, ભાભી વગેરે સહુને છોડીને આવ્યા છીએ. હવે

જે સંયમ પામ્યા છીએ તેને ભારે સફળતાથી પાર ઉતારવું હોય તો સંયમી સહવર્તીઓની એકબીજાની લાગણી, મમતા કે હૂંફથી જ તે શક્ય છે.

આવી હૂંફ કોણ નથી ઇચ્છતું ? બધાને સારી એવી મમતા આપવાની પહેલી ફરજ તો વડીલોની જ છે. જો તેઓ જ પક્ષપાતભર્યું વલણ દાખવશે કે કોઈને પણ તરછોડી નાંખશે તો તે વ્યક્તિ કેટલી તીવ્ર માનસિક વ્યથા અનુભવશે ? તેને જો તેના સંસારી માતાપિતાદિ યાદ આવશે કે 'દીક્ષા લીધી તે ભૂલ કરી' તેવો દુર્વિચાર મનમાં પેદા થશે તો આ બધાંમાં જે નિમિત્ત બન્યાં હશે તે કેટલાં તીવ્ર અશુભકર્મો બાંધશે ? કેવી કારમી દુર્ગતિમાં તેઓ પટકાશે ?

મને તો લાગે છે કે વાતાવરણમાં શાન્તિ અને સંયમની આરાધના પેદા કરવાના પુરુષાર્થમાં કે પુણ્યાઈમાં જેમને નિષ્ફળતા મળી હોય તેમણે કમસે કમ થોડાંક વર્ષો માટે તો નવી દીક્ષાઓ આપવાનું બંધ કરવું જોઈએ.

અંબાડી ઉપાડવાની શક્તિ જ ન હોય તેણે તે ઉપાડવાનો આગ્રહ ન રાખવો જોઈએ.

આથી નવા પુણ્યાત્માઓના જીવનને ધોકો તો નહિ લાગે.

બાકી જો પ્રતિકૂળતા, સહિષ્ણુતા, નિરપેક્ષતા, દોષ-દૃષ્ટિત્યાગ અને વાત્સલ્યભાવનો ગાઢ સ્પર્શ કરવામાં આવે તો ગમે તેવા સંકટ વચ્ચે ય સ્વર્ગ ઊતરે.

શાસ્ત્રપાઠ

[વૈરાગ્ય-કલ્પલતા]

જે મુનિવરોનું ચિત્ત સમાધિમાં રસતરબોળ થઈ જાય એમને શરીરાદિ સંબંધમાં તીવ્ર પીડાદિની ક્રિયાઓ ઉત્પન્ન થાય તો પણ જરા ય અરતિ-વ્યાકુળતા ઉત્પન્ન થતી નથી.

જે ચકોર પક્ષી અમૃતના પાનનું જ વ્યસની બની ગયું છે અને તેમાં જ તરબોળ રહે છે તેને નાનકડો અગ્નિકણ મોંમાં આવી જાય તો શું તે વ્યાકુળ થઈ જશે ? ના....નહિ જ.

હે મુનિવરો ! જ્યારે આપણે જીવનમાં સમાધિનો સાચો રસાસ્વાદ પામશું ત્યારે તે વિશુદ્ધ સમાધિના આનંદમાં એકરસ બની ગયેલો આપણો આતમ કર્મ-જનિત સુખ-દુઃખની રતિ અરતિઓને તો અડશે પણ નહિ. એ તો મસ્ત હશે આનંદ-મસ્તીમાં.

જ્યારે સ્ફટિક એની પોતાની વિશુદ્ધિતના સ્વરૂપને પૂરબહારમાં પ્રગટાવે છે ત્યારે તેમાં પડેલી શ્યામતા કે રક્તતા તો બહુ જ નગણ્ય બની જાય છે.

જુદા જુદા વેદ્યકર્મોના ઉદયથી પ્રાપ્ત થયેલ ટાઢ, તડકો, ભૂખ, તરસ વગેરે કલેશો ઝંઝાવાતની જેમ ત્રાટકે તો ય તે વખતે જે પ્રશાન્ત મુનિવરો સમાધિના અનુભવ

માત્રથી સ્વસ્થ રહે છે તેઓને અમે અંતઃકરણથી સ્તવીએ છીએ.

સમાધિમાન્ મુનિઓની ભોજનાદિ ક્રિયાઓ પણ રતિ કે અરતિને ઉત્પન્ન કરી શકતી નથી, કેમકે જો તેમાં રતિ થાય તો અંગારદોષ ઉત્પન્ન થાય અને જો અરતિ થાય તો ધૂમદોષ ઉત્પન્ન થાય. આથી આ દોષોના ક્ષય માટે રતિ–અરતિમાં તે ભોજનાદિ ક્રિયાઓ નિમિત્ત બનવાને બદલે ચિત્તસમાધિ માટે જ હંમેશ તે ક્રિયાઓ બને છે.

લોકો ગમે તેવો અછતો અવર્ણવાદ તે મુનિનો કરે તો ય શું ? તેથી કાંઈ તે સમાધિસ્થ મુનિનું મન અરતિગ્રસ્ત થઈ ન જાય. જેની આંખે દિવ્ય અંજન આંજ્યું છે તે માણસ અંધકારમય રસ્તે ચાલ્યો જતો હોય ત્યારે ય કંઈ અન્ધત્વને પામતો નથી.

જ્ઞાન અને ક્રિયા સ્વરૂપ બે ઘોડાના બનેલા મોક્ષ માર્ગે ધસમસતા જઈ રહેલા સમાધિરથમાં અધિરૂઢ થએલા મુનિરાજને નગરો અને ગામડાંઓના કાંટા ભોંકાતાં થતી અરતિનો સંભવ જ ક્યાં છે ? એ તો જેણે જોડા ય ન પહેર્યા હોય તેને એ અરતિ થાય. આ મહાત્મા તો રથમાં આરૂઢ થયેલા છે !

હાર્દિક અનુમોદન

(૧૨) એક ભાઈએ અપરિચિત ગામમાં સ્વદ્રવ્યે આખો ઉપાશ્રય બાંધી આપ્યો છે; જેમાં તે ગામના અગ્રણીઓ સાથે શરત કરી છે કે સાવરણી પણ બીજા કોઈના પૈસે લાવી શકાશે નહિ ! બધો ય લાભ પોતે જ લેશે.

(૧૩) એક મુનિની દેશના સાંભળીને જિન ધર્મ પામેલા વૈષ્ણવ બેને પોતાના લગ્ન-દિવસે રાત્રિભોજન બંધ રખાવ્યું હતું અને દિવસે પણ આઈસ્ક્રીમ, બરફ, વગેરે અભક્ષ્ય ચીજોનો ઉપયોગ કરાવ્યો ન હતો.

(૧૪) એક વડીલ મૃત્યુ સમયે પૂર્વે પોતાના કુટુંબીજનોને એવું સૂચન કરી ગયા કે "મારા મડદાને બાળવા માટેનાં લાકડાં ત્રણ વાર પૂંજી લેજો; જેથી કોઈ જીવ-જંતુ અગ્નિમાં બળી ન જાય.

(૧૫) જેનું હજી વેવિશાળ જ કરવામાં આવ્યું હતું તે બેન સાસરે જમવા ગઈ. ગામડામાં એનું સાસરું હતું. ત્યાં સગડીમાં ચેતવવા માટેના છાણામાં તેણીએ કીડા જોયા. તેનું મન દ્રવી ઊઠયું. 'અરેરે ! વાસનાના સુખને પામવા જતાં આવા તો કેટલા ય જીવોને મારે મારી નાંખવા પડશે !' તે જ પળે દીક્ષા

લેવાનો નિર્ણય કર્યો અને....એક દી ચંદનબાળાના પંથે એણે ડગ માંડી દીધો.

(૧૬) પોતાની દીકરીને સાસરે વળાવ્યા પછી પિતાને ખબર પડી કે ગામમાં જિનાલય નથી. 'જિનાલય વિનાના ગામમાં દીકરીનું જીવન તો બરબાદ થઈ જાય!' તરત જ પાંચ લાખ રૂ. જેટલી રકમ જુદી ફાળવીને તે ગામમાં પિતાએ સ્વદ્રવ્યે શિખરબંધી આરસનું જિનાલય બંધાવવાનું ચાલુ કરી દીધું!

પાઠ : ૫

શાસન–ભક્તિ

કોંગ્રેસ કે જનસંઘ વગેરે પક્ષો રાષ્ટ્રના ઉત્થાન માટે નિર્માણ પામતા હોય છે. જો તે ઉદ્દેશને અખંડિતપણે નજરમાં રખાતો હોય તો તો 'પક્ષ' એ આવકારદાયક તત્ત્વ બની જાય છે. પણ જો તે તે પક્ષના સભ્યો પોતાના પક્ષ માટેના એવા ભક્ત બની જાય કે તેમની નજરમાં પક્ષ જ રહી જાય અને રાષ્ટ્ર પણ ગૌણ બની જાય તો એ પક્ષપરસ્તી રાષ્ટ્ર માટે જોખમી બની રહે તો નવાઈ નહિ.

એકાંત પક્ષપરસ્તીનાં સૌથી મોટાં અને અત્યંત અક્ષમ્ય બે દૂષણો છે :

(૧) પક્ષનો માણુસ સ્વપક્ષના દુષ્ટ માણુસના દોષોને પણુ છાવરવા લાગે છે. (૨) પરપક્ષના રાષ્ટ્રભક્ત સભ્યને પણુ ગાળો દેવા તૈયાર રહે છે. આમ બેય રીતે રાષ્ટ્રને નુકસાન પહોંચાડે છે; રાષ્ટ્રદ્રોહીનો બચાવ કરીને અને રાષ્ટ્ર-ભક્તને ગાળો દઈને. જો એ માણુસ પક્ષનો આવો અંધભક્ત માણુસ ન હોત તો તેનામાં આ બેય દૂષણો ન પેસત.

આથી વિવેકભરી પક્ષપરસ્તી જ આવકારદાયક ગણાય. અવિવેકભરી અંધપક્ષભક્તિ સારી ન ગણાય. કમનસીબે પક્ષ-

ભક્તિ અવિવેકભરી બનીને રાષ્ટ્રદ્રોહમાં પરિણમતી જોવા મળે છે.

પક્ષ તો એવી રીતે મજબૂત કરવો જોઇએ, જેથી રાષ્ટ્ર પણ વધુ ને વધુ મજબૂત થાય. પક્ષને મજબૂત કરવાની કોઈ પણ યોજના એવી ન જ હોવી જોઇએ કે તેથી રાષ્ટ્રને હાનિ પહોંચી જાય.

હવે આ વાતને મૂળ વાત ઉપર ગોઠવીએ. ધર્મક્ષેત્રના વિષયમાં પણ પક્ષો જોવા મળે છે. આ પક્ષો જો શાસનને મજબૂત કરતા રહે તો તેમનું અસ્તિત્વ ખૂબ આવકાર્ય ગણાય. પણ પક્ષના ઝનૂનમાં ચડીને જો તેઓ ધર્મશાસનને હાનિ પહોંચાડે તો તેમની પક્ષપરસ્તીને કદી આવકાર્ય ગણી શકાય નહિ.

આવી અવિવેકભરી પક્ષપરસ્તીને કદી સ્પર્શવી ન ઘટે. ઉચિત પક્ષ જરૂર સારો છે પણ તેનું અંધતાભર્યું ઝનૂન જરા ય સારું નથી. સ્વપક્ષના લોકો ગમે તેવા કનિષ્ઠ તો ય શ્રેષ્ઠ; અને વિપક્ષના લોકો ગમે તેવા શ્રેષ્ઠ તો ય કનિષ્ઠ એ વિચાર ઝનૂનનો સૂચક છે.

આવી વિષમતાનો કોઈ ભોગ ન બને તો પક્ષ દ્વારા શાસનને સુગઠિત બનાવવાનું કામ તેઓ ખૂબ સારી રીતે કરી શકે.

વિપક્ષના માણસોને પૂરતા પ્રમાણોના આધારે વધુમાં વધુ તો ખોટા કહી શકાય, પણ તેથી કાંઈ તેમને ધિક્કારી તો ન જ શકાય.

ધિક્કાર અવગુણો ઉપર જ હોવો ઘટે; વ્યક્તિ ઉપર કદાપિ નહિ; એની તો છેવટે દયા જ ચિંતવવાની રહે.

ઝનૂનમાં ન પરિણમતો પક્ષવાદ અમૃત બને છે. એના દ્વારા રાષ્ટ્ર કે ધર્મશાસનનું જીવન દીર્ઘ બને છે; સુદૃઢ બને છે.

આપણે અત્યારે એવી કટોકટીભરી સ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છીએ કે આ વિચારને વગોવીને તેનો સાર આત્મસાત્ કરવાનો સમય પાકી ગયો છે. જો મોડા પડીશું તો ભાવી - પેઢી આપણને કદી માફી નહિ આપે.

આટલું ધ્યાનમાં લેવા જેવું

(૧૪) વિજાતીય અંગે :

જો હજી તમે જ્ઞાનથી અને વયથી પીઢ–પરિપક્વ ન થયા હો તો તમે વિજાતીય સાથે કદી પણ પરિચયમાં ન આવશો. સગા ભાઈબેન સાથે પણ પરિચયમાં રહેવું તે મુનિ–જીવન માટે ઉચિત ન ગણાય. હવે મુનિએ તો સંસાર ત્યાગીને સ્વજનોનું પણ ધૂનન કરી નાખ્યું છે. પછી તેમનો પણ–સગાં હોવાના નાતે–પરિચય શા માટે?

મારે તો ત્યાં સુધી કહેવું છે કે એમને આવ્યાને

ધરમ પમાડી દેવાની હોંશમાં આવી જઈને પણ અપરિપક્વ કાળમાં પરિચય ચાલુ રાખવો તે ય વાજબી લાગતું નથી. આ બાબતમાં જે ત્યાગીઓ વધુ મક્કમ રહે છે તેઓ ભલે કદાચ બે-પાંચ આત્માઓને દુઃખી કરવામાં નિમિત્ત બની જતા હશે પણ સરવાળે તેઓ ઘણા ઊંચા સંયમ-જીવનના રસાસ્વાદને પામવાનું સૌભાગ્ય પામી જાય છે.

આવું જ દીક્ષા આપવાના નિમિત્તે કરાતા પરિચયમાં સમજવું. એ પરિચય પણ અપરિપક્વ કાળમાં બિલકુલ ઉચિત નથી.

જેમ વિજાતીય પરિચય ત્યાજ્ય છે તેમ સજાતીય સહવાસ પણ એટલો જ ત્યાજ્ય ગણવો જરૂરી છે. આજના કાળના સંસારીજનોનું માનસ ખૂબ વિચિત્ર બન્યું છે. બીજી બાજુ મુનિ-જીવનમાં પણ રહી જતી કચાશ ક્યારેક સંયમ જીવનનો એકાએક ભોગ લઈ લેતી હોય છે.

જે ઉલ્લાસે અપનાવ્યું છે રજોહરણ; એ ઉલ્લાસ બારમાસી બનાવી દેવો હોય તો બધાયના પરિચયથી દૂર રહીને તપઃસ્વાધ્યાયનિરત બન્યા વિના કોઈ આરોવારો નથી.

આમ નહિ થાય તો પાણીના મૂલે સંયમનું મોતી જોતજોતામાં વેચાઈ જશે.

(૧૫) પૈસાના વ્યવહાર અંગે :

આવતી કાલની ચિંતા ક્યારેક આપણી 'આજ'ને પાયમાલ કરી નાંખતી હોય છે. કેટલાકોને ભાવી

ઔષધાદિની ચિંતા થાય છે અને તે માટે તેઓ બીજાઓ પાસેથી પૈસા કઢાવીને કબાટ વગેરેમાં મુકાવતા હોય છે. પછી જરૂર પડે ત્યારે, તે રીતે તેનો ઉપયોગ કરાવાતો હોય છે.

આવી પ્રવૃત્તિઓ, એ ત્યાગીના જીવન માટે તો સળગતો અંગારો છે જ; પરન્તુ સમગ્ર સાધુસંસ્થા માટે ભયંકર કલંક સમાન છે.

આવી ચિંતા કોઈ ન કરો. આનંદકલ્યાણી આપણો સંઘ સદા જયવંતો છે.

શોષવાનું ખોટાઓને જરૂર આવે છે, પણ સાચા ચારિત્ર્યસંપન્ન સાધુ, સાધ્વીજીઓને કદી મુશ્કેલી આવી નથી અને ભવિષ્યમાં આવવાની પણ નથી. આપણે આપણું ચારિત્ર્ય ઉત્તમોત્તમ કોટિનું પાળો. સૌ સારાં વાનાં થશે જ થશે.

કેટલાકો કામળી આદિનો પણ ચિત્ર-વિચિત્ર રીતોથી વિનિમય કરે છે. આ અતિ અધમ પ્રવૃત્તિ છે. મહેરબાની કરીને કોઈ આવું કરજો મા! આનાથી અતિ ઘોર શાસન-હીલના થશે.

(૧૬) પરસ્પર અંગે :

ગુરુ, શિષ્ય કે સહવર્તીઓ સહુ અન્તે તો છદ્મસ્થ છે. ક્યારેક તેમનામાં ય સ્વાર્થના કે કષાયના ભાવો જાગી જાય. પણ આવા વખતે ઉગ્ર સંઘર્ષમાં ઊતરી ન જવું.

જે જ્ઞાની કે વડીલ હોય તેણે તો તેવા સમયે ખૂબ સહી લેવું અને સંઘર્ષ પેદા થવા ન જ દેવો.

જ્યારે ક્યારે પણ આવા સંઘર્ષ થયા છે ત્યારે લોકો અધર્મ પામ્યા છે; યુવાનો તો એ બધું જોઈને ધર્મથી સાવ વિમુખ થયા છે.

શાસનહીલના એ સૌથી મોટું અને અતિ ઉગ્ર કક્ષાનું પાપ છે. તમારા નિમિત્તે તે ન થાય તેની હંમેશ કાળજી કરજો. હીલના અટકાવતાં તમારે જે કાંઈ સહેવું પડે તે બધું જ તમે હસતે મોંએ સહી લેજો.

(૧૭) મનના ઉચાટ અંગે :

આપણે બધા અન્તે તો છદ્મસ્થ છીએ. ક્યારેક ચિત્તસમાધિ હણાઈ જાય તેવા મનના ઉચાટ પેદા થવાના પ્રસંગો મોટાં ગ્રુપોમાં તો વારંવાર આવ્યા જ કરે. આવા સમયે મૌન, સહિષ્ણુતા, ક્ષમા અને ઉદારતા—આ ચાર ગુણોને જો છૂટા મૂકી દેવામાં આવે તો બધી જ ગરમાગરમ થએલી હવા ઠંડી હિમ થઈ જાય. પણ આ અંગે નમ્ર બનીને પહેલ કરવી એ જ આપણા માટે મુશ્કેલ બની જાય છે.

સંસારત્યાગીને જો આ રીતે માન-કષાય નડશે તો બિચારા સંસારીઓની તો કેવી દશા બેસશે? પછી આપણે ય તેમને કયા મોંએ ઉપદેશ આપી શકશું?

જે વડા છે તેમણે તો સૌથી વધુ સહન કરવું જ પડશે. ટીચાયા, કુટાયા વગર વડા (બાજરીના વડા) બનાય છે પણ ક્યાં ?

વડામાં વાત્સલ્ય અખૂટ હોય તો અથવા શિષ્યમાં સહિષ્ણુતા અખૂટ હોય તો કદી કશો વાંધો આવે નહિ.

પ્રશ્નોત્તરી

સવાલ (૯) : સાધુનાં મુખ્ય લક્ષણો ક્યાં કે જેના વિનાના તેમના જીવનની સફળતામાં મોટી શંકા પડી જાય ?

જવાબ : શાસ્ત્રકાર પરમર્ષિઓએ આ પ્રશ્નનો ઉત્તર અનેક રીતે આપ્યો છે. તેનું દોહન કરીને હું આ પ્રશ્નનો જવાબ એ રીતે આપી શકું કે જે તપસ્વી હોય; સ્વાધ્યાયી અને ગુરુભક્ત હોય તે સાધુ. ટૂંકમાં, ગુરુભક્ત મુનિનું જીવન તપઃ સ્વાધ્યાયપૂત હોય.

તપ, શાસ્ત્ર સ્વાધ્યાય અને ગુરુભક્તિ આ ત્રણ ગુણોનો પ્રાદુર્ભાવ કર્યા વિના વાસનાઓની મંદતા પણ સંભવિત નથી.

કદાચ કોઇ શારીરિક આદિ કારણોસર તપ વગેરે ન થઈ શકે તો તપના સ્થાને જોરદાર ત્યાગ, હજારો કંઠસ્થ

શ્લોકોના સ્વાધ્યાયના સ્થાને કલાકો સુધી જોરદાર ગોખવાનો ઉદ્યમ અને ગુરુભક્તિના સ્થાને ગુરુ પ્રત્યેનું હાર્દિક—અંતરમાં ઊભરાઈ જતું—અતાગ બહુમાન તો હોવાં જ જોઈએ. જેનામાં બીજી હરોળના ય આ ત્રણ ગુણો નથી એની સાધુતા ચિરંજીવી બની રહેવામાં મને તો મોટી શંકા છે. વળી બીજી એક વાત જણાવવાનું મન થાય છે કે શાસ્ત્રકાર પરમર્ષિઓ તે ગુણને સિદ્ધ થએલો જણાવે છે, જેની પાછળ – જેની ગેરહાજરીના સમયમાં પણ – તેની જ પરિણુતિ ચાલતી હોય; ઘંટ વાગી ગયા પછી જેમ તેનો રણકાર ચાલે છે તેમ.

આ હિસાબે તપ તે જ છે જેનો સ્વાદ પારણામાં ય આવ્યા કરે છે; સ્વાધ્યાય તે છે જેમાંથી ઊઠી ગયા બાદ પણ ઉચિત અવસરે તેની જ લેશ્યા ચાલુ રહે છે અને ગુરુભક્તિ પણ તે જ છે જેના અકાળમાં ય ગુરુ સ્મરણ સતત ચાલુ રહે છે. આવા રણકાર યુક્ત તપ, સ્વાધ્યાય, ભક્તિ ન હોય તો તેમની ઝાઝી કિંમત આંકી શકાય નહિ.

તપ કરનારા સાધુ પારણામાં પૂરા પલોટાઈ જાય તો ? સ્વાધ્યાય કરનારા મુનિ સ્વાધ્યાયના વિરહકાળમાં છાપા કે કથાઓ વાંચે યા ફાજલ વાતો કર્યા કરે તો ? જેને ખરા અર્થમાં સાધુ થવું છે તેને આજે પણ અનુકૂળતા છે પછી કાળ ભલે ગમે તેટલો ખરાબ આવ્યો કહેવાતો હોય.

શાસ્ત્રપાઠ
[વૈરાગ્ય-કલ્પલતા]

સમાધિની વાતો કરનારા મુનિઓ સમાધિમાન્ ન કહેવાય.

એ તો જેણે સમાધિને સિદ્ધ કરી દીધી હોય તે જ મુનિઓ સમાધિમાન્ કહેવાય.

સમાધિસિદ્ધ મુનિઓ તે જ છે જેઓ :–

(૧) લાભમાં કે અલાભમાં (૨) સુખમાં કે દુઃખમાં (૩) જીવનમાં કે મરણમાં સમાન અધ્યવસાયના સ્વામી છે. (૪) રતિ કે અરતિના ભાવો પણ જેમની સમાધિસિદ્ધ દશાને લગીરે આંચકો આપી શકતા નથી.

અહો ! અહો ! તે સમાધિસ્થ મુનિરાજોનું મને શરણ હો... જેઓને–

પ્રતિકૂળતાના પ્રસંગોમાં કદી જાગ્યો નથી ઉદ્વેગ કે કદી સ્પર્શી નથી અરતિ, ચંચળતાના કારણે અનેક વસ્તુમાં જેઓ ચલિત–ચિત્તવાળા કદી થયા નથી. જેમના ચિત્ત-ફલક ઉપર જ્ઞાતાભાવનો લેખ ટાંકણે ટંકાએલો છે.

ચિત્ત તો પારા જેવું ચંચળ છે; અતિચંચળ. જો એને અરતિરૂપી અગ્નિનો કણીઓ પણ અડી જાય તો એ ક્યાં ય ઊડી જાય.

પણ જો અરતિ–અગ્નિના કણના સ્પર્શથી એ આમ

તેમ-ક્યાં ય ઊડીને ભાગે નહિ-અને તે માટે જો તેને સમાધિભાવથી સિદ્ધ થયેલા ઔષધનો પાક આપીને મૂર્ચ્છિત કરી દેવામાં આવે તો ક્યાં ય ઊડીને ન જતાં-કલ્યાણમય સિદ્ધિ પ્રાપ્ત થવામાં પછી તો જરાય વાર લાગે નહિ.

કેવું વિચિત્ર છે આ ચિત્તરૂપી પંખીડું! રતિ અને અરતિ નામની પોતાની બે પાંખો વિસ્તારીને-ઊડીને જગત્‌ના ગગનમાં ભટક્યા જ કરે છે.

જો એની આ સ્વચ્છંદતાનું વારણ ન થાય તો એના માલિક આત્માને દુર્ગતિના કારાગારોમાં લાંબા સમય સુધી ધકેલાઈ જવું પડે.

છે કોઈ એને પકડી લેનારું પાંજરું? કે જેથી એની સ્વચ્છંદતા દૂર થાય? હા....એ પિંજરનું નામ છે; સમાધિ-પિંજર.

સમાધિભાવ પ્રાપ્ત થયા પછી ચિત્તને રતિ, અરતિ અને સ્વચ્છંદતા કશું ય જાગતું નથી.

સમાધિમાન્ મહાત્માઓને શોકરૂપી શંકુની વ્યથા-જનિત આકુળ-વ્યાકુળતા કદી થાય જ નહિ; કેમકે તેઓ સદૈવ એવા ભાવજ્ઞાનથી પરિણત હોય છે કે જેના કારણે પુત્ર, પત્ની, ધન, મિત્ર, શરીર અને ઘરથી પોતાની જાતને સદા ભેદના ભાવથી જ નિહાળતા હોય છે. હવે તો પુત્રા-

દિના મરણાદિમાં તેમને શોક એ અસંભવિત ઘટના જ બની જાય ને ?

આ મુનિરાજે તો સમાધિભાવની ધોધમાર વર્ષા કરીને શોકરૂપી અગ્નિને સાવ જ ઠારી નાંખ્યો છે. હવે એમના ચિત્તમાં સન્તાપ સંભવે જ ક્યાંથી ?

રે ! ભલેને કદાચ કોઈ ઇષ્ટવસ્તુનો નાશ થઈ જાય; કે ભલેને કદાચ અનિષ્ટ વસ્તુનો સંયોગ થાય તો ય શું ? આ મહાત્મા તો તેવા સમયે પોતાના નિત્યસ્વભાવનું અને નિયતિ નામના પદાર્થનું ધ્યાન ધરવા જ પલાંઠી મારીને બેસી જાય છે....પછી એમને સન્તાપ ક્યાંથી સંભવે ?

હાર્દિક અનુમોદન

(૧૭) તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની યાત્રાર્થે સહજ રીતે ગએલા વિશાળ સમુદાયને લેવી પડતી આધાકર્મી 'ભક્તિ' જોઈને વડીલ ગુરુએ ત્રણ–ચાર દિવસમાં જ યાત્રાઓ કરીને સહુને વિહાર કરાવી દીધો !

(૧૮) આ મહાત્મા હંમેશ સંવેગરંગશાળાનો ઠીક ઠીક સમય સુધી સ્વાધ્યાય કરતા. જ્યારે પણ તેઓને ગુર્વાજ્ઞાથી જૂદું ચોમાસુ કરવું પડતું ત્યારે તેઓ ચોમાસામાં હંમેશ

ગુરુની દિશામાં થોડાંક પગલાં આગળ વધીને તેમને વંદન કરતા.

(૧૯) આંખની તીવ્ર પીડા દૂર થાય તો સંયમ લઉં એવી ભાવનાથી ભાવિત બનેલા એ મુમુક્ષુને બીજા જ દિવસથી પીડા ઓછી થતાં થતાં નિર્મૂળ થઈ ગઈ. એ આત્મા સંયમ પથનો યાત્રી બની ગયો !

(૨૦) પીઠમાં ફરતા વાની ભયંકર પીડાને ગુરુદેવ સમાધિથી વેદતા હતા. શિષ્યો ગરમ પાણીના શેકની કોથળી લઈ આવ્યા. ભારે સ્વસ્થતા સાથે ગુરુદેવે કહ્યું, મહેમાનને મીઠાઈ ખવડાવાય; ત્રણ–ચાર દી રોકાવાનો આગ્રહ કરાય, પણ કાંઈ ડામ થોડા દેવાય ? તમે તો 'વા' નામના મહેમાનને શેકની કોથળીના ડામ દેવા આવ્યા ? ના.... મારે એ શેક કરવો નથી. કર્મનિર્જરાની આ તો અપૂર્વ, વણમાંગી આવી પડેલી સોનેરી તક છે !

(૨૧) એમની દીક્ષા લેવાની કેવી તીવ્ર તલપ હશે કે ગુરુની પાસે જવા માટે એ મુમુક્ષુ એક સાથે, એક દીમાં ૩૬ માઈલ ચાલ્યો. માત્ર ચાર પૈસાના ચણા ખાઈને.

(૨૨) મધરાતે ગાડીમાંથી ઊતરીને ઉપાશ્રયમાં સાધુ ભગવંતોની સાથે બે યુવાન શ્રાવકો સૂઈ ગયા. રાત્રે એકાએક વિધવા થએલી યુવતીનું કાળમીંઢ–પાણા પીગળી જાય તેવું–રૂદન સાંભળીને તેઓ જાગી ગયા ! "એના પતિ

જેવું અચાનક આપણું મોત થઈ જાય તો ? રાત પણ પૂરી ન વીતે તો ?” એ વિચારે બન્ને યુવાન શ્રાવકોએ મુનિનો વેષ તરત જ પહેરી લીધો. બાજુમાં સંથારો કરેલા બે મુનિઓના રજોહરણ લઈ લીધા. બાકીની રાત નવકાર મન્ત્રના ધ્યાનમાં બેસીને પૂરી કરી. સવારે રજોહરણની શોધ ચાલતાં ઘટસ્ફોટ થયો. બન્ને યુવાનોની વિધિવત્ દીક્ષા થઈ.

(૨૩) સિનેમા જોવાની માતાની ના હતી છતાં દીકરાએ સિનેમા જોયો. આ જાણ થતાં જ માતાએ પ્રાયશ્ચિત્ત રૂપે અઠ્ઠમ કર્યો. દીકરાએ માફી તો માંગી પણ જીવનભર માટે સિનેમાનો ત્યાગ કરી દીધો !

(૨૪) ડોકટરની લાઈન લેવા ઇચ્છતા છોકરાને મધ્યમ વર્ગની માતાએ કહ્યું, “દીકરા ! કોલેજ સુધી તને લાવવામાં મેં ઠીક ઠીક મજૂરી કરી છે. હજી પણ મજૂરી ચાલુ રાખીશ. પણ તું ડોકટર થાય; દેડકાં-વાંદરાં ચીરે અને પૈસા કમાય તે તારી આ માતાથી ખમાય તેમ નથી.

“બેટા ! જે ભણ્યો છે, તેમાં કાંઈ નોકરી મળે તો મેળવ, નહિ તો ઘરે રહે. તારી આ માતા મરશે ત્યાં સુધી મજૂરી કરીને તને ખવડાવશે. તું જરા ય ચિંતા ન કરીશ.”

દીકરો આવી મહાન માતાનાં ચરણોમાં ઝૂકી જઈને ખૂબ રડયો. બીજે જ દી માતાની આશિષે નિર્દોષ નોકરી મળી ગઈ !

પાઠ : ૬

અષ્ટ પ્રવચન–માતા

સંસારમાં જન્મ લેતાં આત્માના શરીરની જાળવણી માટે જન્મદાત્રી એક જ માતા પૂરતી હતી. પણ તે આત્મા 'સંયમ' નામનું સંતાન પ્રાપ્ત કરે છે ત્યારે તેની જાળવણી માટે આઠ આઠ માતાઓની જરૂર પડે છે; જેને પ્રવચન–માતા કહેવાય છે.

જે આઠ બાબતોને પ્રવચન–માતાઓ કહી તે ઉપરથી વિચારવું કે તે આઠ બાબતો સંયમજીવનની રક્ષા માટે કેટલી બધી મહત્ત્વની હશે ?

જેની પાસે શાસ્ત્રોનું બીજું કશું વિશેષ જ્ઞાન નથી તે માષતુષ મુનિને પણ જ્ઞાની કહ્યા છે તેનું કારણ એ જ છે કે તેમની પાસે પ્રવચન–માતાઓનું જીવંત જ્ઞાન હતું. તેઓ આ પ્રવચન–માતાઓના સંપૂર્ણ પાલક હતા.

આ પ્રવચન–માતાઓનું સ્થૂલ સ્વરૂપ આ પ્રમાણે છે : (૧) ઈર્યાસમિતિ – જોઈને : ઉપયોગ પૂર્વક–ગમનગમનાદિ કરવા. (૨) ભાષાસમિતિ– નિરવદ્ય ભાષા બોલવી. (૩) એષણા સમિતિ – ગોચરી, પાણી વગેરે શાસ્ત્રોક્ત દોષો વિનાના લાવવાની વિધિ કરવી. (૪) આદાન ભંડમત્તનિક્ખે-

વણા સમિતિ – પૂંજી પ્રમાર્જીને દરેક વસ્તુ લેવી–મૂકવી. (૫) પારિષ્ઠાપનિકા સમિતિ– માત્રુ વગેરે પરઠવતાં ઉપયોગ રાખવો (જેથી જીવહિંસાદિ ન થાય.) (૬) મનોગુપ્તિ (૭) વચનગુપ્તિ (૮) કાયગુપ્તિ. – મન, વચન અને કાયાને અશુભ યોગોથી નિયન્ત્રિત રાખવા. અને શુભમાં પ્રવર્ત્તાવવાં.

ચારિત્ર્યધર્મના જઘન્યકોટિના પાલનમાં આ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ અષ્ટ પ્રવચન–માતાનું સ્થાન અત્યંત આવશ્યક ગણાય છે. જેની પાસે આટલું ય જ્ઞાન કે પાલન નથી તે જઘન્યથી પણ ચારિત્ર્યધર કહેવાતો નથી.

વર્તમાનકાળની તો એવી કમનસીબી છે કે આ પ્રવચન–માતાઓની ભારોભાર ઉપેક્ષા થઈ છે.

નીચે જોઈને ચાલવાને બદલે આડું-અવળું ઊંચું જોતાં ચાલવું; વાતો કરતાં ચાલવું વગેરે તો સામાન્ય બાબતો થઈ પડી છે.

બોલતી વખતે મુહપત્તિનો ઉપયોગ લગભગ નષ્ટ-પ્રાયઃ થયો છે. પૂંજવા, પ્રમાર્જવાનું તો ભાગ્યે જ યાદ આવતું હશે. ટૂંકમાં આઠે ય માતાઓ અણમાનીતી થઈ પડી હોય તેવી સ્થિતિ પેદા થવા લાગી છે.

આમ છતાં સહુનું પોતાનું શાસન – આહારપાણીની પ્રાપ્તિથી માંડીને મહોત્સવો કે જિન–મંદિરાદિનાં નિર્માણો વખતે મોટી પત્રિકાઓ બહાર પાડવા વગેરેરૂપ–ખૂબ સારી રીતે ચાલી રહ્યું છે માટે આ માતાઓની ઉપેક્ષા સંબંધી લેશ પણ ચિંતા લગભગ કોઈને થતી નથી.

કેવી કમાલ વાત ગઈ છે કે જેના કારણે આપણે જગતમાં યશકીર્તિ પામી રહ્યા છીએ તે સંયમ અને તેની માતાઓની જ ઉપેક્ષા કરી છે! બેસવાની જ ડાળ ભાંગવાનું કામ આપણા હાથે થઈ રહ્યું છે.

નૂતન દીક્ષિતોને આ અંગેની સાચી કોઈ તાલીમ મળતી નથી. એઓ પણ ઉઘાડા મોંએ બોલતા; પૂંજ્યા વિના પ્રવૃત્તિ કરતા, પરઠવવાની અવિધિઓ કરતા થોડા જ દિવસના દીક્ષાપર્યાયમાં જોવા મળે છે.

ઉકરડામાં ગુલાબ પડે તો ય શું? પછી તો એ ય ઉકરડો જ બને ને?

આ ખૂબ જ ગંભીર બાબત છે. આપણે સહુએ આ માતાઓના પાલન વગેરે તરફ દુર્લક્ષ કરવાનું બંધ કરવું જોઈએ. જો બાહ્ય પ્રવૃત્તિઓ વધી જવાથી આમ બન્યું હોય તો થોડા સમય માટે તે બધી બાહ્ય પ્રવૃત્તિઓ છોડી દેવાનું જરા ય ખોટું નથી; પરન્તુ આ માતાઓની ધરાર અવગણના તો અત્યન્ત અહિતકર બની રહેશે.

આ જોઈને ક્યારેક એવું તારવણ નીકળે છે કે ભૂતકાળના મહાત્માઓ કદાચ આજના મહાત્મા જેટલા વિદ્વાન નહિ હોય પરન્તુ સંયમી તો પૂરા હતા.

આજે? વિદ્વાન્ ઘણા હશે પણ સંયમપાલનમાં સાવ કાયર બની ગયા હશે.

આટલું ધ્યાનમાં લેવા જેવું

(૧૮) મુખાદિ—પ્રક્ષાલન અંગે :

કેટલાકોને મુખ વગેરે ધોવાની ઇચ્છા થાય છે; ક્યારેક તેનો અમલ પણ થાય છે. મુનિ–જીવન માટે આ વૃત્તિ અને પ્રવૃત્તિ અત્યન્ત ઘાતક છે. આવી સ્થિતિવાળા આત્માઓનું બ્રહ્મચર્ય ક્યારેક આફતમાં આવી પડે તો મને જરા ય નવાઈ ન થાય; કેમકે આ પ્રવૃત્તિ જ પતન તરફના પગરણરૂપ છે.

શાસ્ત્રકાર પરમર્ષિઓએ તો બહાર–સ્થણ્ડિલ–ભૂમિએ જઈને આવ્યા બાદ પણ–પગ ધોવાની મનાઇ કરી છે. માત્ર ક્યાંક પગ ખરડાયા હોવાની શંકા હોય તો જ તેનું પ્રક્ષાલન થઇ શકે; પણ તે ય સામાન્યતઃ છબછબીઆં કરીને તો નહિ જ. નિષ્કારણ અંગપ્રક્ષાલન એ બ્રહ્મચર્યનું ઘાતક બની શકે છે. માટે જ સ્નાનનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે ને? એથી પણ મુનિઓ ગૃહસ્થની જેમ જિનેશ્વરદેવની અષ્ટપ્રકારી પૂજા નથી કરતા ને?

(૧૯) પાતરાદિના પ્રતિલેખન અંગે :

સવારે પોરસી ભણાવીને જે પાતરા, તરપણી, પલ્લા, ઝોળી, ગુચ્છા આદિનું પ્રતિલેખન કરવાનું હોય છે તે સૂત્ર પોરસી ભણાવીને–બરોબર સમયે કરવાનું હોય છે. એના

સમયથી જેટલું મોડું થાય તેમ તેનું પ્રાયશ્ચિત્ત વધતું જાય છે. માટે પોરસી પડિલેહણ (સૂર્યોદયથી પોણા પહોરે) સમયસર જ કરવું જોઈએ. કોઈક ખાસ કારણે પાંચ-દસ મિનિટ વહેલું થઈ શકે ખરું; પણ બને ત્યાં સુધી મોડું તો ન જ કરવું.

સામાન્ય રીતે વસ્ત્રોનું પ્રતિલેખન ઊભડક પગે અને પાતરા, તરપણી, ચેતનો વગેરેનું પડિલેહણ પલાંઠી મારીને —બેસીને— કરવાનું હોય છે. આ પોરસી પડિલેહણમાં પાતરાદિનું પડિલેહણ પલાંઠી મારીને કરતાં કરતાં વચ્ચે જે પલ્લા, ઝોળી, રજસ્રાણ વગેરે વસ્ત્રોનું પડિલેહણ આવે તે પણ પલાંઠી મારીને બેસીને જ કરવાનું વિધાન છે. જો તે વસ્ત્રોનું પડિલેહણ ઊભડક પગે કરવામાં આવે તો વારંવાર પલાંઠી છોડીને ઊભડક પગે બેસવું પડે. આમ કરવાથી થોડોક વધુ સમય જાય એટલે એટલો સ્વાધ્યાયને વ્યાઘાત પહોંચે. આવા સ્વાધ્યાય-વ્યાઘાત ન પહોંચે તે માટે ઝોળી પલ્લા વગેરે વસ્ત્રોનું પણ પડિલેહણ પલાંઠી મારીને જ કરવાનું વિધાન છે.

આ ઉપરથી સમજાશે કે મુનિઓએ કેવા સ્વાધ્યાયશૂરા અને સ્વાધ્યાયપૂરા બનવું જોઈએ!

(૨૦) તપ અંગે :

બને તો કાયમ ફ્રૂટ, મેવો, મીઠાઈ, તળેલુંના ત્યાગપૂર્વકના એકાશનથી ઓછું પચ્ચકખાણ ન કરવું. તે આવ્યા પછી મહિનાની ત્રણ તિથિ આયંબિલ અને બે

ચતુર્દશીના બે ઉપવાસ પણ ખેંચીને ય કરવા જરૂરી છે. આટલું થાય તો આરોગ્ય પણ ખૂબ સારું રહે. હવે પછી જે કાંઈ વધુ તપ થાય તે કરવો. પરન્તુ આ પાયાનો તપ તો કદી મૂકવો નહિ. પછી ગીતાર્થ ગુરુદેવ જે આજ્ઞા કરે તે તરત જ તહત્તિ કરવું.

(૨૧) આરાધનાના ઉલ્લાસ અંગે :

કયારેક કેટલીક તપ, જપ કે સ્વાધ્યાયની આરાધનાનો ખૂબ ઉલ્લાસ આવી જાય છે. આવી સ્થિતિમાં નાનાં કે મધ્યમ કારણોને આગળ કરીને અંતરાય કરવા તરફ વડીલોએ ન જવું જોઈએ. ઉલ્લાસની પળો ઝટ ઝટ આવતી નથી. તપ વગેરે કરવાથી આરોગ્ય ખલાસ થઈ જશે એવી માન્યતાનો જલદી જલદી ભોગ બનવું નહિ.

જે માંદા પડયા તે ખાઈને જ માંદા પડયા છે. તપ કરવાથી માંદા પડી જવાની વાત તો કવચિત જ સાંભળવા મળે તેવી છે.

કેટલી વાર સંસારીપણાના સંબંધની મોહદશાને લીધે પણ તપ આદિમાં અંતરાય કરવામાં આવે છે; જે ખૂબ જ અનુચિત છે. આવી ભૂલ કદાપિ કરવી નહિ.

(૨૨) પ્રાયશ્ચિત્ત અંગે :

સૂક્ષ્મતમ પાપોનું પણ પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. એમાં કદી પીછેહઠ કરવી નહિ. લક્ષ્મણાજી અને રૂકમી

વગેરેનાં દૃષ્ટાન્તો નજર સમક્ષ રાખવાં જેથી માયાદિથી રહિતપણે શુદ્ધ આલોચના કરવાનું મન થશે.

ગમે તેટલી આરાધના કરવામાં આવે પણ જો માનસિક પણ વિરાધનાની શુદ્ધિ (ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત વડે) નહિ કરવામાં આવશે તો વિરાધિત સંયમીને ભૂતપ્રેતની હલકી દેવયોનિઓમાં જન્મ મળે છે. આવી ભયાનક સ્થિતિ પેદા ન થવા દેવી હોય તો સ્વાધ્યાય, તપ વગેરેમાં પાછા પડો તો ય પ્રાયશ્ચિત્ત કરવામાં તો કદી પાછા પડશો નહિ.

નાની પણ વિરાધના તો આરાધનાના સમગ્ર જીવન ઉપર છાઈ ગએલો અંધારપટ (બ્લેક આઉટ) છે.

ગમે તેમ કરીને એવા ગીતાર્થ, ગંભીર પ્રાયશ્ચિત્ત દાતા ગુરુને તમે શોધી કાઢજો. આજની તારીખમાં પણ તેઓ આ ભરતક્ષેત્રમાં પણ છે જ; માત્ર તમે તેમને શોધી કાઢો એટલું જ જરૂરી છે.

કાયાના કે વાણીના પાપોના પ્રાયશ્ચિત્ત તો રાબેતા મુજબ સહુ કરતાં હશે; પણ ધન્યથી પણ ધન્ય તો તે છે કે જે મનનાં સૂક્ષ્મ પાપોનું ય શુદ્ધ આલોચન કરે છે.

પ્રશ્નોત્તરી

સવાલ (૧૦) દીક્ષા લેતાં પહેલાં શિખરજી આદિ તીર્થોની કલ્યાણભૂમિઓની સ્પર્શના કરી લેવાનું જરૂરી ખરું ?

જવાબ : તીર્થભૂમિઓની સ્પર્શના કરવાથી સમ્યગ્‌-દર્શનની વિશિષ્ટ નિર્મળતા થાય છે; વળી દીક્ષા લીધા બાદ એ તીર્થભૂમિઓની યાત્રા સંયમજીવનના નિર્દોષ નિર્વાહ સાથે કરવાનું લગભગ મુશ્કેલ છે. કેમકે વિહારના માર્ગોમાં અનેક માઈલો સુધી ગોચરી આદિ દુર્લભ બને છે. એથી ખાસ રસોડાં સાથે રાખવાં પડે જે સામાન્યતઃ ઉચિત ન ગણી શકાય. સંયમીને તો શાસ્ત્રનીતિના સંયમ-જીવનનું પાલન એ જ તીર્થયાત્રા. એને તો સંયમયાત્રા એ જ મહાયાત્રા.

આવાં કારણોસર એમ કહી શકાય કે તે તીર્થભૂમિ-ઓની સ્પર્શના દીક્ષા લેતાં પહેલાં થઈ જાય તે જરૂરી છે.

પરન્તુ અહીં પ્રસંગતઃ એક વાત કરી લઉં.

જો આ તીર્થયાત્રામાં વિજાતીય પરિચયાદિ થતાં હોય અને તેમાં ક્યારેક બ્રહ્મવ્રતને બાધ લાગે તેવી સ્થિતિ સુધીના કિસ્સા બનતા હોય તો ખાસ કરીને દીક્ષાર્થી બેનોએ આ યાત્રા કરતાં પૂરી કાળજીઓ કરવી જોઈએ.

તો તેમ ન બને તો બહેતર છે કે એ તીર્થયાત્રા ગૌણ બને; મનથી જ અહીં બેઠાં એ પરમાત્માઓને વંદન, પૂજન કરી લેવાં ઘટે.

આ કેટલી બધી દુઃખદ બીના છે કે તીર્થયાત્રા જેવા પ્રસંગોમાં પણ કેટલાક અત્યંત અઘટિત પ્રસંગો બની જાય છે! પહેલું શિયળ; પછી જ બધું.

સવાલ (૧૧): દીક્ષા લેવામાં માતાપિતા મોહના કારણે અંતરાય કરે તો તેમને છોડીને દીક્ષા લઈ શકાય ખરી?

જવાબ: પંચસૂત્રાદિ ગ્રન્થોમાં કહેલી વિધિપૂર્વક છેલ્લે–માતપિતાને છોડીને પણ—દીક્ષા લઈ શકાય છે, પણ સબૂર! આવી સ્થિતિમાં માતપિતાને છોડી દેવાના છે; પરન્તુ તરછોડી દેવાના તો નથી જ. એમના હૈયે જાગેલી મોહની આગ ઠારવા માટે દીક્ષાર્થી સંતાન જ્ઞાન અને સંયમનું પાણી લેવા જાય છે. એ પાણી લાવીને એમની આગ ઠારવાની છે. આ કારણસર જ એમને છોડવાં પડે છે, અને છોડવા જોઈએ પણ ખરા. પરંતુ તે વખતે ય દીક્ષાર્થીના હૈયામાં તેમને તરછોડવા સ્વરૂપ તિરસ્કારનો ભાવ તો અલ્પાંશે પણ ન જ હોવો જોઈએ.

ક્યારેક આવો તિરસ્કાર પણ જોવા મળે છે. ક્યારેક તો વળી અપરિણત ગુરુવર્ગ તરફથી પણ આવો તિરસ્કાર કરવાની પ્રેરણા પણ કરવામાં આવે છે; જે અત્યન્ત અનુચિત છે.

જો તેમ જ થઈ શકતું હોય તો પરમાત્મા મહાવીરદેવનો ગર્ભાવસ્થાનો માતપિતાની ભક્તિનો જે પાઠ જગતને શીખવવામાં આવ્યો છે તેનો કેવો રકાસ થાય ?

સવાલ (૧૨) : દીક્ષાના દૈનિક જીવનમાં જપ અને ધ્યાનની જરૂર ખરી ?

જવાબ : હાસ્તો વળી. શા માટે નહિ ? જ્યારે જ્યારે સ્વાધ્યાયાદિથી અવકાશ મળે ત્યારે જપ કે ધ્યાનમાં બેસવું જ જોઈએ. આ યોગો તો આત્મામાં પડેલી અનાદિકાલીન વાસનાઓના સહજ મળને ઊખેડનારા અને તથાભવ્યત્વને પકવનારા છે. એના વિના તો આપણને કદી ચાલી ન શકે.

જ્યારે ક્યારે ય આવશ્યકાદિ ક્રિયાઓ, સ્વાધ્યાય, ગુરુ-સેવાદિથી વિરામનો સમય મળે કે તરત જ માતા—અરિહંતના ખોળામાં જઈને સૂઈ જવું જરૂરી છે. આ એવું મજાનું 'રીલેક્સેશન' છે કે આપણે એકદમ સ્વસ્થ બની જઈએ.

જપ અને ધ્યાન બ્રહ્મચર્યની દસમી વાડ છે. અહંકારના તે નાશક છે; ચિત્તશાન્તિના તે ઉદ્ગાતા છે. આના વિના આપણા અનેક દોષોનું ઉન્મૂલન શક્ય જ નથી.

રાત્રિના સમયમાં ઓછામાં ૧।। થી ૨ કલાકના જપ વગેરે તો સહુએ કરવા જોઈએ એમ મને લાગે છે. મન્ત્રાધિરાજ શ્રી નવકારની પ્રધાનતાપૂર્વક ઋષિમંડલ, નમિઊણ, સરસ્વતીજી, વર્ધમાનવિદ્યા વગેરે જે રસોલ્લાસની જમાવટ કરતા હોય તે મન્ત્રો વગેરેના જપ એક માત્ર મોક્ષના હેતુથી યોગ્યતા પામીને કરવા જ જોઈએ.

એ બધું કર્યા બાદ રોજ પરમાત્માને પ્રાર્થના રૂપે કહેવું જોઈએ કે, "હે ભગવન્! આપના (મારા નહિ) પ્રભાવે (મારા ભાવે નહિ) અમારા બધાયના (મારા એકલાના નહિ) દુર્ભાવો નષ્ટ થાઓ, સદ્ભાવો પ્રગટ થાઓ અને અન્તે સ્વભાવ પ્રાપ્ત થાઓ."

સહુના હિતચિંતનથી ધર્મનો આરંભ થાય છે. સ્વહિતકરણમાં ધર્મનો પૂર્ણ વિકાસ થાય છે એ વાત આપણે કદી ભૂલવી ન જોઈએ.

સવાલ (૧૩) : ગૃહસ્થજીવનમાં ધર્મક્રિયા કરતી વખ જે આનંદોલ્લાસ આવતો હતો તે મુનિ-જીવન સ્વીકાર્યા બાદ ઘટતો ચાલ્યો છે? શું કારણ? શો ઉપાય?

જવાબ : આ ખરેખર કમનસીબ બીના ગણાય. વસ્તુતઃ તો મુનિજીવનના સ્વીકાર બાદ એ ઉલ્લાસ વધી જવો જોઇએ. કેટલાક મુનિઓ તેનો અનુભવ કરે પણ છે.

વિચાર કરતાં આવું બનવા પાછળ એક કારણ હાથમાં આવે છે. જે મુમુક્ષુઓ દીક્ષા લેવાની પૂર્વભૂમિકામાં માત્ર ત્યાગભાવ જ ધરાવતા હોય અને સાંસારિક પદાર્થો પ્રત્યે તીવ્ર વિરાગ (અનાસક્તિ) નહિ ધરાવતા હોય તેઓ દીક્ષા-સ્વરૂપ સંસારત્યાગ થતાંની સાથે કર્તવ્યશૂન્ય બની જતા હશે. તેમના મનમાં સંસાર-ત્યાગ એ જ દીક્ષાનું લક્ષ હશે. આ લક્ષ જેવું સિદ્ધ થઈ જાય કે પછી હવે એ દીક્ષામાં શું કરવું? તેનો તેમણે કોઈ નકશો કે 'પ્લાનિંગ' પહેલેથી કરી રાખ્યું નહિ હોય. આમ ત્યાગ તો થઈ ગયો અને

વિરાગની તીવ્રતા તો છે નહિ એટલે દીક્ષિત જીવનમાં બધું શૂન્યવત્ ભાસવા લાગે; એટલે ફલતઃ ધર્મક્રિયાઓમાંથી આનંદ ઊડી જાય કે ઓસરવા લાગી જાય.

એટલે જ પેલી કહેવત યથાર્થ છે કે, 'ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના.'

વર્તમાન સમયનો પ્રવાહ જ એવો છે કે તેમાં જેટલું ત્યાગને મહત્ત્વ અપાય છે તેટલું વૈરાગ્યને મહત્ત્વ આપવામાં આવતું નથી. જેને સંસાર ત્યાગીને દીક્ષા લેવી છે એ વ્યક્તિ ઘરમાં, કુટુંબમાં કે પોતાના વતનમાં ખૂબ મહાન્ બની જાય છે. પછી આ વ્યક્તિના જીવનમાં વિરાગની આગ ભભૂકી ઊઠેલી ભલે કદાચ જોવા ન મળે.

મેં તો એવી મુમુક્ષુ વ્યક્તિઓ જોઈ છે, જે દીક્ષાના આગલા દિવસ સુધી શારીરિક વિભૂષા, ભાષાના લટકા, ખાવાના ચટકા, સિનેમા, આઈસ્ક્રીમ, કાશ્મીર વગેરેના છેલ્લે છેલ્લે શોખ કરી લેવાના અભરખાથી તેઓ ગળા સુધી આસક્ત હોય.

શું આવી વિરાગ-શૂન્ય વ્યક્તિ દીક્ષા માટેની લાયકાત ધરાવે છે? ના.... હરગિજ નહિ.

એક વ્યક્તિને 'બસ દીક્ષા લઈ લેવી છે' એથી કાંઈ તેનામાં દીક્ષાની પાત્રતા આવી ગઈ છે એમ કદી માની શકાય નહિ. દીક્ષા પ્રત્યેના તીવ્ર આદરની સાથોસાથ

સુખમય સંસારના પ્રત્યેક ભોગ પદાર્થ પ્રત્યે તીવ્ર અનાદર-ભાવ હોવો જ જોઈએ.

જેના જીવનમાં આવો અનાદર નથી અને છતાં 'દીક્ષા'ના આદરની ધૂન (!)માં જેણે દીક્ષા લીધી હોય છે તેઓની દશા દીક્ષા-જીવનના બીજા જ દિવસથી કર્તવ્ય-મૂઢ; દિશાશૂન્ય, બેચેન બની જાય છે.

બસ; પછી એ મનની અજંપાભરી સ્થિતિમાંથી નાહકના કલેશ-કંકાસ ગુરુવર્ગ, સ્વજનવર્ગ વગેરે પ્રત્યે પેદા થઈ જાય છે; જેને દેવ, ગુરુની આજ્ઞા વગેરે પ્રશસ્ત પદાર્થો તરફ મહિને બે મહિને પણ ભારે રાગ જામતો નથી એને હવે પેલો જ, સંસારનો રાગ પ્રગટ થાય છે. એ રાગ સારું ખાવાના, સારું પહેરવાના, સારું જોવાના વગેરે અનેક રૂપે દેખા દેવા લાગે છે. પછી તો સ્વાધ્યાય અને ધ્યાનનું સ્થાન ગૃહસ્થ-મિત્રમંડળ બનાવીને કલાકોના ગપ્પા લે છે. મન્ત્રજપના સ્થાને કપડાંની ટાપટીપો ગોઠવાય છે. તપના સ્થાને ખાવા-પીવાનો શોખ ગોઠવાય છે. ટૂંકમાં, પ્રશસ્તના નામે અપ્રશસ્ત વૃત્તિઓ પોતાનો ખોરાક મેળવ્યા કરતી રહે છે. હવે આવી – મરવાના વાંકે જીવતી – વેષને દ્રોહ દેતી – વ્યક્તિને ધર્મક્રિયામાં આનંદ કે ઉલ્લાસ ન આવે તેમાં નવાઈ શી ?

ખરેખર તો ગુરુ-વર્ગે જ પાત્રતાની પુનઃ પરીક્ષા

કરવી જોઈએ. ભાવના માત્રને દીક્ષાની યોગ્યતા સમજી લેવાની ભ્રમણામાંથી ગુરુવર્ગે બહાર નીકળી જવું જોઈએ. જો ગુરુવર્ગ જ અધીરો કે લાલચુ બનશે તો બિચારા નિર્દોષ જીવોને દીક્ષિત-જીવનમાં પારાવાર હાનિ તો થશે, પણ દીક્ષા લઈને પસ્તાયાનો પ્રત્યેક પળે નિસાસો નાંખતાં રહીને એવું તીવ્ર મોહનીય કર્મ તે બાંધશે કે અસંખ્ય ભવે પણ પુનઃ મુનિજીવન હાથમાં નહિ આવે.

વિરાગ વિનાનો ત્યાગ જો ત્યાગના દેખાવમાં ચાલુ જ રહે તો એટલો ભયાનક અને એટલો બેકાબૂ રાગ એ ત્યાગના ઓઠા નીચે જન્મે કે જેના અસહ્ય દબાણના વિકૃત રૂપે ક્લેશ, કંકાસ અને કજીઆ પ્રગટ થાય એ ગ્રુપનું વાતાવરણ એટલું બધું કલુષિત થવા પામે કે તે વિરાગ વિનાની એક જ ત્યાગી દીક્ષિત વ્યક્તિ તેનો ભોગ નહિ બને પણ તેનો ગુરુવર્ગ અને સહવર્તી વર્ગ બધા ય કલુષિત વાયુમંડળનો ભોગ બન્યા વિના નહિ રહે.

જો આ સ્થિતિ ન સર્જવા દેવી હોય તો પાત્રતાનો વિચાર અને તેની ભારે કસોટીને ગુરુવર્ગે ગંભીરપણે ધ્યાનમાં લેવાં જ પડશે; નહિ તો ફરિયાદો ચાલુ રહેશે અને ઉકેલો કદી નહિ જડે.

શાસ્ત્રવિચાર
[વૈરાગ્ય-કલ્પલતા]

ઓ, સમાધિમાન્ મુનિવરો! આપને તો અમારા કોટાનકોટિ વંદન.

આપના અછતા દોષોને ચોરે-ચૌટે ફેલાવવાનો ધંધો લઈ બેઠેલા દુર્જનો પ્રત્યે પણ આપની આંખની એકાદ પણ ભ્રૂકુટી રોષથી ઊંચી થઈ જતી નથી!

અને કમાલ! કોઈ આપના ગુણો ગાય તો ય આપના અંતરના કોઈ તારમાં ક્યાં ય ગલગલીઆં થઈ જતા નથી. અને....દંભી જીવનનાં તોફાનો તો ક્યાંય શોધ્યા જડતા નથી. પરપદાર્થની મૂર્ચ્છામાંથી ઉત્પન્ન થતી વિહ્વળતાઓના વિપ્લવો આપના સ્વપ્ને ય ઉદ્ભવતા નથી!

નથી તો કદી એ સમાધિમાન્ મહાત્માઓ કોઈની કામ-વાસનાઓને ઉદ્દીપિત કરતા કે નથી તો એ બીજાઓના ઠઠ્ઠા-મશ્કરીના અડ્ડામાં કદી રસ ધરાવતા.

મિથ્યાદષ્ટિઓની જમાતમાં પણ એ મહાત્માઓ હાસ્યાદિ દ્વારા વાતાવરણને તુચ્છ રીતે વિસ્તારવામાં કદી તત્પર બનતા નથી.

અન્ય ધર્મોમાં પણ સંતોએ બૂમબરાડા, ઠઠ્ઠા, હસાહસી વગેરેને સમાધિના અપકવ ભાવો કહેલા છે.

સમાધિનો પરિપાક થાય ત્યારે તો સહજ રીતે સંસાર-

સ્વરૂપ ચિંતનની દૃષ્ટિ તથા સમાધિની અત્યુત્થાન દશા (સમતાની સ્થિતિ) જીવંત બનવા લાગે છે.

ઓ મુનિવરો ! જ્યારે સમાધિભાવ પામવા દ્વારા આપણે આપણા આત્મામાં જ પલાંઠી મારીને બેસી જઈએ પછી આપણા શરીરના રૂપ, રંગ, આરોગ્ય કે દુર્બળતા આદિને તપાસ્યા કરવાની હલકી સ્થિતિમાં તો ચક્કર કાપતા ન જ હોઈએ ને ?

સંયમના ઉપકરણભૂત વસ્ત્ર વગેરેની – મનમાં ગલગલીઆં ઉત્પન્ન કરતી – ટાપટીપોમાંથી તો આપણું મન સંપૂર્ણપણે ઊભગી જ ગયું હોય ને ?

હાસ્તો....પૌદ્ગલિક ભાવો સાથે આત્મરતિને મેળ જ ક્યાં છે ?

જેના અંતરમાં સમાધિના સુખના ફુવારા ઊડવા લાગ્યા એવા યોગીજનોને બાહ્ય–ભોગસુખોમાં રસ જ ન પડે તેમાં કશી નવાઈ નથી.

જેના ઘર–આંગણે જ કલ્પતરુ ઊગ્યાં છે એ ધનાર્થી શા માટે જંગલમાં લાકડાં કાપવા જાય; અને તેનો ભારો ઊંચકી લાવીને જગત્‌ના બજારમાં ધૂમ તાપે વેચવા ઊભો રહે !

પૌદ્ગલિક પદાર્થ પ્રત્યે મુનિઓને એવો કોઈ હર્ષ ઊભરાઈ જતો નથી, ન તો એમને પ્રતિષ્ઠા પામવાની કોઈ લત જાગતી નથી.

નથી તો એ સ્વાદરસની ક્રિયાઓના કદી લંપટ બનતા.

કેમકે તે સમાધિસ્થ મુનિવરો જાણે છે કે પ્રતિષ્ઠાની ઘેલછા કે રસનાની નાનકડી પણ આસક્તિ એ આત્મામાં શલ્ય બનીને એવી પેસી જાય છે કે એનાથી આત્મા દુર્ગતિઓમાં જઈને દુઃખી દુઃખી થઈ જાય છે.

હાર્દિક અનુમોદન

(૨૫) એ હતી; ગુરુશિષ્યની અજોડ સંયમી જોડી. તેમણે નાગાપુરથી શિખરજીની યાત્રા શરૂ કરી પણ સહાયક માણસ વિના ! ઠેઠ શિખરજી જઇને પાછા આવી ગયા ! સંપૂર્ણ નિર્દોષ સંયમજીવનની રક્ષા સાથે જ.

(૨૬) જોગમાં પેઠેલા શિષ્યને ગોચરીમાં થોડોક આહાર વધી ગયો. એંઠો પણ થઈ ગયો હતો. વધેલું જો પરઠવે તો દિવસ પડે એ ચિન્તાથી શિષ્યની આંખમાં આંસુ આવી ગયાં ! ગચ્છના વડીલ આચાર્યે તેનાં આંસુ જોઈ લીધાં. બીજા કોઇને કશું ય કીધા વગર તે આચાર્ય ભગવંત તે શિષ્યની બાજુમાં જઇને બેસી ગયા અને સમય જોઇને તેની વધેલી ગોચરી તરત જ વાપરી ગયા !

શિષ્યની આંખે આંસુ તો હજી પણ ચાલતાં હતાં; પણ તે હર્ષનાં હતાં.

(૨૭) તે આચાર્ય મહારાજ દૈનિક છાપાંઓની સાઈડ ઉપરની કોરી પટ્ટીઓ ફાડીઓ ફાડીને લઈ લેતા અને તેની ઉપર પોતાનાં દોહનોને ટપકાવતા; લખતા; અને સાચવી રાખતા.

(૨૮) એ મહાત્મા[illegible]ાલાઈને સાવ જ નાની–હાથમાં માંડ પકડી શકાય તેવડી—પેન્સિલ થઈ જાય તો ય તેનો ઉપયોગ કરીને વધુ કસ કાઢતા.

(૨૯) મહાત્માએ એક દી કોક ભક્તને થોડાક જ રૂપીઆનું કામ દેખાડયું. ભકતે મોં બગાડયું. બસ તે દિવસથી તે મહાત્માએ સદા માટે ભક્તોને પૈસાનું કામ કહેવાનું બંધ કરી દીધું.

(૩૦) એ વ્યાખ્યાનકાર મહાત્માને કોઈ શ્રાવકે સવાલ પૂછયો કે, "આપનું સુંદર વ્યાખ્યાન સાંભળીને આપની પાસે કોઈ પ્રશંસા કરે તો આપને માન–કષાય જાગે ખરો ? જો આપ નિખાલસભાવે 'હા' કહો તો મારો બીજો સવાલ એ છે કે, 'જેનાથી પોતાનું અહિત થાય અને બીજાનું હિત થતું દેખાય તેવી પ્રવૃત્તિ જૈન સાધુથી થઈ શકે ખરી ?"

આ સાંભળીને તે વ્યાખ્યાનકાર મહાત્મા ઊંડા આત્મ-નિરીક્ષણમાં ગરકાવ થઈ ગયા. ત્યારથી તેમણે આગાઢ કારણ સિવાય વ્યાખ્યાનની પાટનો ત્યાગ કરી દીધો !

(૩૧) એ મહાત્માએ લગાતાર બત્રીસ વર્ષ સુધી વર્ષીતપ કર્યો. તેઓ ઉપવાસને પારણે એકાસણું કરતા; અને પારણામાં નાકેથી દૂધ વાપરી જતા. તેઓ કહેતા કે આથી રસ ઉપર વિજય મળે છે અને આરોગ્ય પ્રાપ્ત થાય છે.

પાઠ : ૭

દીક્ષા અને પાત્રતા

ષોડશક પ્રકરણમાં પૂજ્યપાદ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ 'દીક્ષા' શબ્દનો નિરુક્તાર્થ કરતાં કહ્યું છે કે જેના વડે જગતને શ્રેયનું દાન કરવામાં આવે અને જાતને અશિવથી મુક્ત કરવામાં આવે તે દીક્ષા કહેવાય. આવી દીક્ષા વિશિષ્ટ કોટિના જ્ઞાનીને જ પ્રાપ્ત થાય છે; બધા આત્માઓને નહિ.

ટૂંકમાં દીક્ષિત તે કહેવાય કે જેના તમામ યોગોથી સ્વનું હિત થાય અને પરનું અહિત તો ન જ થાય.

એક કાળ એવો હતો કે જ્યારે દીક્ષાગ્રહણ ખૂબ દુર્લભ હતું. આજે દીક્ષાનું ગ્રહણ ખૂબ સુલભ થઈ ગયું છે. સંતાનાદિને દીક્ષા દેવા પ્રત્યેની વડીલોની સૂગ લગભગ નામશેષ થઈ છે. પરન્તુ આ દીક્ષાનું ગ્રહણ ખૂબ સુલભ થવાથી જ એમ લાગે છે કે દીક્ષાનું શાસ્ત્રોકત પાલન ખૂબ દુર્લભ થઈ ચૂકયું છે.

સુલભ–દીક્ષાને કારણે પાત્રતા વિનાના આત્માઓની પણ દીક્ષાઓ કયારેક થવા લાગી છે. વળી દીક્ષિત જીવનમાં ભોગરસની પ્રધાનતાવાળી સગવડો પણ વિપુલ પ્રમાણમાં થવા

લાગી છે. આથી અનેક દીક્ષિત આત્માઓ ‘ મોડર્ન ’ જીવન જીવવાની લાલચમાં તણાયા છે; જ્યાં એમનાં જીવન અનેક પ્રકારનાં પાપોથી ગોઝારાં બન્યાં છે.

દીક્ષા લેનારાઓની પાત્રતાની ખામીની આટલી જ વાત કર્યા પછી દીક્ષા દેનારાઓની પાત્રતાની ખામીનો આઘાત અને આશ્ચર્યભર્યો નિર્દેશ અહીં કરવાનું મુનાસીબ લાગે છે.

દીક્ષિતોની ‘ મા ’ બનવાની કળા વિશાળ ગુરુવર્ગમાં સર્વત્ર હોતી નથી. એ માત્ર દીક્ષા દઈ દેવામાં શિષ્યોના સંખ્યાબળમાં ગુરુપદની મહાનતામાં જ માનતો વર્ગ છે. આવા ગુરુવર્ગ પાસે શાસ્ત્રબોધ પણ હોતો નથી. તેમાંના કેટલાક સાધુઓ કે કેટલાક સાધ્વીઓ ખૂબ અનિચ્છનીય રીતો (ધનાદિની લાલચ વગેરેની) અપનાવીને પણ દીક્ષા દેવામાં કશું જ ખોટું સમજતા નથી. આવા પ્રસંગોમાં ક્યારેક તો ઘણી મોટી શાસનહીલના થતી હોય છે. વળી આવી રીતોથી આપવામાં આવેલી દીક્ષાઓ પ્રાયઃ સફળ થતી નથી. સમગ્ર ગ્રુપનું જીવન સુખ અને શાન્તિ ખોઈ બેસે છે. દીક્ષિત વ્યક્તિ ચિંતાઓનો ભોગ બનીને – વધારામાં– આરોગ્ય પણ ખોઈ બેસે છે.

એકબીજાના દોષદર્શનમાં અને દોષવર્ણનમાં; જુદા ચોકા જમાવીને ભક્ત, ભક્તાણીના ટોળાં–ગુરુ બનેલા આત્માના અમૂલ્ય જીવનનું પાણી કરી નાંખવામાં મદદગાર બનતાં હોય છે.

જેણે આ વાત અનુભવી હોય; આવી ભૂલ જેણે પોતે જ કરી દીધી હોય તે સહુ હવે આનું પુનરાવર્તન ન કરે તો ય ઘણી શાસન–હીલનાનું અને આશ્રિત પરાત્માના મોટા અહિતનું નિવારણ થઈ જશે એમ લાગે છે.

આટલું ધ્યાનમાં લેવા જેવું

(૨૩) સ્થણ્ડિલ–શુદ્ધિ અંગે :

જ્યારે સ્થણ્ડિલ જવાનું થાય ત્યારે બેસતાં પહેલાં આસપાસ જોઈ લેવું કે વસતિ નિર્જન છે ને? એકદમ વાંકા વળીને જમીન ધારીને જોવી કે એકાદ પણ જીવ–જંતુ અથવા વનસ્પતિ કે કીડીનાં નગરાં વગેરે ત્યાં નથી ને?

ત્યાર બાદ 'અણુજાણહ જસ્સુગ્ગહો' બોલીને બેસવું. બેસતી વખતે ઓઘો બરોબર ગોઠવવો. દાંડો કે તરપણી ધરતી ઉપર ન મૂકી શકાય. બે ય અનુક્રમે ખોળામાં અને હાથમાં જ રાખવાં જોઈએ.

પાણીનો ઉપયોગ કરવાના પ્રસંગે પાણી મળ ઉપર ન પડે તેની કાળજી રાખવી અને તે માટે જરાક ખસ્યા પછી પાણીનો ઉપયોગ કરવો. પાણી જરૂર પૂરતું વાપરવું.

(શાસ્ત્રવિધિ જાણીને ડગલનો ઉપયોગ કરી શકાય.)

ઊઠતી વખતે ત્રણ વખત 'વોસિરામિ' પદ બોલવું.

કેટલીક વાર લોકોની આવનજાવનની બાબતમાં બેદરકારી દાખવવામાં આવે છે તે ખૂબ અનુચિત છે; વહેલી સવારે ગમે ત્યાં બેસી જવું તે પણ અત્યંત અયોગ્ય છે. આવું થતાં ક્યારેક કેટલાક આત્માઓ અધર્મ પામ્યા છે; એથી શાસન–હીલના થઈ છે.

જો અનુકૂળતા હોય તો ઉપર રાખ પાથરી દેવી. જેને કૃમિની તકલીફ હોય છે તેણે પોતાની સાથે મલને આચ્છાદિત કરવા માટે નાનકડો કાપડનો ટુકડો લઈ જવો. શક્ય હોય તો તેણે છાંયડામાં જ બેસવું, જેથી તે જીવને પીડા ન થાય. અથવા સ્વયં ત્યાં છાંયડો કરીને બે ઘડી ઊભા રહેવું. છેવટે કપડાનો કટકો તો ઢાંકી જ દેવો.

કૃમિ પડતાં હોય તો પ્રાયશ્ચિત્તમાં લખવું.

વાડામાં સ્થણ્ડિલ જવું પડે તો તે પણ પ્રાયશ્ચિત્તમાં લખવું. રાત્રે વાડાની સ્થંડિલ–ભૂમિની વસતિ સારી રીતે જોઈ રાખવાથી પ્રાયશ્ચિત્ત અલ્પ આવે છે. નહિ તો રાત્રે સ્થણ્ડિલ જવાનું પ્રાયશ્ચિત્ત વિશેષ આવે છે. વાડામાં કોરા ટબમાં રખ્યા નાખીને બેસવું. ઊઠતાં પણ મળ ઉપર રખ્યા પાથરવી.

(૨૪) ગૌચરી અંગે :

ગણધર ભગવાન ગૌતમ સ્વામીજીનું સ્મરણ કરીને

ગોચરી વહોરવા નીકળવું. તે પછી 'ધર્મલાભ' સિવાય કે આગાઢ કારણ સિવાય કશું બોલવું નહિ. સાથે જે સંઘાટક સાધુ હોય તેની સાથે પણ વાતો કરતા ચાલવું નહિ. જેમ વિહારમાં સ્વાધ્યાય પણ કરવાનો નથી હોતો કિન્તુ માત્ર ઇર્યાસમિતિનો ઉપયોગ રાખવાનો હોય છે તેમ ગોચરીમાં – રસ્તામાં ચાલતાં ઈર્યાસમિતિનો, અને ગોચરી વહોરતાં એષણાસમિતિના ૪૨ દોષ વગેરે – અંગેનો જ ઉપયોગ રાખવાનો હોય છે.

ગોચરી વહોરતાંની સાથે જ – ખાસ કારણ વિના – ત્યાંથી તરત ધર્મલાભ આપીને નીકળી જવું જોઈએ.

કેટલાક વહોરતાં પહેલાં ' અમુક બાધા કરો તો જ વહોરું ' એવો આગ્રહ રાખતા હોય છે; કેટલાક 'શું ધર્મ-ધ્યાન કરો છો ?' ઇત્યાદિ પ્રશસ્ત કોટિના ગણાતા પ્રશ્નો પૂછતા હોય છે. પણ આ બધું યોગ્ય ન ગણાય. વિશિષ્ટ કોટિના ગીતાર્થની વાત જુદી છે; પરન્તુ તે સિવાયના તમામ ત્યાગીઓએ આમ ન કરવું એ જ એમના હિતમાં છે. બાધા, પ્રેરણા, પૃચ્છા વગેરે બધું ય ઉપાશ્રયમાં થઈ શકે છે; ગોચરી વહોરતાં ઊભા રહીને કોઈના ઘરમાં તો તેમ ન જ કરવું.

(૨૫) 'આદેશ'ની ભાષામાં બોલવા અંગે :

કદી શિષ્યને પણ આદેશની ભાષા – પાણી લાવો; કાપ કાઢી નાંખો; ગોચરી જાઓ વગેરે – માં બોલી શકાય નહિ. તો પછી ગૃહસ્થોના સંબંધની ભાષામાં આદેશ તો કેમ જ

કરી શકાય ? દા. ત., ઓઘ્છવ કરો; આ પોસ્ટકાર્ડ ડબ્બામાં નાંખી દેજો; આટલું કામ તમારે કરવું જ પડશે; પેલી બારી બંધ કરો; આ સ્થાપનાની પાટ ઉપર મૂકી આવો; આટલા રૂપીઆ આ બાબતમાં વાપરી કાઢો....વગેરે.

શાસ્ત્રકાર પરમર્ષિઓએ જણાવ્યું છે કે, "જેઓ આવી આદેશની ભાષામાં વ્યવહાર કરે છે તેઓને ડગલે ને પગલે મૃષાવાદનું પાપ સેવવાના પ્રસંગો આવ્યા કરે છે; કેમકે પોતે કરેલા આદેશનું સામી વ્યક્તિ પાલન ન કરે એટલે પોતે જૂઠો પડી જાય છે. વળી આ સ્થિતિમાં અમલ ન થતાં ક્રોધાદિ જાગવાની પણ શકયતા હોય છે.

ત્યાગીએ તો નિરવદ્યનો ઉપદેશ આપવો તે જ યોગ્ય છે. સામી વ્યક્તિ તેનો અમલ કરે તો ય મધ્યસ્થભાવ અને અમલ ન કરે તો ય મધ્યસ્થભાવ.

આદેશ કરનારાઓને આદેશનો અમલ ન થતાં ખૂબ દુઃખી થવું પડે છે. તે હાથે કરીને—પેટ ચોળીને શૂળ ઊભું કરવા જેવી બાબત છે. જો આદેશ કરવામાં ન આવે અને શાસ્ત્રનીતિ મુજબ ઉપદેશ દઈને છૂટી જવાય તો ઘણી બધી ચિત્ત-પ્રસન્નતા જળવાઈ રહે; તેથી આરાધના ખૂબ વધુ થાય.

પ્રશ્નોત્તરી

સવાલ (૧૪) : પરમેષ્ઠી-ધ્યાનમાં એકાગ્રતા ન આવતી હોય તો ?

જવાબ : ધ્યાનમાં એકાગ્રતા લાવવા માટે પહેલાં તો પ્રતિપક્ષી ભાવનાઓ ભાવીને સંસારના રાગાદિજનક પદાર્થોથી આત્માને ખૂબ વિરક્ત બનાવવો જોઈએ, જેથી ધ્યાન દશામાં તે રાગાદિમળો વિક્ષેપ પેદા ન કરે.

તેમ છતાંય એકગ્રતા ન આવે તો ધ્યાનને બદલે ધૂન કે પદો અથવા સ્તવનોનો આશ્રય લેવો જોઈએ. આ માટે અનેક અતિ સુંદર પદો, સ્તવનો, સજ્ઝાયો વગેરે અર્થ સહિત ગોખવાં જોઈએ. પછી રાગ અને તાલપૂર્વક તે બોલવાં જોઈએ. આમાં જો એકાગ્રતા આવે તો આ પણ એક પ્રકારનું પ્રાથમિક ધ્યાન જ છે. અથવા પોતાને ગમે તેવું શાસ્ત્ર–સ્વાધ્યાયરૂપ લેખનકાર્ય કરવું જોઈએ. એમાં કોઈ શાસ્ત્રગ્રન્થનું હસ્તલેખન રોજ કરી શકાય; જો સંસ્કૃતાદિનો અભ્યાસ હોય તો 'યોગદષ્ટિ સમુચ્ચય' જેવા ગ્રન્થનું રોજ થોડું થોડું – સુંદર – ભાષાંતર પણ કરી શકાય. લેખનકાર્યમાં એકાકારતા જેટલી સહેલાઈથી આવે છે તેવી કદાચ બીજા કોઈમાં આવતી નથી.

જેને જે એકાન્તે મોક્ષલક્ષી પ્રવૃત્તિમાં એકાકારતા આવી જાય તેના માટે તે જ ધ્યાન. એ પછી તેણે માત્ર

પંચ-પરમેષ્ઠીના ધ્યાન સ્વરૂપ ધ્યાનનો આગ્રહ રાખવો ન જોઇએ. બેશક એ અપેક્ષા તો જરૂર રાખવી, જેથી તેની પણ સિદ્ધિ મળતાં ઝાઝી વાર નહિ લાગે.

સવાલ (૧૫) : દીક્ષા આપ્યા બાદ કોઈ દીક્ષિતમાં ઉચ્છૃંખલતા કેમ જોવા મળે છે ?

જવાબ : આ સવાલનો ઉત્તર અનેક રીતે આપી શકાય. એ વ્યક્તિમાં પૂર્વે જ ઉચ્છૃંખલતા હતી પણ દીક્ષા દેનારી ગુરુ-વ્યક્તિના શિષ્યમોહના અંધાપાને લીધે તે દેખાઈ ન હતી; જે પાછળથી સ્પષ્ટ વર્તાવા લાગી એમ કહી શકાય.

અથવા પૂર્વે સુયોગ્ય વ્યક્તિમાં પાછળથી ઉચ્છૃંખલપણું આવ્યું હોય તો તેનાં બે કારણો છે : (૧) મુનિજીવનના કઠોર અને કાંટાળા પંથને આસાનીથી પાર કરવામાં ગુરુના વાત્સલ્યની ખૂબ જરૂર પડતી હોય છે. તે વાત્સલ્ય ન મળે અને ઉપરથી સતત ટોક-ટોક કરવામાં આવે તો તે ત્રાસદાયક વાતાવરણમાં ઉચ્છૃંખલ થઈ જવાય તે સુસંભવિત છે.

અથવા (૨) એમ બને કે તે વ્યક્તિ સ્વભાવથી ખૂબ સરળ અને સરસ ભલે હશે જ; પરન્તુ દીક્ષાનું કઠોર જીવન જીવવા માટે સહન કરવાની જેટલી તેવડ હોવી જોઈએ તેટલી તેનામાં નહિ હોય એટલે અસહિષ્ણુતાને કારણે પણ તેનામાં ઉચ્છૃંખલતાનો પ્રતિભાવ પેદા થતો હોય.

આવા પ્રસંગોમાં સૌથી વધુ જવાબદારી ગુરુ-વર્ગની જ આવી પડે છે. તેણે ખૂબ જ ધીરજ, વાત્સલ્ય અને

સહનશક્તિ સાથે આવા કેસને હાથમાં લેવો પડે અને તે વ્યક્તિને દીક્ષાના માર્ગે આનંદભેર દોડતી કરી દેવી જોઈએ. પણ જો ગુરુ-વર્ગ જ અસહિષ્ણુ હોઈને હાથ ધોઈ નાંખશે; ઉપેક્ષા કરશે કે દોષારોપણ કરીને છટકી જશે તો સૌથી મોટા પાપનો ભાર તેના જ માથે પડશે એ વાત ચોક્કસ છે.

સવાલ (૧૧) : શારીરિક આરોગ્ય માટે અતિ આવશ્યક સૂચન શું હોઈ શકે?

જવાબ : શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ત્રણેય આરોગ્ય માટે સૌથી મહત્ત્વનું એક સૂચન છે કે "હિત, મિત અને અલ્પ આહાર કરવો." આપણા આરોગ્યને જે હિતકર હોય તે જ વાપરવું. અહિતકર તો ન જ વાપરવું.

જે હિતકર છે તે પણ માપસર વાપરવું – ઘણું તો ન જ વાપરવું.

અને અવારનવાર ઉપવાસાદિ યોગ્ય રીતે કરતા રહેવા. (અલ્પને અભાવપરક સમજીને અલ્પાહાર એટલે ઉપવાસ ગણવો.)

કુપથ્ય કરવાથી; વધેલા આહારને પારિઠાવણિદોષથી બચવા માટે દાબીને ય ક્યારેક વાપરવાથી અને અવારનવાર ઉચિત રીતે ઉપવાસાદિ નહિ કરવાથી ત્યાગીઓના આરોગ્યની પાયમાલી થાય છે.

એથી જ કાન્તિહીન મુખ; ઉત્સાહહીન જીવન; અને દવાભરપૂર પાકીટ ક્યારેક જોવા મળી જાય છે.

સવાલ (૧૭) : હવે પછી શ્વે. મૂ. પૂ. જૈનોનું સંવત્સરી પર્વ કયારે જુદું આવશે ?

જવાબ : હવે વિ. સં. ૨૦૪૨ની સાલમાં સંવત્સરી પર્વની આરાધના દિવસરૂપે જુદી આવે છે અને ત્યાર બાદ જાણવા મુજબ વિ. સં. ૨૦૫૨ની સાલમાં વળી પાછી જુદી આરાધના આવે છે. આમ આજથી ૨૦૫૧ની સાલ સુધીમાં માત્ર ૨૦૪૨ની સાલમાં એક જ દિવસ માટે સમસ્ત શ્વે. મૂ. પૂ. જૈન સંઘ, સંવત્સરી પર્વની જુદા જુદા દિવસે આરાધના કરશે.

આ પ્રશ્નને અનુલક્ષીને જૈન સંઘ સમક્ષ એક વાત રજૂ કરવાનું મને ઉચિત લાગે છે કે જ્યારે હવે ૨૦૫૧ની સાલ સુધીનાં આગામી અનેક વર્ષમાં માત્ર એક જ સંવત્સરી પર્વની આરાધના જુદી કરવાની આવતી હોય તો આ પ્રશ્નને ક્લેશનું ઉગ્ર સ્વરૂપ આપીને સમસ્ત સંઘમાં અત્યંત ઉદ્વેગનું વાતાવરણ જારી રાખવાનું જરૂરી ગણાય ખરું ? અઢાર વર્ષના [૨૦૩૪ થી ૨૦૫૧] એક દિવસ ખાતર અઢારે ય વર્ષ સુધી રાખવાની વૃત્તિવાળાં તત્ત્વો આ જૈન સંઘની ભયાનક આશાતના કરી રહ્યાં નથી શું ? તેવા સતત ક્લેશમાં જ પોતાના દાળ–રોટી કાઢતા કે નિંદાકુથળીના કારમા રસના જામ ગટગટાવતા ગૃહસ્થોના કબજામાં સમસ્ત જૈન સંઘે રહેવાનું જરા ય યોગ્ય છે ?

આ પ્રશ્ન અત્યંત શાસ્ત્રીય છે; તત્ત્વ ચર્ચાનો મુદ્દો છે એ કબૂલ; પરન્તુ એને ભારે સંઘર્ષના મેદાનમાં તાણી

લાવવામાં આવ્યો તેથી સૌથી મોટું નુકસાન એ થયું કે આ પ્રશ્ન તો શાસ્ત્રીય ઉકેલના ટેબલ ઉપરથી દૂર ફંગોળાયો. હવે તો એના ઓઠા નીચે બહુ સારા ગણાતા વર્ગમાં શૈથિલ્ય ભલે વ્યાપક બન્યું ન હોય પરંતુ એ નગણ્ય ગણી શકાય એટલું નાનું પણ નથી જ; બલ્કે જે રીતિથી અને જે ગતિથી એ રોગ ઉગ્ર બની રહ્યો છે તે જોતાં તો ભાવી વધુ ચિંતાજનક જણાય છે.

પક્ષ તે જ સારો છે; જે શાસનને મજબૂત કરે. જે પક્ષ; પોતાને જ મજબૂત કરવાની ગતિ–વિધિમાં શાસનને નબળું પાડવાનું કામ અજાણતાં પણ કરતો હોય તે પક્ષ પ્રશસ્ત કોટિનો કેમ જ કહી શકાય ?

જો પક્ષ પોતાના શિથિલ–તત્ત્વોને પણ છાવરવાનું કામ કરતો હોય અને સામા પક્ષનાં સુવિશુદ્ધ તત્ત્વોની અનુમોદના કરવામાં કાયર થતો હોય તો તેના દ્વારા ધર્મ-શાસન ખરેખર નબળું જ પડી રહેવાનું છે.

ખરેખર તો સુવિશુદ્ધ ધર્મના આરાધકો એ જ આપણો પક્ષ; અને તેના ઉઘાડેછોગ મોટા વિરોધકો એ વિપક્ષ; એવી રીતે ભેદ પાડીને વિચારવાની ખૂબ જરૂર જણાય છે.

જો આ બાબતમાં ગંભીરપણે કશું જ વિચારવામાં નહિ આવે અને શાસન અને શાસ્ત્રથી નિરપેક્ષ બની જઈને માત્ર 'પક્ષ'ને જ સર્વસ્વ માનીને, તેને પુષ્ટ કરવા માટે

બધા જ દોષોને ગૌણુ બનાવી દેવામાં આવશે તો મને લાગે છે કે ધર્મશાસનના રખોપા જેવા ગણુાતા વર્ગનું ભાવી બેચેની ઉત્પન્ન કરે તેવું કદાચ હશે.

અંતમાં એટલું કહીશ કે છેવટે કશું જ ન બને તો આગામી અઢાર વર્ષોમાં એક જ દિવસ સંવત્સરી પર્વની આરાધના જુદી આવવાની છે તો તે ખાતર અઢાર વર્ષો સુધી–લગાતાર–આ પ્રશ્નને એવું સ્વરૂપ તો ન જ અપાય કે જેથી જૈન સંઘ કારમા કલેશનો ભોગ બની જાય.

ઊલટું; એટલી બધી સહુ શાન્તિ પકડે; અને સુંદર આરાધના કરે કે સત્તર વર્ષ પૂરાં થતાં પહેલાં જ શ્રીસંઘની વર્તમાન સુંદર આરાધનાઓના બળથી ઉત્પન્ન થનારું પુણ્ય, ૨૦૪૨ની સાલની સંવત્સરી પર્વની આરાધનાને પણ શાસ્ત્રનીતિથી એક થઇને આરાધનાની ધન્ય પળોનું સર્જન કરે.

શાસ્ત્રવિચાર

[દશવૈકાલિક સૂત્રની પહેલી ૧૭ ગાથા]

લાવેલી ભિક્ષા વાપરતાં પહેલાં ૧૭ ગાથાથી મુનિ વિચારે છે કે :–

મુનિનો નીતિમય આહાર [અન્ન] એટલે ગોચરીના

બેંતાલીસ દોષ વિનાનો આહાર.... આવી ભિક્ષાચર્યાને 'માધુકરી' કહેવામાં આવી છે. ભિક્ષા આ રીતે જ લાવવી જોઈએ.

પણ સબૂર! આવી ભિક્ષા લાવ્યા પછી પણ તેને આરોગ્યા બાદ શરીરમાં પેદા થનારી વીર્ય સુધીની સાત ધાતુઓમાં દુષ્કર્માદિના યોગે કોઈ ખળભળાટ પેદા થઈ જાય તો?

ના...ના.... તેમ થાય તો તો સમગ્ર મુનિજીવનની સાધના મનના પાપની એક જ પળમાં ક્યારેક ધારાશાયી બને. હાય! આટલી મોટી હોનારત! તો પછી કરેલા મોટા વૈભવી સંસારના ત્યાગનું શું? ઓલી ખાનદાનીનું શું? ગમે તેમ કરીને એ જાતીય આકર્ષણથી ચિત્તને શીઘ્ર પાછું ખેંચવું જ રહ્યું. તે માટે જે કાંઈ તપ, આતપનાદિ કષ્ટ સહવું પડે તે સહી લેવું.

રે! પેલો તિર્યંચ જાતિનો ખાનદાન નાગ પણ વમેલું પાછું આરોગતો નથી!

હા...આ જ વાત કરીને મહાસતી સાધ્વીજી રાજીમતીજીએ રહનેમિજીને પતનની ખીણમાં પટકાતાં ઉગારી લીધા હતા ને? તેમણે કેવો સણસણતા ચાબખા મારતો બોધ આપ્યો હતો!

બસ....બસ તો હું પણ આણેલી ભિક્ષાના કોઈ પણ કણમાંથી વિકારનો ક્ષોભ પેદા થવા નહિ દઉં.... આ મારો દૃઢ સંકલ્પ છે. તે પછી જ મારી ગોચરી વાપરવાની વિધિનો આરંભ છે.

હાર્દિક અનુમોદન

(૩૨) હાલ એક ઉગ્ર તપસ્વિની બેને નીચે મુજબની તપશ્ચર્યાઓ પોતાના જીવનકાળમાં પૂરી કરી છે. જેમને અત્યારે અઠ્ઠાઈથી વર્ષીતપ ચાલુ છે :

વર્ષીતપ :

૧	ઉપવાસથી	૨૦	વર્ષીતપ.
છઠ્ઠથી		૨૦	,,
અઠ્ઠમથી		૨	,,
ચાર	ઉપ. થી	૨	,,
પાંચ	,,	૧	,,
છ	,,	૧	,,
સાત	,,	૧	,,
આઠ	,,	વર્ષીતપ–ચાલુ છે.	

કુલ ૪૮ વર્ષ.

માસખમણ વગેરે

આ ૪૮ વર્ષથી ચાલતા વર્ષીતપોની અંદર તેમણે નીચે મુજબ તપ કર્યો છે :

૫૧, ૪૫, ૪૪, ૩૨ ઉપવાસ ૧,૧ વાર.

૬ માસખમણ

૨૫ અઠ્ઠાઈ

પંચ-પરમેષ્ઠિ તપ

અરિહંતપદના	૨૫	ઉપવાસ
સિદ્ધપદના	૮	,,
આચાર્યપદના	૩૬	,,
ઉપાધ્યાયપદના	૨૫	,,
સાધુપદના	૨૭	,,

પ્રકીર્ણક તપ

(૩૩) સમવસરણ તપ, સિદ્ધિ તપ, શ્રેણિ તપ, સિદ્ધાસણ તપ, ઇન્દ્રિયપરાજય તપ

(૩૪) ૧ થી ૨૪ ભગવાનના—જેટલામાં ભગવાન તેટલા તેમના ઉપવાસ = કુલ ૩૦૦ ઉપવાસ.

(૩૫) વર્ધમાન તપની ૩૫ ઓળી.

(૩૬) શાસનપતિ પરમાત્મા મહાવીરદેવના ૨૨૯ છઠ

પાર્શ્વનાથ પ્રભુના ગણધરના	૧૦	,,
૨૦ વિહરમાનના	૨૦	,,
૨૪ ભગવાનના	૨૪	,,
પ્રભુ મહાવીરદેવના ગણધરના	૧૧	,,

(૩૭) રાધનપુર [બનાસકાંઠા–ગુજરાત]નાં એ અજોડ : ઘોર અને ઉગ્ર : તપસ્વિનીનું નામ છે; સરસ્વતીબેન.

ચિરકાળ જયવંતાં વર્તો તપસ્વિની.

તા. ક. તાજેતરમાં જ તેઓ અઠ્ઠાઈના પારણે અઠ્ઠાઈના ચાલુ વર્ષીતપમાં કાળધર્મ પામ્યાં છે.

પાઠ : ૮

સ્વાધ્યાય

મુનિ એટલે આજ્ઞાપ્રધાન–તપઃસ્વાધ્યાયનિરત.

તપ અને સ્વાધ્યાય જેના જીવનમાં શ્વાસ અને ઉચ્છ્વાસ બની ગયા હોય એ જ મુનિ.

દીક્ષા લેતાંની સાથે જ આ બે ય યોગો દિનપ્રતિદિન વિશેષ આનંદપ્રદ બનતા રહેવા જોઈએ.

પોતાની શક્તિ કેટલી ગાથા ગોખવાની છે? તેનો એક દિવસ ક્યાસ કાઢી લેવો જોઈએ. જો વિશિષ્ટ કોટિની શક્તિ હોય તો રોજ પાંચ કે વધુમાં વધુ દસ ગાથા ગોખવી જોઈએ. રોજની ૨૫–૫૦ ગાથા ગોખનાર વ્યક્તિ જો પાછળથી તેની આવૃત્તિ ન કરી શકે તો ઘણું ગોખેલું નિરર્થક બની જાય છે. જે ગોખ્યું હોય તેનો ઓછામાં ઓછા દસ વર્ષ સુધી–દર અડવાડિયે ત્રણ વારના નિયમપૂર્વક પાઠ કરવો જોઈએ. આથી ઘણું ગોખવા કરતાં રોજ થોડું ગોખીને ઘણો પાઠ કરવાની નીતિ અપનાવવી જોઈએ.

જેનામાં ગોખવાની શક્તિ ઓછી હોય તેણે પણ દિવસમાં ઓછામાં ઓછા ચાર કલાક ગોખવું તો જોઈએ; ભલે પછી ચાર કલાકે અડધી જ ગાથા ગોખાય. હૃદયના

ભારે સદ્‌ભાવપૂર્વક ગોખવાનો પરિશ્રમ કરાય તો તેનાથી જ્ઞાનાવરણીય કર્મનો જોરદાર ક્ષયોપશમ થઈ જાય છે. એવી વ્યક્તિ ભવિષ્યમાં મહાજ્ઞાની અથવા મહાન શાસનપ્રભાવક તરીકે જોવા મળે તો જરાય નવાઈ ન પામવી.

આખો દિવસ સ્વાધ્યાયથી ભરપૂર હોવો જોઈએ. એક કરતાં વધુ વિષયોનો અભ્યાસ રાખવાથી દિવસ દરમ્યાન તે વિષયો બદલાયા કરવાથી સ્વાધ્યાયમાં કંટાળો નહિ આવે.

સ્વાધ્યાય કરવા માટે આટલી શરતોનું અચૂક પાલન કરવું: (૧) ઉપકારી ગુરુદેવના નામની માળા ગણવી; (૨) ગુરુકૃપાથી સરસ્વતીજીનો મન્ત્રજપ મેળવીને તે કરવો. (૩) દીવાલ તરફ મોં રાખીને ગોખવું. (૪) જરાક ઊંચા અવાજે ગોખવું. (૫) ધૂણીને ગોખવું. (૬) એકધારું ગોખવું! વચ્ચે ઊઠવું નહિ કે કોઈ સાથે બોલવું નહિ. (૭) રાત્રે (જોયા વિના) બધો પાઠ કરી જવો. (૮) જે જગાએ માંડલીમાં પ્રતિક્રમણ કર્યું હોય તે જ જગાએ બેસીને રાત્રે ૯।।–૧૦ સુધી તો પાઠ કરવો જ. (૯) બધો પાઠ ઇરિયાવહિ પડિક્કમીને જ કરવો; જેથી તેને પ્રાયશ્ચિત્તના સ્વાધ્યાયમાં વાળી શકાય. (૧૦) ગોખેલું બીજા સાંભળે તો ઉત્તમ; પણ કોઈની તેવી અનુકૂળતા ન હોય તો એકલા પણ પાઠ કરવાની ટેવ પાડવી.

પહેલાં સાધુ-આવશ્યક ક્રિયાના સૂત્રો ગોખવાં, દશવૈકાલિક; પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ અર્થસહિત તૈયાર કરવા. ત્યાર બાદ ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રન્થ,

બૃહત્સંગ્રહણી, ક્ષેત્રસમાસ, પંચસંગ્રહ, કમ્મપયડી, પ્રવચન સારોદ્ધાર, લોકપ્રકાશ, અને તત્ત્વાર્થસૂત્ર ક્રમશઃ ગોખવા.

ત્યાર બાદ સંસ્કૃતની બે બુક અથવા સિદ્ધહૈમ વ્યાકરણ કરવું. પછી જૈન કાવ્યો–શાન્તિનાથ મહાકાવ્ય, ધન્ય ચરિત્ર ત્રિષષ્ટિપર્વો તથા હીર સૌભાગ્ય કરવા.

ત્યાર બાદ પ્રાકૃતભાષા કરવી અને સમરાઇચ્ચકહા તથા સંવેગરંગશાળા વાંચવું.

ત્યાર બાદ તર્કસંગ્રહ મુક્તાવલિ, વગેરે થોડો પ્રાચીન અને થોડોક નવ્ય ન્યાય કરીને યોગ અને અધ્યાત્મના ગ્રન્થો તથા આગમોના દોહનરૂપ ગ્રન્થોનું વાંચન અને મનન કરવું. જેનાથી જીવનનું સુંદરતમ ઘડતર થાય.

સબૂર! સ્વાધ્યાયના પ્રેમી માટે એક મોટું જોખમ! કે તે સ્વાર્થી ન બની જાય. બાલ, વૃદ્ધ, ગ્લાન, તપસ્વી અને વડીલોની વૈયાવચ્ચની સ્વપ્ને પણ ઉપેક્ષા ન કરી જાય. સેવા તો સ્વાધ્યાયમાં જોરદાર વેગ દેનારાં તત્ત્વો છે.

આટલું ધ્યાનમાં લેવા જેવું

(૨૬) હસ્તલેખન અંગે : વીર–શાસનના ભવ્યતમ ભાવીના મૂળમાં પ્રથમ જો કોઈ હશે તો તે શાસ્ત્ર–રક્ષા

જ હશે. ભાવીના નિર્ગ્રન્થોના સુંદર જીવનઘડતરમાં એ શાસ્ત્રગ્રન્થો જ અત્યંત પ્રેરક બની રહેવાના છે.

આથી જ આપણે શાસ્ત્ર–રક્ષા કરવી જોઇએ. તે માટે 'મુદ્રણ' બરોબર નથી પરન્તુ 'હસ્તલેખન' જ બરોબર છે.

પૂર્વે મુનિઓ હંમેશા થોડુંઘણું પણ જાતે લખતા હશે એવું તેમના હાથે લખેલા મળતા ગ્રન્થો ઉપરથી અનુમાન કરી શકાય છે. દરેક સાધુ કે સાધ્વી જો રોજ એક કલાક સુધી સુંદર અક્ષરે ઓઘનિર્યુક્તિ, બત્રીસી, પંચાશકજી વગેરે ગ્રન્થો લખે તો ? પાંચ હજારથી વધુ સાધુ–સાધ્વીજીમહારાજો રોજના વીસ જ શ્લોક લખે તો ય રોજના એક લાખ શ્લોક લખાઈ જાય. વર્ષે સાડા ત્રણ કરોડ શ્લોકોનું હસ્તલેખન થાય. થોડે પૈસે, અને સાવ ઓછી મહેનતે અઢળક લખાણ તૈયાર થાય. આ માટે શ્રીસંઘે સુંદર કાગળો અને પ્રાચીન પદ્ધતિની કાળી શાહી સહુને મળે તેવી વ્યવસ્થા કરવી જોઇએ.

આ સર્વોત્તમ કોટિની શ્રુતભક્તિ પોતાની કૃતજ્ઞતાની રૂએ પણ કરવી જોઇએ.

(૨૭) વિજાતીય પરિચય અંગે : મુનિજીવનમાં બ્રહ્મચર્ય એ સાપેક્ષ રીતે ટોચ–કક્ષાનું વ્રત કહી શકાય. આ મહાવ્રતને સારી રીતે પાળવું હોય તો તેની નવે ય વાડોને વ્રત સમજીને જ પાળવી જોઈએ. અહીં માત્ર એક જ વાતનું સૂચન કરવું છે કે વિજાતીયનો પરિચય બને ત્યાં

સુધી કરવો નહિ. ક્યારેક કોઈ પ્રસંગ પડે તો સુયોગ્ય વડીલને એ વાત ભળાવી દઈને પોતે સાવ અલિપ્ત રહેવું.

આજકાલ કેટલાકો સાંજે અને અંધારું થાય ત્યારે પણ વિજાતીય– (ભલે સગાં હોય; તેથી શું થઈ ગયું ?) સાથે વાતો કરતા હોય છે. આ ખૂબ જ ગંભીર નોંધ લેવા જેવી બાબત છે. જો વડીલો આવું કરશે તો તેની ખૂબ ખરાબ પરંપરા તેના શિષ્યગણમાં ફેલાશે. ગમે તે રીતે આ દોષનું નિવારણ કરી દેવું જોઈએ.

(૨૮) વિહાર અંગે : કેટલીક વાર કોઈ ખાસ ધાર્મિક પ્રસંગને અનુલક્ષીને વિહાર કરાય છે ત્યારે તે વિહાર તીર છૂટે તેટલી ઝડપથી થતો હોય છે. આવું કવચિત્ બને તો તે સંભવિત છે અને ક્ષમ્ય છે પણ કેટલાક ત્યાગીઓ તો લગભગ કાયમ એવા ઝડપી જ વિહાર કરતા હોય છે.

આ નીતિ બરોબર જણાતી નથી. આથી નાનાં ગામોને ગોચરી – પાણી વહોરાવી દેવા સિવાય જિનવાણી-શ્રવણાદિનો કોઈ લાભ મળતો નથી. પાછળથી તે ભાવુકજનો આ અંગે ફરિયાદ પણ કરતા હોય છે.

નાનાં ગામોમાં ભરપૂર સગવડો ન મળવાને લીધે તેમના તરફ જે અરુચિ પેદા થઈ છે તેનું આ પરિણામ લાગે છે. ગમે તેમ કરીને તેમને પણ લાભ – થોડોક પણ લાભ – મળવો જોઈએ. કદાચ કોઈ કારણે શહેરોમાં ચાતુર્માસ કરવા પડતા હોય તો પણ શેષકાળમાં વધુ સમય તો નાનાં ગામોને માટે જ ફાળવવો જોઈએ એમ લાગે છે.

જો આમ નહિ થાય તો આર્થિક રીતે તૂટતા શ્રાવકજનો ધાર્મિક રીતે પણ તૂટી જશે.

(૨૯) ચાતુર્માસ-પ્રવેશ અંગે : કેટલાક સમુદાયોમાં આર્દ્રા નક્ષત્ર પૂર્વે ચાતુર્માસના ક્ષેત્રમાં પ્રવેશ કરી દેવાની જે પરંપરા જોવા મળે છે તે અનુભવે ખૂબ સમુચિત લાગે છે. આર્દ્રાના વરસાદ પછી ચાલુ રહેતા વિહારમાં સુમાર વિનાની વિરાધનાઓ થાય છે. આ વિરાધનાઓ કોઈ પણ રીતે ક્ષન્તવ્ય જણાતી નથી. આના કરતાં જો આર્દ્રા પૂર્વે પ્રવેશ થઈ જાય તો વિરાધનાથી ઊગરી જવાય. ચાતુર્માસ કરવાના ક્ષેત્રમાં પણ જરૂરી જયણાઓની કાળજી આપી શકાય અને વધારામાં મુનિઓને સ્વાધ્યાય પણ વ્યવસ્થિત રીતે વહેલો ચાલુ થઈ જાય.

પ્રશ્નોત્તરી

સવાલ (૧૮) : મુનિજીવનમાં કેટલીક વાર તો એટલી બધી દીર્ઘજીવી નવરાશ અનુભવવા મળે છે કે તેનાથી કંટાળી જવાય છે. આ માટે શું કરવું ?

જવાબ : આ સવાલ ખૂબ જ આશ્ચર્ય પેદા કરે છે. શું મુનિ-જીવનમાં નવરાશ મળતી હશે ખરી ? (એવી

નવરાશ જેમ ઘાતક છે તેમ બહિર્મુખ જીવનની ભરચક પ્રવૃત્તિઓ પણ ઘાતક છે.)

નવરાશ મળે ક્યાંથી? જો મુનિ-જીવનની દશવિધ ચક્રવાલ સમાચારી વગેરેનું ખૂબ સારી રીતે પાલન કરવામાં આવે તો નવરાશ ન મળે. દરેક ક્રિયા વિધિપૂર્વક થાય; તે તે સમયે થાય; દીર્ઘદૃષ્ટિપૂર્વક થાય તો ક્રિયામાં જ કેટલો બધો સમય જાય? હા.... તેને બદલે તેમાં એકદમ વેઠ ઉતારી દેવામાં આવે તો ઘણો સમય ફાજલ પડી જાય ખરો.

બીજું, રોજનો ચાર-છ કલાકનો તો સ્વાધ્યાય જ હોય; તે સિવાય નિર્દોષ ગોચરી મેળવવા માટે અડધાથી એકાદ કલાક પણ લાગી જતો હોય. બે ટાઇમના પ્રતિલેખનમાં દોઢ કલાક તો જાય જ. આમ પ્રતિક્રમણ, ગુરુસેવા, પણ ગ્લાનાદિની વૈયાવચ્ચ, બહાર સ્થંડિલગમન, નવકાર મન્ત્રાદિનો જાપ વગેરેમાં ઠીક ઠીક સમય ચાલ્યો જાય. આમાં અવકાશ(નવરાશ)ને તો અવકાશ જ ક્યાં છે?

શાસ્ત્રકાર પરમર્ષિઓએ ફરમાવ્યું છે કે જ્યારે પણ નવરાશ મળે ત્યારે પંચપરમેષ્ઠી ભગવંતોનું સ્મરણ કરવું. બોલો હવે નવરાશ રહી જ ક્યાં?

સબૂર! છતાં ય જો મુનિજીવનમાં નવરાશ કઢાશે તો એણે ગમે ત્યારે કોઈ ખતરનાક પતન માટે તૈયાર રહેવું પડશે. મહર્ષિઓએ કહ્યું છે કે, "સીડી ચડઊતર કરતા ભૂતની જેમ અથવા સખત કામ કરતી વહુની જેમ સાધુએ સતત કાર્યરત રહેવું જોઈએ. આથીકોઈ પણ અનિષ્ટની શક્યતા ઊભી ન થાય.

સવાલ (૧૯) : સાધ્વીજીઓ પુરુષોને પોતાની સામે બેસાડીને પાટ ઉપર બેસીને વ્યાખ્યાન કરે તેમાં શું વાંધો ?

જવાબ : આ સવાલનો વિગતથી જવાબ કોઈ પૂજનીય ગીતાર્થ આચાર્ય ભગવંત પાસેથી મેળવવો. પણ એક વાત જરૂર કહીશ કે આ આગ્રહ ન રાખતાં બેનોને જ સાચી શ્રાવિકા બનાવવા તરફ, શક્તિવાળા અને યોગ્ય સાધ્વીજીઓએ વધુ પ્રયત્ન કરવાની તાતી જરૂર દેખાય છે. જો બહેનોનો વર્ગ વ્યવસ્થિત થઈ જશે તો પતિ અને સંતાનો—બન્નેને તે જ સન્માર્ગે વાળી શકશે. એથી આખું ઘર સાચા શ્રમણોપાસકોનું ઘર બની જશે. સાધ્વીજીઓએ યુદ્ધના ધોરણે 'બહેનોને શ્રાવિકા બનાવવાની' કામગીરી શરૂ કરી દેવી જોઈએ. આજની બેનોને તો જયણા જેવા પાયાના ઘરેલું ધર્મનો પણ ખ્યાલ રહ્યો નથી એ કેટલી બધી દુઃખદ બીના છે ?

સવાલ (૨૦) : જે સંઘમાં સાધુ કે સાધ્વીજીનું અવસ્થાન થાય તે શ્રી સંઘ માટેની તેમની જવાબદારી કઈ ?

જવાબ : આ સવાલ જેઓ વિશિષ્ટ પુણ્યશક્તિ અને શુદ્ધિનું બળ ધરાવતા હોય તેમનાથી જ થઈ શકે. શેષ ત્યાગીઓએ તો શાસ્ત્રનીતિથી આત્મકલ્યાણના માર્ગે જ ચાલ્યા જવાનું છે.

સૌ પ્રથમ તો સુખમય સંસારની અસારતા સમજાવીને મોક્ષના સંવેગવાળા અને ભવના નિર્વેદવાળા સહુને બનાવવા

જોઈએ. તેમાં જે સુયોગ્ય હોય તેમને ચારિત્ર્યનો બોધ આપવો જોઈએ. તેવી શક્તિ ન ધરાવતા પુણ્યશાલીઓને દેશવિરતિધર બનાવવા જોઈએ.

આ સિવાય શ્રીસંઘના અગ્રણીઓને સાત ક્ષેત્ર અને અનુકંપાદિની શાસ્ત્રીય વિચારણાથી ભાવિત કરવા જોઈએ. તેમને જિનાજ્ઞાના પૂર્ણ બહુમાનવાળા બનાવવા જોઈએ. દરેકના હૈયે પ્રભુનું શાસન ઠસાવી દેવું જોઈએ અને આજના જમાનાની વિઘાતક પ્રવૃત્તિઓથી તેમને વાકેફ કરી દેવા જોઈએ.

જો સાધારણાદિ ક્ષેત્રોમાં તોટો વગેરે હોય તો તે અંગે સુંદર પ્રેરણા કરવી જોઈએ, જેથી તે મુશ્કેલી દૂર થઈ જાય. જો દેવદ્રવ્યનાં ભક્ષણાદિ થયાં હોય તો તે પાપથી તેમને પ્રેરણા કરીને ઉગારી લેવા જોઈએ.

જ્ઞાનભંડારો, સાધર્મિકો, પૌષધશાળાઓ વગેરે અંગે પણ જો ઉચિત હોય તેની યથાયોગ્ય પ્રેરણા વગેરે કરવા જોઈએ.

શાસ્ત્રવિચાર

[ઉપદેશમાળા]

તપ

જો આ દેહને તપ અને ધર્માનુષ્ઠાન વગેરે સેવન કરી પીડા આપી હોત તો નરકમાં પડવાનું થતે નહિ. જો શરીરને પીડા આપવા માત્રથી મોક્ષ થતો હોય, તો સાતમી નરકમાં રહેલા નારકીના જીવોને લગાતાર–સતત મહાવેદનાથી દેહો બળી–ઝળી રહેલા હોય છે, તેમને તરત મોક્ષ થવો જોઈએ અને આઠ મહાપ્રાતિહાર્યોની પૂજાના પરિભોગથી શરીરસુખ ભોગવવાથી તીર્થંકરોને પણ સંસારમાં ભ્રમણ કરવું પડે. આ કારણે તીર્થંકરોએ તપની દુઃખરૂપતા જણાવેલી નથી. જે માટે કહેલું છે કે 'તેવા પ્રકારનો તપ કરવો કે જેથી કરીને મન કંઈ પણ અશુભ ચિંતવન ન કરે, ઇન્દ્રિયોની હાનિ ન થાય, તેમ જ ધર્માનુષ્ઠાનના શુભયોગો ઘટે નહિ. તથા આ કાયાને અતિશય પરિતાપ ન આપવો, તેમ જ મધુર ઘણા પ્રકારના રસો વડે બહુ લાલનપાલન ન કરવું. મન અને ઇન્દ્રિયો ઉન્માર્ગે ન જાય તેમ સાચવવી, અર્થાત્ આત્માને વશ રહે તેમ જાળવવા. તીર્થંકર ભગવંતોએ પણ તેવી જ રીતે આચરેલું છે. આ કારણે જિનેશ્વરોએ આ વિષયમાં ગધેડાનું દૃષ્ટાંત આપેલું છે. તેને અધિક ખાવાનું આપે તો ઉલાળી મૂકે, ઓછું આપે તો ભાર વહન કરી શકે નહિ. પરલોકમાં પ્રયાણ કરનારાઓએ

પણ આગળ કહી ગયા તેમ ઇન્દ્રિયો કાબૂમાં રહે અને તેની હાનિ ન થાય, તેમ વશ રાખવી. વળી સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર ક્ષાયોપશમિક ભાવમાં કહેલા છે. શાતા, અશાતા–વેદના ઔદયિકભાવમાં કહેલા છે, તો તે તપ કેમ કહેવાય ? માટે જેમાં પ્રશમાદિ રહેલા હોય, તેવો સંવર કર્મક્ષય હેતુમાં પ્રધાન છે. તેના નિમિત્તે લોચ, બ્રહ્મચર્ય, છટ્ઠ, અટ્ઠમાદિકે સર્વ બાહ્ય તપ કરવાનો કહેલો છે, પરંતુ તપને શરીરની પીડા કરનાર ગણેલો નથી. શાસ્ત્રાધીન પરિણામવાળા મહાઅટવીમાં મહારત્ન છુપાવવામાં ઉદ્યત થએલ ગાંડાનો વેષ ધારણ કરનાર પુરુષની જેમ કાયકલેશ વગેરે બાહ્ય તપ–ચારિત્ર ભવ્યાત્માઓને દુઃખકારક હોતા જ નથી.

તેથી કરીને ઓદનના અર્થી પુરુષે ઇન્ધન વગેરેની જરૂર માફક ચારિત્ર–પરિણામ સાધવા માટે સર્વત્ર બાહ્ય તપ કરવાનો કહેલો છે, પણ શરીરના વૈરી થઈ શરીર પાતળું કરવા માટે નહિ, પરંતુ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગો વડે જીવ નિરંતર કર્મ બાંધે છે; માટે મોક્ષના અર્થીઓએ તે સર્વને રોકવા–અટકાવવા જોઈએ.

હાર્દિક અનુમોદન

(૩૮) નિર્ણીત થએલા ચાતુર્માસના સ્થળે ડોળીથી જ પહોંચી શકાય તેવું સ્વાસ્થ્ય હોવાથી તે મહાત્માએ-જ્યાં હતા ત્યાં જ ચાતુર્માસ કરવાનો નિશ્ચય કરીને ડોળીનો ઉપયોગ ટાળીને સુંદર આદર્શ ખડો કર્યો.

(૩૯) એક આચાર્ય ભગવંત હંમેશ રાત્રે બે વાગે ઊઠીને જપમાં બેસે છે. સતત ચાર કલાક સુધી એક જ બેઠક; એક જ જપ; એક જ સ્થિર આસન. તેઓશ્રી કહે છે કે, "મારા જીવનની ખરેખરી કોઈ આરાધનામાં કમાણી હોય તો આમાં છે. આનાથી મને ચોવીસ કલાકની મસ્તી-વાળો આરાધકભાવ પ્રાપ્ત થાય છે.

(૪૦) લગ્નની પૂર્વસન્ધ્યાએ પતિએ જાહેરમાં ભાવી પત્ની સાથે નૃત્ય [ડાન્સ !] કરવાની ઇચ્છા પત્ની પાસે વ્યક્ત કરી. સુશ્રાવિકાની એ કન્યાએ તેમ કરવાની ઘસીને ના તો પાડી દીધી પણ લગ્ન કર્યા વિના જ ઘરે પાછી ફરી ગઈ.

(૪૧) નવકાર મન્ત્રની કેવી અપાર નિષ્ઠા કે એ મહાત્માને હૃદયરોગનો કાતીલ હુમલો આવ્યો; ૪૮ કલાકની જ જીવાદોરીની ડોકટરોએ એંધાણી આપી દીધી તો ય.... ઔષધ ન જ લીધું અને સહુને કહ્યું કે "મા નવકાર જ

મારું રક્ષણ કરશે.” ખરેખર તેમ જ થયું. તે મહાત્મા ત્યાર પછી દિવસના ૧૦ થી ૧૫ માઈલ હંમેશ ચાલીને તીર્થાધિરાજ શ્રીશત્રુંજયની યાત્રા પણ કરી આવ્યા.

(૪૨) તે આચાર્ય-ભગવંતશ્રીજી આજીવન એકાસણું તો કરતા જ હતા, પણ નવાઈની વાત તો એ હતી કે તે એકાસણું માત્ર સાત મિનિટમાં પૂરું થતું હતું. અને તેમાં લેવાતા સાદા ચાર દ્રવ્યમાં ય રાગ ન જાગી પડે તે માટે તેમણે એક કળા શોધી કાઢી હતી કે મોંમાં એક જ બાજુથી-બે બાજુ મમરાવ્યા વિના-દરેક કોળીઓને તેઓ પસાર કરતા હતા!

(૪૩) એક ખાખી મહાત્મા સામાન્યતઃ કદી કોઈને કવરટપાલ લખતા નથી. ન છૂટકે ટપાલ લખવી પડે તો દરેક ટપાલ દીઠ પંચાંગ પ્રણિપાતપૂર્વક દસ ખમાસમણાં દેવાનો તેમણે દંડ રાખ્યો છે.

(૪૪) ઉપરોક્ત મહાત્માને બીજો નિયમ એ છે કે રાત્રે સાડા ચાર કલાકથી એક પણ મિનિટની વધુ ઊંઘ થાય તો તે દિવસે એકાસણામાં શાકનો સંપૂર્ણ ત્યાગ કરવો! આ મહાત્મા જો ક્યારેક દિવસે નિદ્રા લે છે તો એક ઉપવાસનો દંડ ભોગવે છે!

પાઠ : ૯

આલોચના

મુનિજીવનની સર્વોત્કૃષ્ટ સાધના જો કોઈ હોય તો તે જીવનમાં લાગી જતા સ્થૂલ, સૂક્ષ્મ કે સૂક્ષ્મતમ દોષોની સુયોગ્ય ગુરુ પાસે આલોચના કરવી; પ્રાયશ્ચિત્ત લેવું અને તેને પાર ઉતારવું તે છે.

તપ વગેરે કોઈ પણ ધર્મનું આરાધન હજી સુશક્ય છે; કેમ કે તેમાં સ્વદોષદર્શન કરવાનું કે ગુરુ પાસે પ્રગટ કરવાનું નથી. આથી જ તે બધા ય તપ વગેરે કરતાં પણ મહાન સ્વદોષદર્શનરૂપ આલોચના છે.

સ્વદોષદર્શન કરવું અને તેનું ગુરુ પાસે આલોચન કરવું એ બેય એકેકથી વધુ ચડીઆતી, વધુ કઠિન આરાધનાઓ છે.

વસ્તુતઃ આ જ સર્વોત્કૃષ્ટ સાધના છે; કે જેને માસખમણના આજીવન તપસ્વીઓ પણ ઝટ સ્પર્શી શકતા નથી.

વળી આ જ સાવ પાયાની આરાધના છે કેમકે આ આરાધના વિનાની તમામ ત્યાગ, તપ, વ્રત, જપ અને સંયમની આરાધનાઓ નિષ્ફળપ્રાયઃ બની જાય છે.

કેટલાક મહાન વક્તાઓ; મોટા શાસનપ્રભાવકો, અજોડ લેખકો, ઉગ્ર તપસ્વીઓ, ખાખી સંયમીઓ પણ સુયોગ્ય સદ્ગુરુની પાસે પોતાના સૂક્ષ્મતમ દોષોનું આલોચન કરવા માટે ક્યારેક અત્યંત કાયર હોય છે.

જો આપણે મુનિજીવનને સફળ બનાવવું જ હોય તો શુદ્ધ અને સંપૂર્ણ આલોચના અને પ્રાયશ્ચિત્તને આપણા જીવનમાં ગૌરવભર્યું સ્થાન આપવું પડશે.

જીવનમાં વ્રતાદિની આરાધનાઓ કદાચ ઓછી થાય તે હજી ચાલી શકે પણ પાપશલ્યનું સંપૂર્ણપણે આલોચન કરવા દ્વારા ઉન્મૂલન ન થાય તો તે કદાપિ ચાલી શકે તેવી બાબત નથી.

જો આપણી સમક્ષ નાનકડા પણ પાપના પરિણામ રૂપે ત્રાટકનારાં દુર્ગતિનાં દુઃખો અત્યારે જ આવી જાય તો મને લાગે છે કે આપણે પાપનું આલોચન કર્યા વિના એક પળ પણ રહી ન શકીએ.

થયું પાપ કે તરત જ તેનું પ્રાયશ્ચિત્ત.

બારે ય પ્રકારના તપમાં ઉત્કૃષ્ટ 'પ્રાયશ્ચિત્ત' નામનો તપ કહેવામાં આવ્યો છે. આપણે તેને સાવ ગૌણ કેમ બણી શકીએ ?

આપણો અહંકાર–માનકષાય–જ આપણને આલોચના કરતાં અટકાવે છે.

"સાચા ગુરુ ન મળતા હોવાના કારણે અમે પ્રાયશ્ચિત્ત કરતા નથી." એવું કેટલાક ત્યાગીઓ પાસેથી જાણવા મળે છે પણ આ વાત સાચી નથી. પ્રયત્ન કરવામાં આવે તો એવા ગીતાર્થ અને ગંભીર પ્રાયશ્ચિત્તદાતા જરૂર મળી જશે.

છતાં ય જો ગલ્લાંતલ્લાં કરીને શલ્યોનું આલોચન નહિ કરવામાં આવે તો મને લાગે છે કે તે આત્મા જેવો દયાપાત્ર જીવ આ જગતમાં બીજો કોઈ નહિ હોય.

જો નિર્લજ્જ બનીને ભૂલ થઈ જ છે; તો નિર્લજ્જ બનીને એકરાર કરવો જ જોઈએ; તે વખતે વળી શરમ શેની ?

અહો ! જેને એવા વાત્સલ્યભરપૂર પ્રાયશ્ચિત્તદાતા જડયા છે તેના જેવો પુણ્યવાન્ આત્મા આખા જગતમાં બીજો કોઈ નથી.

યાદ રાખો; આપણો પરલોક ઝપાટાબંધ નજદીક ધસી આવી રહ્યો છે; ગમે તે પળે આપણે ઊપડી જવાનું છે.

તો ગમે તે પળે ઊપડી જવા માટે તૈયાર થઈને જ બેસીએ.

બધાં જ પાપોનું સદ્ગુરુ પાસે આલોચન પ્રાયશ્ચિત્ત કરી લઈએ ત્યારે જ પરલોક જવા માટે તૈયાર બનીને બેઠા કહેવાઈએ હોં !

આટલું ધ્યાનમાં લેવા જેવું

(૩૦) **કામળી ઓઢવા અંગે :** ઉનાળામાં સૂર્યોદય પછી અને સૂર્યાસ્ત પૂર્વે બે ઘડી; શિયાળામાં ચાર ઘડી અને ચોમાસામાં છ ઘડી સુધી ખુલ્લા આકાશ નીચે જવું હોય તો ઊનની કામળી ઓઢીને જ જવું જોઈએ. તે કામળી પણ આખા શરીરને ઢાંકે તે રીતે જ ઓઢવી જોઈએ; પણ માત્ર આસનિયું માથા ઉપર નાંખી શકાય નહિ. વળી આ ઊનની કામળીની અંદર સૂતરનો કપડો—કામળીથી બે ય બાજુ એકેક વેંત જેટલો મોટો—લગાડવો જોઈએ.

નિશીથ ચૂર્ણીમાં કહ્યું છે કે તે સમયે જે તમસ્કાય પડે છે તેના જીવોની રક્ષા માટે આ કામળી ઓઢવાની હોય છે. ઊનની સાથે અંદરના ભાગમાં સૂતરનો કપડો હોય તો જ તે રક્ષા સંપૂર્ણપણે થઈ શકે છે.

આ જ રીતે લાઈટ વગેરેની ઉઝઈ પડતી હોય તો કામળી ઓઢવી જોઇએ.

હા.... શરીર ઉપર ઉઝઈ પડવા સાથે ચન્દ્રનો પ્રકાશ પણ જો પડતો હોય તો તેનાથી તે ઉઝઈ અચિત્ત થઈ જાય છે ખરી; તેથી તે વખતે ઉઝઈના જીવોની રક્ષા માટે કામળીની જરૂર ન રહે.

(૩૧) **ઉઝઈની વિરાધના અંગે :** ગ્લોબ વગેરેનાં જે કિરણો સીધાં—દૂધીઆ જેવા કાચથી નહિ આંતરાએલાં–

સચિત્ત ગણાય છે. આ કિરણો અગ્નિના ભડકા વગેરેની જેમ સચિત્ત તેજસ્કાય છે.

આજકાલ આ માન્યતામાં મતભેદ પડવા લાગ્યો છે. ઇલેક્ટ્રિક કે બેટરીના અગ્નિને રિફાઇન્ડ કરેલો – અચિત્ત – નિર્જીવ ગણવાની વાતો કેટલાક કરે છે. આ અંગેની ચર્ચામાં ઊતરવા કરતાં મને એક વાત કરવી યોગ્ય લાગે છે કે એક વાર માની પણ લઈએ કે તે ઉઝઈ નિર્જીવ છે પણ તો ય જો તેથી જ તેનો ઉપયોગ ચાલુ કરવામાં આવશે તો મુનિ-જીવનમાં ઇલેક્ટ્રિકસિટીનો ઉપયોગ પુષ્કળ પ્રમાણમાં વધી જશે. આજે ઇલેક્ટ્રિકથી એટલી બધી વસ્તુઓ ચાલે છે કે તેનાથી ઘેરાએલો સાધુ કદાચ તેના જીવનમાંથી જ ઊખડી પડે; 'સાધુતા' નામનું તત્ત્વ જ તેમાંથી કદાચ ખતમ થઈ જાય; અથવા એ 'મોડર્ન' કક્ષાનો સાધુ દેખાય.

પછી રાતે ય લાઈટ દ્વારા ઘણાં કામ થાય. એમ થતાં મન્ત્રજપ વગેરે સાવ ગૌણ બની જાય.

જીવહિંસા કરતાં ય જીવનરક્ષા વધુ મહત્ત્વની છે. આજનાં ભૌતિક સાધનોનો વધુ પડતો ઉપયોગ જીવનરક્ષાથી ક્યાં ય દૂર આપણને હડસેલી મૂકે તેમ છે. એટલે ઇલેક્ટ્રિક-લાઈટ નિર્જીવ છે કે સજીવ! તેની ચર્ચા કરવા કરતાં ઉપ-ર્યુક્ત કારણે તેનો ત્યાગ કરવો તે જ હિતાવહ લાગે છે.

(૩૨) **માત્રુ પરઠવવા અંગે :** માત્રુ વગેરે પરઠવતી વખતે એકદમ નીચે-વાંકા વળી જવું જોઈએ. એ પછી માત્રુ પરઠવતાં એક જ ઠેકાણે સૂકી રેતીમાં ઢગલો ન થવા

દેતાં છૂટી ધાર ફેલાવવી જોઈએ. ત્યાં કીડી વગેરેનાં નગરાં અંગે કાળજી કરવી જોઈએ. પરઠવતી વખતે, 'અણુજાણહ જસ્સુગ્ગહો' અને પરઠવ્યા બાદ 'વોસિરામિ' ત્રણ વાર બોલવું જોઈએ.

જો રાત્રે માત્રુ વગેરે પરઠવવાની શક્યતા હોય તો સાંજના સમય સુધીમાં તે જગા, કીડી વગેરેનાં નગરાં વિનાની છે કે નહિ....વગેરે ચકાસણીથી જોઈ લેવી જોઈએ.

સ્થણ્ડિલની વસતિ પણ હંમેશ સાંજે જોઈ રાખવી જોઈએ. વસતિ જોઈ હોય તો રાત્રે સ્થણ્ડિલ જવું પડે ત્યારે પ્રાયશ્ચિત્ત ઓછું આવે; અન્યથા વધુ આવે.

વિહારના દિવસોમાં જો સાંજ પડી જતાં વસતિમાં પ્રવેશ થતો હોય તો વસતિમાં પ્રવેશતાં પહેલાં જ—પ્રકાશમાં જ—સ્થણ્ડિલ, માત્રાના વિસર્જનની જગાઓ જોઈ લેવી જોઈએ.

પ્રશ્નોત્તરી

સવાલ (૨૧) : ક્યાં ચાતુર્માસ કરવામાં આવે તો મુનિજીવનની આરાધના સુંદર થાય? શહેરોમાં કે ગામડાઓમાં?

જવાબ : આનો જવાબ તો ખૂબ જ સરળ છે. જે

આરાધના ગામડાઓમાં કે નાનાં નગરોમાં થઈ શકે તે મોટાં નગરોમાં ન જ થઈ શકે.

નગરોમાં વિરાધનાઓનો કોઈ સુમાર નથી. તેમાં ય આત્માનાં દયાનાં કોમળ પરિણામોને એકદમ કઠોર બનાવી નાંખનારી વિરાધના વાડાઓમાં સ્થણ્ડિલ-ગમનની છે. ક્યારેક વિચાર કરતાં એમ લાગે છે કે આ પાપની સામે પરાર્થ-કરણનાં કદાચ લાખો પુણ્યો ભેગાં કરાતાં હોય તો ય તે પુણ્યો સાવ વામણાં-હીણાં લાગે એટલું મોટું આ પાપ હશે.

બીજા નંબરમાં ભક્તોની સગવડોનું ઘણું મોટું પાપ મોટા નગરોમાં થાય છે. આ ઘણાં પાપોને જન્મ આપતું પાપ છે.

ક્યારેક કેટલાક દોષો સેવીને પણ મોટાં નગરોમાં રોકાણ કરવાના વિચારો આવે છે અને અમલમાં પણ મુકાય છે, પરંતુ ઊંડાણથી વિચારતાં એમ જ લાગે છે કે આમાં લાભ કરતાં નુકસાન વધુ હશે.

વળી જાતનું ખોઈને કરાતું પરનું કલ્યાણ એ વાસ્તવિક અને ચિરંજીવી કલ્યાણ જ નથી.

છતાં ય કેટલાક મુનિઓ કે આચાર્યોને મોટાં નગરોમાં પણ ચાતુર્માસાદિ કરવાની ફરજ પડતી હોય તે સંભવિત છે. પણ તેવા મહાત્માઓ ખૂબ જાગ્રત રહે તો તેઓને વ ગેરલાભ ન થાય તે ય શકય છે.

પરંતુ તે સિવાયના મહાત્માઓ અને સાધ્વીજી મહારાજાનું શું ? વળી તેવા વિશિષ્ટ કોટિના પ્રભાવક મહાત્માઓ

નિર્લિપ્ત રહી જાય પણ તેમની પાસે દીક્ષિત થયેલા (ખાસ કરીને નૂતન દીક્ષિત થએલા) મુનિઓના જીવનનું શું ? તેમને તો ઉપર્યુક્ત દોષો અને તેના પ્રત્યેની ઉપેક્ષા ભરખી જ જવાની ને ?

આ સ્થિતિમાં શિષ્યોના હિત ખાતર પર વડીલોએ કેટલીક બાબતોના સરવાળા–બાદબાકી ફરી માંડવા પડે તો ય નવાઈ નહિ.

બાકી, જેઓ ખરેખર આત્મકલ્યાણ કરવા માંગે છે; પરકલ્યાણની વિશિષ્ટ પુણ્યાઈ વગેરે જેમની પાસે નથી તેઓએ તો નગરપરાયણ મટીને ગ્રામપરાયણ જ બનવું જોઈએ.

જીવનમાં નિર્દોષ ગોચરી-પાણીથી માંડીને તમામ આરાધનાઓ સરળતાથી કરી શકાતી હોય તો તેના કરતાં વધુ ઇચ્છવા જેવું સાચા ત્યાગીને બીજું શું હોઈ શકે? આવા આરાધકો થોડા પણ હશે તો ય તેમના પ્રભાવે જ પરકલ્યાણ પણ સહજ રીતે થશે. જેની કદાચ બીજાઓને ખબર પણ નહિ પડે.

પણ અફસોસ! આપણામાં કેટલાકોને પરકલ્યાણનો જાણે કે નશો ચડયો હોય તેવી સ્થિતિ પેદા થઈ ચૂકી છે! આમ કરવામાં આપણે સ્વકલ્યાણથી પણ ઘણા દૂર થયા છીએ. પરન્તુ એ આંતરનિરીક્ષણ કેટલા કરશે ?

સવાલ (૨૨) મુનિજીવનમાં આરોગ્ય સાચવવા માટે એકદમ જરૂરી નિયમ-પાલન કયું હોઈ શકે?

જવાબ : કુપથ્યનો ત્યાગ : હીનયોગ, અતિયોગ અને મિથ્યાયોગનો ત્યાગ.

ત્યાગીઓ પ્રત્યે વર્તમાન જૈન સંઘને એટલો બધો ભારે આદર છે કે તેથી તે વર્ગની એકાદ પણ વ્યક્તિને અપોષણની કે ભૂખમરો વેઠવાની ફરજ પડે તે મુદ્દલ સંભવિત નથી. ભરપૂર પોષણ મળવાના કાળમાં જો મુનિઓ આરોગ્યના અને આહારના નિયમોનું બહુ કડકપણે પાલન કરવા જેટલા ગંભીર ન બને તો 'વધુ-પોષણ'નાં અનેક દર્દો પેદા થવાની પૂરી શકયતા છે. આથી જ આરોગ્યના નિયમો મુનિઓએ સારી રીતે જાણી લેવા જોઈએ.

જો શાસ્ત્રનીતિ મુજબનું હંમેશ એકાસણું કરવામાં આવે તો તેના જેવું આરોગ્યપ્રદ બીજું કોઈ નથી, પણ તેમ ન થઈ શકે તો નવકારશીમાં ય શું વાપરવું ? કેટલું વાપરવું ? અને કેવી રીતે વાપરવું ? એ ત્રણ બાબતો તો સમજી જ લેવી જોઈએ.

વધુ પડતી આહારની અનિયમિતતા તથા કેટલાક પ્રકારનાં નિવારી શકાય તેવાં આર્તધ્યાનોને લીધે જ આરોગ્ય બગડતું હોય છે. એ સિવાય ત્રીજું કારણ વાયરસ જનિત, ઋતુજનિત કે વાતાવરણજનિત રોગો છે; જે કદાચ આપણા હાથ બહારની બાબત હોય.

શાસ્ત્રવિચાર

[ગુરુતત્ત્વનિશ્ચય]

મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજાકૃત ગુરુ-તત્ત્વવિનિશ્ચય નામના ગ્રન્થમાં ગુરુકુલવાસને ભારેથી ભારે મહત્ત્વ આપવામાં આવ્યું છે. સંવિગ્ન અને ગીતાર્થ એવા ગુરુની પાસે જ રહેવું તે ગુરુકુલવાસ કહેવાય. સૂક્ષ્મ દષ્ટિથી–તેમની આજ્ઞાથી દૂર રહેનારો પણ ગુરુકુલવાસી કહેવાય અને તેમની આજ્ઞાની ઉપેક્ષા કરનારો સાથે રહીને પણ ગુરુકુલવાસી ન કહેવાય.

આમ ગુર્વાજ્ઞા પ્રત્યે અપાર બહુમાન તે જ વસ્તુતઃ ભલે ગુરુકુલવાસ કહેવાય પરન્તુ તેની સાથોસાથ પ્રારંભિક મુનિ-જીવનમાં ગુરુની પાસે જ–સાથે જ–રહેવું એ અત્યન્ત જરૂરી છે. ભલે કદાચ અનેકોની સાથે રહેવામાં મનદુઃખાદિ થવાના પ્રસંગો ઉપસ્થિત થતા હોય; ભલે કદાચ જુદા રહેવામાં નિર્દોષ ગોચરી, પાણી અને મનઃશાન્તિ વગેરે મળતા હોય તો ય ગુરુની પાસે રહેવું તે જ બ્રહ્મચર્યાદિની દષ્ટિએ તથા આરાધનાના યોગોની તાલીમ મેળવવાની દષ્ટિએ અત્યન્ત ઉચિત છે. આ વાત ગુરુતત્ત્વ વિનિશ્ચયમાં ખૂબ ભાર મૂકીને જણાવવામાં આવી છે.

નિર્દોષ ગોચરી અને ચિત્તશાન્તિ પામવા કરતાં પણ ચિત્તની સ્વચ્છંદતા; મનસ્વિતા; ઉચ્છૃંખલતાને દૂર કરવાની વધુ જરૂર છે, ગુરુથી વેગળા થવામાં આવા કેટલાક દોષોને

ઠીક ઠીક પોષણ મળે છે અને તે કારણસર જ ગુરુથી વેગળા રહેવાની દુર્મતિ સૂઝતી હોય છે.

હાય! દુર્ગતિનાં દુઃખોની કારમી પીડામાંથી મુક્ત થવા માટે દીક્ષિત થએલો આત્મા કેવો ફસડાઈ પડયો! આ લોકના જ ગુરુ-પરાધીનતાદિ દુઃખોથી ત્રાસી ઊઠયો અરેર! બિચારાએ વિષાનુષ્ઠાન (!) સેવીને આપઘાત કર્યો!

હાર્દિક અનુમોદન

(૪૫) એક આચાર્ય ભગવંત ભોજન–માંડલીમાં પોતાના શિષ્યોને શાસ્ત્રના કૂટ પ્રશ્નો પૂછતા. એમની એવી ઇચ્છા હતી કે આવા પ્રશ્નોના જવાબ શોધવામાં જ શિષ્યોનું મન એકાકાર થઈ જાય તો તેમને આહાર કરતાં રાગાદિ દોષો જાગે નહિ.

શિષ્યોના હિત માટેની કેવી મહાકરુણા! મહાવત્સલતા!

(૪૬) ઘણા શિષ્યોના ગુરુને વધુમાં વધુ બે જ મોટા આસન પાથરવાનો અભિગ્રહ હતો. કિન્તુ ભક્તિના આવેશમાં શિષ્યો ક્યારેક ત્રણ આસન પણ પાથરી દેતા, પરન્તુ આ ગુરુદેવ કેટલીક વાર આ વસ્તુ પકડી પાડતા. તેઓ જાતે ક્યારેક આસન ગણતા અને બે થી વધુ જેટલા આસન હોય તે સ્વયં બહાર કાઢી નાખતા!

(૪૭) મહારાષ્ટ્રના એક જૈન બોર્ડિંગમાં ગૃહપતિએ ધર્મના એવા સુંદર સંસ્કાર બાળકોમાં નાંખ્યા છે કે આ બાળકો પર્વતિથિના દિવસે સવારે રાઈ પ્રતિક્રમણ કરતા હોય ત્યારનું દૃશ્ય અત્યન્ત આહ્લાદક હોય છે. પ્રત્યેક સૂત્ર ખૂબ જ શુદ્ધ ઉચ્ચારથી બોલાતું હોય છે. સકલતીર્થસૂત્રની વંદનાઓનું દૃશ્ય તો આબેહૂબ હોય છે. ખાસો દોઢ કલાક તો આ રાઈ પ્રતિક્રમણમાં લાગે જ છે!

(૪૮) પ્રતના જીર્ણ-શીર્ણ કોઈ પાનાને થાળીમાં મુકાવીને જ્ઞાનપૂજન કરવા દેતા મુનિરાજને કોઈ શ્રાવિકાએ કહ્યું, "ગુરુદેવ! શું આવા જીર્ણ પાના ઉપર જ્ઞાનપૂજન! એટલે શું આ પૂજન માત્ર પૈસાની આવક માટે જ કરાય છે? અહીં જ્ઞાનનું કોઈ જ બહુમાન નહિ?" ધન્ય છે; એ શ્રાવિકાને, જેણે એક મુનિરાજની આંખો ખોલી નાંખી!

(૪૯) એક તપસ્વી મુનિરાજ દીક્ષા વખતે લીધેલો સંથારો ૨૫ વર્ષ બાદ પણ વાપરે છે. હવે તો ફાટી જઈને અડધો સંથારો જ રહ્યો છે. પણ તો ય તેની ઉપર ટૂંટીઆું વાળીને સૂઈ રહે છે! અપરિગ્રહિતાની કેવી પરાકાષ્ઠા!

(૫૦) બ્લડપ્રેશરના અને હૃદયરોગના કાતીલ હુમલાઓ આવી ગયા તો ય એક મહાત્માએ એક પણ ઔષધ લીધું ન હતું. છેલ્લાં ત્રીસ વર્ષથી તેઓ કોઈ ઔષધ લેતા નથી. ગમે તેવા રોગો સામે તેમણે એક જ રામબાણ દવા તૈયાર રાખી છે, મન્ત્રાધિરાજ શ્રીનવકાર.

નમસ્કારમન્ત્રની અપાર શ્રદ્ધાવાળા તે મહાત્માને વંદન!

પાઠ : ૧૦

પ્રકૃતિ-દોષ

ચારિત્ર્ય જીવનની પોતાની એક સંસ્કૃતિ છે. ચારિત્ર્ય-ધર્મના પાલન દ્વારા આત્માનું જે સંસ્કરણ થાય છે તે જ સંસ્કૃતિ છે.

પણ આ 'સંસ્કૃતિ' પામવી એ ખૂબ જ કઠિન સાધના છે, આ ખૂબ જ કપરાં ચડાણ છે. મોટા રૂસ્તમો પણ અહીં હાંફી ગયા છે.

એનું કારણ અનાદિકાલીન વિકૃતિઓનું જોર છે. આત્મામાં ઊંડી જડ નાંખીને પડેલા વિકારો આત્માનું સંસ્કરણ થવા દેવામાં ભારે મોટી રૂકાવટ ઊભી કરતા હોય છે.

આ વિકૃતિઓ જ પ્રકૃતિ બનીને રહે છે. એ વિકૃતિઓ જ સ્વભાવ બની જાય છે. આવા આત્માઓ ગમે તેટલા ખાનદાન ઘરના હોય, ગમે તેટલા ત્યાગી, તપસ્વી કે કદાચ ખાખી હોય, જ્ઞાની, લેખક કે વક્તા હોય, પણ જો તેમની કોઈ વિકૃતિ આત્મામાં જામ થઈને પ્રકૃતિ બની જાય તો એ એવો ખતરનાક દોષ બને છે કે ઝટ કેમે ય નીકળતો નથી.

મુનિજીવન પામ્યા પછી પણ જો તુચ્છતા, નિંદકતા, માયાવિતા, ક્રોધ કે ખાવાની લાલસા, અદેખાઈ કે ઉચ્છૃંખલતા જોવા મળે તો હૈયામાંથી ઊંડી વેદનાની ચીસ નીકળી જાય, મન બોલી ઊઠે, “અરે! પાણીમાંથી આગ! હવે કયાં જવું?”

પ્રકૃતિદોષવાળી એકાદ પણ વ્યક્તિ આખા ગ્રુપમાં ત્રાસ મચાવતી હોય છે. એનો એકાદ પણ વિચિત્ર સ્વભાવ આખા ગ્રુપને સતત પીડામાં અને વેદનામાં અજંપો અને બેચેનીમાં—અધ્ધર દિલે—રાખતો હોય છે.

આવા દોષને વહેલી તકે દફનાવવો જોઈએ. ‘પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય’ એ જૈનદર્શનની માન્યતા નથી. એ માન્યતા દઢપ્રહારી વગેરેના જીવનપ્રસંગોએ સાવ ખોટી ઠરાવી છે.

જો તમે પ્રકૃતિદોષનો ભોગ બન્યા હો તો બીજાઓના સુખ અને શાન્તિ ખાતર પણ તમારો એ દોષ તમે સત્વર દૂર કરજો. તમારો દોષ બીજા બધાને માનસિક રીતે કેટલા ત્રસ્ત રાખે છે એની તમને કલ્પના પણ નહિ હોય! સહુને ત્રાસ આપવાનો તમારો કયો અધિકાર? એ પ્રશ્ન વારંવાર જાતને પૂછજો.

સમગ્ર મુનિજીવનનો અને અનેકોના સંયમીજીવનનાં સુંદર સોણલાંઓનો ભાંગીને ભુકડો બોલાવી દેવાની તાકાત એક વ્યક્તિના પ્રકૃતિદોષમાં હોય છે. તેણે આ વાતને વિચારવી જ રહી. ઉજાગરાઓ કરીને સમજાવવા છતાં પણ

જો આવી પ્રકૃતિદોષવાળી વ્યક્તિ ન જ સુધરે તો બાકીના સહવર્તીઓએ પોતાનામાં સહનશક્તિ વધારવી જ રહી. તે વ્યક્તિના પ્રકૃતિદોષ સામે જોવા, બોલવા અને સંભાળવાનું સદંતર બંધ કરીને પોતાની આરાધનામાં જેટલા વધુ લાગી પડાય તેમ લાગી પડવું. આવી સિદ્ધિ સહનશક્તિ વધાર્યા વિના પ્રાપ્ત થઈ શકે તેમ નથી.

ખરી વાત તો એ છે કે પ્રકૃતિદોષવાળી વ્યક્તિને શિષ્ય બનાવતાં જ બહુ વિચાર કરવો જોઈએ, સારી રીતે કસોટી કર્યા વિના લાલચમાં આવી જઈને જ્યારે ઉતાવળે દીક્ષાઓ કરવામાં આવે છે ત્યારે જ પ્રાયઃ આવું બને છે, જેની જીવનભર સજા મળે છે.

જેમને આવા અનુભવ થયા હોય તેણે ભાવીમાં ખૂબ વધુ સાવચેત બની જવું અને બીજાઓને પણ પોતાનું અનુભવજ્ઞાન આપીને દુઃખી થતા અટકાવવા.

આટલું ધ્યાનમાં લેવા જેવું

(૩૩) ધર્મકાર્યો કરવા અંગે : અધર્મ (સાવદ્ય) કાર્યો સંબંધમાં તો આદેશ પણ ન કરાય; અને ઉપદેશ પણ ન

દેવાય. પરન્તુ ધર્મકાર્યો હોય તો તેમાં ય આદેશ તો ન જ કરાય. વળી જે ઉપદેશ આપવાનો હોય તે પણ વધુ પડતો ભાર દઈને; પૈસા માટે વધુ પડતા દબાણ કરીને; 'રૂપિયા નહિ લખાવો તો વહોરીશ નહિ'; 'બાધા નહિ લો તો ઘરે આવીશ નહિ...' વગેરે વગેરે અઘટિત દબાણો લાવીને કદી ન થાય.

જે ધર્મકાર્યો સહજ રીતે થઈ જાય; સામાન્ય પ્રેરણાથી જ ઊભાં થઈ જાય તે જ શ્રેષ્ઠ; જેને ઉપર્યુક્ત રીતો અપનાવવી પડતી હોય તેણે સમજી લેવું જોઈએ કે આ વિષયમાં તેનું પુણ્ય પહોંચતું નથી.

જેનું પુણ્ય જ ન પહોંચતું હોય તેણે આવાં કાર્યોમાં અગ્રેસર બનવાને બદલે પોતાની તપ, જપાદિની આરાધનામાં જ ઓતપ્રોત રહેવું જોઈએ. તે તપ, જપ પાછળ પણ ઉજમણું, ઠાઠનું પારણું કે શાન્તિસ્નાત્રાદિની લેશ પણ અપેક્ષા ન હોવી જોઈએ.

કેટલીક વાર પરાણે આવા પ્રસંગો ઊભા કરવાથી લોકો ધર્મને બદલે અધર્મ જ વધુ પામતા હોય છે.

(૩૪) જરૂરી વસ્તુના ઉપયોગ અંગે : ચશ્મા વગેરે જે અત્યન્ત અનિવાર્ય રૂપે જરૂરી વસ્તુઓ હોય તેમાં 'શોખ'નું તત્ત્વ ન પેસી જાય તેની ખૂબ કાળજી રાખવી. જરૂરવાળી વસ્તુ સગવડતાભરી અપેક્ષિત હોય તો તે હજી ચાલી શકે; પરન્તુ તે વસ્તુ એકદમ અદ્યતન, મોંઘી, આકર્ષક, વગેરે હોવી જોઈએ એવી અપેક્ષા તો આત્માનું ખૂબ જ અહિત કર-

નારી બની રહે. આવી વસ્તુઓનો ઉપયોગ કરતાં સાધુ કે સાધ્વીને જોઈને આજનો યુવકવર્ગ પીઠ પાછળ સારી એવી ટીકા જ કરતો હોય છે.

બીજાઓ અધર્મ પામી જાય તેવું આપણાથી કેમ કરાય ?

(૩૫) **ઔચિત્યસેવન અંગે ;** કેટલીક વખત અન્ય ગ્રુપના મુનિભગવંતો વિહારાદિ કરતાં આવી જાય છે. આવા વખતે તેમના ઉચિત વિનયાદિ કરવામાં લેશ પણ ઉપેક્ષા ન બતાડવી. સ્વાધ્યાય પણ ગૌણ કરીને તેમની સેવામાં જોડાઈ જવું જોઈએ.

તેમના ઝોળી પાતરા ઉતારવા, દોરી બાંધવી, કપડાં સૂકવવાં, પાણી વગેરે આપવું કે પરાતો વગેરે ગોઠવવી વગેરે પ્રવૃત્તિઓમાં સહુએ લાગી પડવું જોઈએ.

જો તેમ ન કરવામાં આવે તો આવેલા મુનિઓની આશાતનાનો દોષ લાગે.

હા.... કામ પૂરું થયું કે તરત સ્વાધ્યાયાદિમાં બેસી જવું; પછી 'ગપ્પાં' મારવાનો સ્વાધ્યાય તો ન જ કરવો.

(૩૬) **પુસ્તક-પરિગ્રહ અંગે :** જરાતરામાં પુસ્તકો ખરિદાવીને મંગાવવા અને તેનો ભંડાર કરવો; તે ય ગૃહસ્થનાં ઘરોમાં...તે ઉચિત લાગતું નથી. જ્યારે જે પુસ્તકની જરૂર પડે ત્યારે તે પુસ્તક જ્ઞાનભંડારમાંથી મંગાવી લેવું અને કામ પૂરું થાય કે ત્યાં મોકલી દેવું. પુસ્તકોની પણ અપરિ-

ગ્રહિતા હોવી જોઈએ. બેશક; અતિ મહત્ત્વનાં કેટલાંક પુસ્તકો હોય તો તેને આમાં અપવાદરૂપ ગણવાં પડે ખરાં.

(૩૭) **સૂત્રાર્થ અંગે :** છેવટે બીજું કાંઈ નહિ તો પાંચ પ્રતિક્રમણનાં સૂત્રોના અર્થ તો ધારી જ લેવા જોઈએ. સામાન્ય ગણાતાં—ચાલુ વપરાશનાં—સૂત્રોના પણ જો અર્થ ન આવડે તો મુનિજીવનને માટે તે લાંછનરૂપ કહેવાય. વળી સૂત્રાર્થનો બોધ થવાથી આવશ્યકાદિ ક્રિયાઓમાં ઉલ્લાસ પણ વધે છે. બીજાઓને તે અર્થો સમજાવવાથી આત્માની સુંદર પરિણતિનું નિર્માણ થાય છે. જિનશાસન તરફનો પક્ષપાત વધુ દૃઢ થાય છે. ગમે ત્યારે સમય મેળવીને પણ આવશ્યકના સૂત્રાર્થની ધારણા તો કરી જ લેવી જોઈએ.

(૩૮) **અભક્ષ્યાદિની પ્રેરણા અંગે ;** વિદળ, વાસી, અનંતકાય અને અભક્ષ્ય—અથાણાં વગેરે—ની સમજણ બાબતમાં જૈન ગૃહસ્થોનું લગભગ દેવાળું નીકળી ગયું હોય તેમ લાગે છે. આ સ્થિતિમાં સાધુ, સાધ્વીજીઓએ સ્વયં સારો અભ્યાસ કરી લઈને સહુને આ બધી વાતો કરીને તલસ્પર્શી સમજણ આપવી જોઈએ. રે ! હવે તો કેટલાક ત્યાગીઓ પણ કેટલીક અભક્ષ્ય એવી મીઠાઈઓ કે વસ્તુઓને ભક્ષ્ય માનીને તેનું સેવન કરતા જોવા મળ્યા છે ! કેટલીક વાર ગ્રેપ્ટીન જેવાં બિસ્કિટો, મધના ચ્યવનપ્રાશો, પાણીના પ્રવાહીની દવાઓ, એન્ઝાઈમોવાળી ગોળીઓ વાપરતા જોઈને તો હૈયેથી ઊંડી ચીસ નીકળી જાય છે ! સ્વયં અજાણ; બીજાને શું જાણકારી આપી શકશે ?

આ જાણકારી માટે અભક્ષ્ય અનંતકાય વિચાર, આહારશુદ્ધિ પ્રકાશ, ઘેર ઘેર ઘોર હિંસા, વગેરે પુસ્તકોને મનનપૂર્વક જોઈ લેવાં જોઇએ.

પ્રશ્નોત્તરી

સવાલ (૨૩) : કોઈ સંઘમાં કલેશ થયો હોય તો તે મિટાવવો કે નહિ ?

જવાબ : સંઘનો કલેશ મટે તેના જેવું તો ઉત્તમ બીજું શું હોઇ શકે ? પરન્તુ આ વિષયમાં એકલો સત્પુરુષાર્થ ચાલતો નથી; વિશિષ્ટ કોટિની પુણ્યાઈ પણ જરૂરી બને છે. જો તેવી પુણ્યાઈ ન હોય અને ઉત્સાહના આવેગમાં સંઘના પ્રશ્નોની પતાવટ કરવાનો યત્ન કરાય તો કેટલીક વાર પ્રશ્નો વધુ ગૂંચવાઈ જાય છે; તડાં મોટી ફાડ બની જાય છે. આવી સ્થિતિ પેદા થવા દેવી તેના કરતાં તો 'જૈસે થે'ની સ્થિતિમાં રહેવું તે જ યોગ્ય ગણાય.

આશય શુદ્ધ હોય; પુરુષાર્થ પણ સારો હોય; નિષ્પક્ષ-દૃષ્ટિ પણ મળી હોય તો ય ન ચાલે. તે બધું છતાં જો તેવું પુણ્ય નહિ હોય તો મામલો વધુ બગડશે. તે વખતે, "મારો આશય તો શુદ્ધ હતો; છતાં પરિસ્થિતિ ઉગ્ર બની

ગઈ. હું શું કરું ?" એમ કહેવું તે બિલકુલ યોગ્ય નહિ ગણાય. એથી કોઈ બચાવ નહિ મળે.

માટે 'સેજ પ્રમાણે સોડ તાણવી' એ કહેવત સદા ખ્યાલમાં રાખવી જોઈએ.

સવાલ (૨૪) : મુમુક્ષુને દીક્ષા આપતાં પહેલાં કેટલો સમય તાલીમ આપવી જોઇએ ?

જવાબ : ચોક્કસ સમય–નિર્ણય બધા માટે એકસરખો ન હોય. છતાં સામાન્યતઃ એમ કહી શકાય કે બે ત્રણ વર્ષની તો તાલીમ આપવી જ જોઈએ. વર્તમાનમાં દીક્ષા લીધા પછીની જે કેટલીક દુઃખદ બીનાઓ જોવા–સાંભળવા મળે છે તેથી એમ કહેવાનું દિલ થાય છે કે દીક્ષા આપવામાં વધુ પડતી ઉતાવળ કરવાનો સમય હવે સંપૂર્ણપણે ચાલી ગયો છે. હવે તો સારી એવી કસોટી કર્યા વિના દીક્ષા ન આપવી એ જ યોગ્ય લાગે છે.

શાસ્ત્રકાર પરમર્ષિઓએ પ્રશ્નપરીક્ષા, કથાપરીક્ષા અને પરિચયપરીક્ષા જણાવી છે તેનો અવશ્ય અમલ કરવો જોઈએ એમ લાગે છે.

દીક્ષા દેવાના અતિરેકવાળા ઉમંગમાં ક્યારેક પણ જો એકાદ અયોગ્ય વ્યક્તિને દીક્ષા અપાઈ જાય તો ગુરુ અને આશ્રિતવર્ગને જીવનભરનો ત્રાસ થઈ જવાની શકયતા પેદા થઈ જાય છે. એવી વ્યક્તિ માથાનું ભયંકર દર્દ બને છે. તે અનેકોને ઉચ્છૃંખલ બનાવે છે. એવો એક સંસાર દીક્ષિત-

જીવનમાં ખડો થાય છે; જેને ત્યાગવો કે નભાવવો – બે ય – મુશ્કેલ બની જાય છે.

સવાલ (૨૫) : પાતરાં-કપડાંની ઉપધિ કેટલી રાખવી જોઇએ ?

જવાબ : માત્ર જરૂર પૂરતી. અપેક્ષાએ એમ કહી શકાય કે વધુમાં વધુ એક વર્ષ સુધી કશું માંગવું ન પડે તેટલી.

પૂર્વે તો શાસ્ત્રનીતિથી વધારામાં માત્ર ત્રણ નવાં વસ્ત્રો જ રાખવામાં આવતાં. જે વીંટલાની જેમ રહેતાં. મૃત્યુ બાદ તે શબને પહેરાવવામાં ઉપયોગી થતાં.

પણ હાલના કાળમાં ઉપધિ માત્ર ચાતુર્માસના આરંભ વખતે વહોરાવવાની પરંપરા ચાલે છે એટલે એક વર્ષ સુધી જરૂર ન પડે તેટલી ઉપધિ રાખવાનું યોગ્ય લાગે છે. સાધુ-સંસ્થા પ્રત્યે તો શ્રીસંઘ એટલો બધો ભક્તિવંત છે કે 'કાલે નહિ મળે તો ?' એવી ચિંતા કરીને પટારાઓ ભરવાની લેશ પણ જરૂર નથી. આવો પટારાઓનો પરિગ્રહ તો દુર્ગતિનું સીધું દ્વાર બની જાય છે.

એ મૂર્ચ્છા જો સાધુ-સંસ્થા દૂર નહિ કરે તો એમના દ્વારા ગૃહસ્થોને અપાતા ઉપદેશમાં કેટલી તાકાત હશે ? કેટલો પ્રાણ હશે ?

સવાલ (૨૬) : આરાધનામાં સૌથી મહત્ત્વની આરાધના કઈ ?

જવાબ : સાપેક્ષભાવની આરાધના એ સૌથી મહત્ત્વની આરાધના કહી શકાય.

આરાધના કોઈ પણ હોય : નાની કે મોટી; ઉગ્ર મધ્યમ કે મંદ; તેનો બહુ સવાલ નથી; પરન્તુ જે આરાધનાઓ જીવનમાં થઈ ન શકતી હોય તેના પ્રત્યે 'સાપેક્ષભાવ' એ સૌથી મોટી અને મહત્ત્વની આરાધના છે.

કારણવશાત્ ઊભા રહીને આવશ્યક ક્રિયા ન પણ થઈ શકે છતાં ય 'આવશ્યક ક્રિયા ઊભા જ કરવી જોઈએ' એવો સાપેક્ષભાવ જો જીવંત રહી જાય અને વચ્ચે વચ્ચે જરાક વાર માટે ઊભા પણ થવાય તો આ ઘણી મોટી આરાધના થઈ કહેવાય.

એકાશન ન કરી શકનાર ભલે નવકારશી કરે પણ એકાશન પ્રત્યેના સાપેક્ષભાવને સૂચિત કરતો ત્યાગ નવકારશીમાં ખાખરો વાપરવો પડે તો લુખ્ખો વાપરવો; દૂધમાં સાકર ન નંખાવવી; ચા ઠંડી જ વાપરવી...વગેરે જો આવી જાય તો કદાચ એકાશન કરતાં ય આ સાપેક્ષભાવની નવકારશી ચડી જાય.

આજે તો 'કરવું તો બધું કરવું; નહિ તો કશું જ ન કરવું....' એવી જે વિચારણા ઉગ્ર તપસ્વી, કે વિદ્વાનોમાં પ્રવર્તે છે તે તો યોગ્ય જણાતું નથી.

શાસ્ત્રવિચાર
[અધ્યાત્મસાર]

જ્ઞાનગર્ભ વૈરાગ્યવાળા મહાત્માનાં લક્ષણો :

(૧) સૂક્ષ્મદૃષ્ટિ (૨) માધ્યસ્થ્ય (૩) સર્વત્ર હિત-ચિન્તા (૪) ક્રિયામાં ભારે આદર. (૫) ભવ્યજીવોને ધર્મ સન્મુખ બનાવવાની પ્રવૃત્તિ (૬) પારકી વાતોમાં મૂંગા, આંધળા અને બહેરા માણસ જેવી પોતાની ચેષ્ટા હોય (૭) સ્વગુણના અભ્યાસમાં ઉત્સાહ; નિર્ધનને પૈસો કમાવ-વામાં હોય છે તેવો (૮) કામના ઉન્માદનું વમન (૯) અભિમાનનું મર્દન (૧૦) અસૂયાના તન્તુનો છેદ (૧૧) સમતાસાગરમાં ગળાબૂડ લીનતા (૧૨) ચિદાનંદમય સ્વભાવમાં નિશ્ચલતા.

ત્રણ પ્રકારના વિરાગમાં વસ્તુતઃ જ્ઞાનગર્ભ વિરાગ જ આદેય છે.

બાકીના બે પ્રકારના–દુઃખગર્ભ અને મોહગર્ભ–વિરાગ પણ ક્યારેક ઉપયોગી બની જાય ખરા.

એક આત્મા દુઃખથી કે મોહથી સંસારવિરક્ત થાય અને પછી તેને જો જ્ઞાનગર્ભવિરાગ થઈ જાય તો તે દુઃખ-ગર્ભ કે મોહગર્ભવિરાગ દૂર થઈ જાય. આમ દુઃખાદિગર્ભિત વિરાગથી પણ દીક્ષા લીધી તો તે આત્માને જ્ઞાનગર્ભવૈરાગ્ય પ્રાપ્ત થવાનો અવસર સાંપડ્યો. એટલે આ રીતે દુઃખા-

દુઃગર્ભવિરાગ પણ ક્યારેક કેટલાકને આરાધનામાર્ગે ચડવામાં ઉપયોગી બની જાય ખરો.

પણ એ માટે પોતાના અધ્યાત્મભાવ રૂપી રાજાની કૃપા તો આવશ્યક છે જ.

હાર્દિક અનુમોદન

(૫૧) દસ વર્ષનો એ બાળ છે. સિનેમા કદી જોતો નથી; પણ તેની સાથે કોઈ મા-બાપ પોતાનાં સંતાનોને લઈ ને સિનેમા જોવા જાય છે તો રસ્તા વચ્ચે આંતરીને આ બાળ તેમને કહે છે કે, "તમે જ તમારાં બાળકોને સિનેમા દેખાડીને પાપ કરાવશો? ના....પાછાં ફરો; ઘરે જાઓ....સિનેમા તો ન જ જોવાય. મારા ગુરુદેવે સાફ ના પાડી છે!"

(૫૨) એસ. એસ. સી.ની પરીક્ષામાં આપઘાત કરવા – દરિયે પડવા જતા–યુવાનને એના મિત્રે ખૂબ સરસ વાત કરતાં તેણે આપઘાત કરવાનું માંડી વાળ્યું. મિત્રે તેને કહ્યું કે આપઘાત કરીશ તો નવો જન્મ લેવાનો; કદાચ મનુષ્યનો ભવ મળે તો ય ગર્ભકાળ અને સોળ વર્ષનો જીવનકાળ પસાર થાય પછી જ એસ. એસ. સી. પાસ થવાય, જ્યારે આજે તું આપઘાત ન કરે તો આવતા વર્ષે–એક જ વર્ષના ગાળામાં એસ. એસ. સી. પાસ થઈ જવાય.

યુવાનના મગજમાં વાત બેસી ગઈ. આપઘાત કરવાનો માંડી વાળ્યો.

(૫૩) લખવામાં ખૂબ સારી પડે એવી સ્ટીલની જરૂરવાળા એ મહાત્માને ભારે મૂલ્યની પેન જ રાખવી પડે. પણ તો ય તે પેન મોહક ન બની જાય તે માટે તેની ઉપર કાગળો ચોંટાડે છે; અને તે કાગળો ઉપર સહીના લપેડા કરી નાંખે છે. આથી તે પેનની મોહકતા ખતમ થઈ જાય છે.

(૫૪) ઓપરેશનના સમયમાં ડોકટરો કોઈ અભક્ષ્ય દવા આપી દે તેવી સંભાવનાને નજરમાં રાખીને તે પુણ્યવાન્ ધર્માત્માએ ઘેન લીધા વિના જ ઓપરેશન કરાવ્યું. વાઢકાપની અસહ્ય વેદના સહી છતાં તેનું દુઃખ ન હતું; બલ્કે 'અભક્ષ્ય' ન લેવાયું તેનો આનંદ એ પળોમાં ય મુખ ઉપર રમતો હતો.

(૫૫) સારા પેડના કાગળો ઉપર લખાણનું કામ કરવાને બદલે એ મહાત્મા આવેલી ટપાલોનાં કવરોને ખુલ્લાં કરી નાંખીને તેનો જ બહુધા લખાણમાં ઉપયોગ કરે છે!

(૫૬) એ મહાત્મા પાણી પણ નિર્દોષ મળે તો જ વાપરે છે. એક વાર તે માટે તેમણે વીસ માઈલનો વિહાર કર્યો હતો. પણ ત્યાંય નિર્દોષ પાણી ન મળતાં; પૂરી પ્રસન્નતા સાથે ચોવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ કરી લીધું હતું.

પાઠ : ૧૧

અભ્યાસ અને અભ્યાસકાળ

સમગ્ર મુનિજીવનનો કાળ તે અભ્યાસકાળ છે. સાધુ સદૈવ શાસ્ત્રાભ્યાસ–નિરત હોય; તેને વળી વય–મર્યાદાનું નિયંત્રણ શેનું ? પાંસઠ વર્ષની જૈફ વયે પણ સાધુ ભગવંત કાંઈ ને કાંઈ ગોખતા હોવા ઘટે; ભણતા હોવા ઘટે.

પણ તેમાં ય મુનિજીવનનાં પહેલાં દસ વર્ષ તો અત્યંત મૂલ્યવાન છે; અભ્યાસ કરવા માટે સ્તો.

તપ, ત્યાગાદિની સાથે શરૂનાં દસ વર્ષ તો દરેક મુનિએ–સાધુ કે સાધ્વીએ સ્વાધ્યાયના રસમાં એકાકાર બની જવું જોઈએ. આવશ્યક ક્રિયાઓ, ગુર્વાદિની સેવા અને યથાશક્તિ તપપૂર્વક એણે પુસ્તકના કીડા જ બની જવું જોઈએ એમ કહું તો તે ખોટું નહિ ગણાય.

શાસ્ત્ર–સ્વાધ્યાય સિવાય કશું જ નહિ. એમાં ય ખાસ કરીને કંઠસ્થ કરવા માટેની પ્રવૃત્તિને પ્રાધાન્ય આપવું જોઈએ.

ચાર પ્રકરણાદિ અનેક પ્રકરણગ્રંથો તથા કમ્મપયડી

વગેરે મહાગ્રંથો, લોકપ્રકાશ અને પ્રવચન સારોદ્ધાર તેણે સાર્થ કંઠસ્થ કરી લેવા જોઈએ.

સિદ્ધહૈમ, અભિધાન-ચિંતામણિ અને ધાતુપાઠ એકી બેઠકે હજારો શ્લોકના મુખપાઠ રૂપે ચાલવો જોઇએ.

દશવૈકાલિકના ચૂલિકા સહિત દસ અધ્યયન, ઓઘનિર્યુક્તિ અને ઉત્તરાધ્યયન સૂત્ર કંઠસ્થ કરવા જોઈએ.

અને તે પછી પ્રશમરતિ, જ્ઞાનસાર, ઇન્દ્રિય પરાજય, વીતરાગ સ્તોત્ર, શાન્તસુધારસ, અધ્યાત્મસાર હરીભદ્રી અષ્ટક, વૈરાગ્ય કલ્પલતા વગેરે કંઠસ્થ કરવા જોઈએ.

એ પછી ઉપાધ્યાયજી મહારાજ તથા હરિભદ્રસૂરિજી મહારાજના કેટલાક ગ્રંથો તથા અમૃતવેલની સજ્ઝાય, સડસઠ બોલની સજ્ઝાય, આનંદઘનજી, દેવચંદ્રજી અને ઉપાધ્યાયજી મહારાજની ચોવીશીઓ, સવાસો, દોઢસો અને સાડા ત્રણસો ગાથાનાં સ્તવનો વગેરે કંઠસ્થ કરવાં જોઈએ.

દસથી પંદર વર્ષે આ બધો સ્વાધ્યાય તૈયાર થાય. પછી જુઓ જીવન જીવવાની મજા; પછી અનુભવો પાંડિત્ય કે વિદ્વત્તા, પછી પામો સ્વયંભૂ ક્ષયોપશમ અને શાસનપ્રભાવકતા.

જે ત્યાગીઓ – ખાસ કરીને નાની વયના ત્યાગીઓ– મુનિજીવનનાં પહેલાં દસ વર્ષ સ્વાધ્યાયમાં લીન થઈ

જાય છે તેઓ જ જનશાસનનું જવાહર બને છે. જેઓ આ કાળમાં બહિર્મુખ બનીને છાપાં, ચોપાનીઆદિ વાંચે છે; અકાળમાં વ્યાખ્યાન કરવાનું ચાલુ કરી દે છે તેઓ ખૂબ નબળા નીકળે છે; આજીવન પરમુખ રહે છે, ઈધર ઉધરનું ઉધારિયું જ્ઞાન ભેગું કરીને એમનું પોતાનું શાસન જરૂર ચલાવી કાઢે છે પણ પ્રભુના શાસન માટે તેઓ લગભગ નકામા બની જાય છે.

જો મુનિજીવન એના સાચા સ્વરૂપમાં સુંદર રીતે માણવું હોય તો મહામૂલ્યવાન પ્રથમનાં દસ વર્ષની પ્રત્યેક પળ સ્વાધ્યાયમાં લગાવી દેજો.

આટલું ધ્યાનમાં લેવા જેવું

(૩૯) હંમેશ કાયોત્સર્ગ અંગે :

જિનશાસનનો આપણી ઉપર કેટલો બધો ઉપકાર છે ? આ શાસન આપણને ન મળ્યું હોત તો આ દીક્ષા, પવિત્રતા, જીવ માત્ર પ્રત્યેની નક્કર કરુણા વગેરેને આપણે શી રીતે પામી શકત ?

આવા શાસનની ઉપર પણ ક્યારેક દુષ્ટ તત્ત્વો આપત્તિ ઉતારે તેવું ભૂતકાળમાં બન્યું છે અને વર્તમાનમાં

પણ બની રહ્યું છે. તેના નિવારણ માટે સાગરવર-ગંભીરા સુધીના લોગસ્સનો જેમ બને તેમ વધુ સંખ્યામાં [૧૨ થી ૧૦૮ સુધી] કાયોત્સર્ગ [ઊભા ઊભા જ] કરવો જોઈએ. લોગસ્સના કાયોત્સર્ગમાં વિઘ્ન–વિદારણની પ્રચંડ શક્તિ છે.

આજથી અખંડિતપણે કાયોત્સર્ગ શરૂ કરવો જોઈએ.

(૪૦) યોગ્ય જીવોને પ્રેરણા અંગે :

જેઓ મુનિજીવનમાં પરિપક્વ થયા છે, જ્ઞાનથી અને વયથી, તેમણે શ્રીસંઘમાં આરાધનાઓ કેમ વધુ થાય ? તેની કાળજી કરવી જોઈએ. પણ સબૂર ! ખૂબ જ સહજ રીતે આ કામ થવું જોઇએ. માંગીને, પરાણે આવું કામ કદી ન કરવું.

ક્યારેક પાત્ર વ્યક્તિઓને કે વર્ગને નવકારશી, રાત્રિ ભોજનત્યાગાદિ આરાધનાઓની સહજ રીતે પ્રેરણા કરવી. કેટલાક જીવો આવી કોઈ પ્રેરણાને પામીને તરત જીવનની દિશા બદલતા હોય છે. હા....પ્રતિજ્ઞા આપવામાં જરા ય ઉતાવળ ન કરવી, પરંતુ પ્રેરણા જરૂર કરવી. એ આરાધનાઓના લાભો દેખાડવા. વિરાધનાઓનાં કટુ પરિણામો સમજાવવાં. પછી જ્યારે તે સાચા ભાવથી પ્રતિજ્ઞા માંગે ત્યારે આપવી.

યાદ રાખજો કે પ્રભુશાસન આવી આરાધનાઓ

[નિશ્ચય સાપેક્ષ જીવંત વ્યવહારમાર્ગ] ઉપર અવિચ્છિન્નપણે આગળ વધવાનું છે. જેટલા આત્માઓ આવી આરાધનાઓમાં જોડાય તેટલો જય જયકાર.

સબૂર ! સંખ્યાવૃદ્ધિમાં પડશો નહિ. તેની ઝાઝી ચિંતા કરશો ય નહિ. આપણે થોડા પણ ઘણા છીએ, જો ગુણવત્તાનું ધોરણ ઊંચું હોય તો.

(૪૧) નાની દેખાતી વાતો અંગે :

બારી કે બારણાને પૂંજી-પ્રમાર્જીને ખોલ-બંધ કરવા, બરોબર જમીન જોઈને માત્રુ વગેરે પરઠવવું, ઉપયોગ રાખીને બોલવું વગેરે બાબતો આમ તો બહુ નાની દેખાય છે. પણ એ જ ઘણી મોટી બાબતો છે. કેટલાક મોટા વ્યાખ્યાતાઓ પણ આ નાની (!) વાતોને પાળી શકતા ન હોય તો તે કેટલી મોટી સાબિત થઈ જાય છે ! હજારોની મેદની સામે વ્યાખ્યાન કરવું સહેલ છે, પણ મુહપત્તિનો ઉપયોગ તેમાં રાખવો એ એમને ય મહાભારત જેવું કઠણ બન્યું હોય છે !

આવી નાની દેખાતી બાબતો પ્રત્યે જેઓ ઉપેક્ષા દાખવે છે તેઓ તેમના આંતરિક જીવનનો સાચો વિકાસ કદી પામી શકતા નથી. પછી તેમનો બાહ્ય વિકાસ ગમે તેટલો જણાતો હોય તો ય તે સૂક્ષ્મ દૃષ્ટિએ લોકરંજનાદિ માટેનો બની જાય છે.

આવી નાની દેખાતી વાતોને જ અષ્ટ-પ્રવચન

માતાઓ કહી છે તે વાત ધ્યાનમાં રાખીને એની ગંભીરતાને પૂરેપૂરી સમજવી જોઇએ. અન્યથા દીક્ષાનાં પ્રારંભના વર્ષોમાં જ એવી કુટેવો પડશે કે જેમાં આ નાની વાતો સાફ થઈ જીવનમાંથી કાયમ માટે સાફ થઈ જવાશે.

(૪૨) ગોચરી અંગે :

અહીં ગોચરી લાવવા અંગે એક સૂચન કરવું છે. કેટલાકો ગોચરી છૂટથી – ઝોળીના ભાર ઉપર – અડસટ્ટે ગોચરી લાવવાની પ્રકૃતિ ધરાવતા હોય છે. આ રીત ખૂબ જ ખરાબ છે. મુનિઓના આરોગ્યને નુકસાન કરતાં તત્ત્વોમાં 'ગોચરી વધી જતાં વધુ પડતું વાપરવાની પડતી ફરજ' એ સૌથી પ્રધાન છે. વધેલી ગોચરી પરઠવવાનો દોષ વધુ હોય છે; એટલે દોષભીરુ આત્માઓ અનિચ્છાએ પણ દાબીને વાપરે છે, આથી અમુક સમય બાદ આંતરડાં નબળાં પડે છે. આમદોષ, અજીર્ણ, પાંડુરોગ (એનીમીઆ) દેખા દેવા લાગે છે.

દરેકે એક નીતિ નક્કી કરવી જોઈએ કે પ્રત્યેક વસ્તુ પાકી ગણતરીથી જ લાવવી. ખૂટી પડે તો ઉણોદરીનો સુંદર લાભ મળે, અને કદાચ ફરી લેવા માટે જવું પડે તો ય વાંધો નહિ. પણ પણ વારંવાર 'વધી પડવું' એ તો ભારે ત્રાસરૂપ બાબત છે. એમાં ય જો મહોત્સવ ચાલતો હોય, ભકતો ઘણા હોય, એકાશનનું

પચ્ચક્ખાણ લગભગ કોઈ કરતું ન હોય તો તો બાર વાગ્યા. પ્રત્યેક ટંકે 'વધારો', પ્રત્યેક ટંકે ત્રાસ !

ભૂખ વિના વપરાતો મગનો દાણો પણ ઝેર બરોબર છે એ કોઈ ન ભૂલે.

પ્રશ્નોત્તરી

સવાલ (૨૭) : ગમે તે સ્થિતિમાં એલોપથી કે આયુર્વેદિક ઔષધ ન જ લેવું એવો નિરપવાદ આગ્રહ રાખી શકાય ખરો ?

જવાબ : તેવો આગ્રહ જરૂર રાખી શકાય; પણ નિરપવાદ આગ્રહ તો ન જ રાખી શકાય; આપણું સત્ત્વ જેટલું વધે તેટલું સારું જ છે; તેમ જ હોવું જોઈએ.

વર્તમાનમાં એક મહાત્મા છે; જેમને હાર્ટએટેક અને બ્લડપ્રેશરના અતિ ભયાનક હુમલાઓ આવી ગયા તો ય તેમણે એક પણ ઔષધ લીધું ન હતું અને છતાં ય તેઓ તે દર્દમાંથી મુક્ત થયા હતા. પરંતુ આવું સત્ત્વ સૌનું ન હોય. એટલે તેવી વ્યક્તિને તો તેવા સમયે કારમી અસમાધિ થાય અથવા તો ઘસાતું તેનું

શરીર અનેક પ્રકારની વિશિષ્ટ આરાધનાઓથી સદા માટે વંચિત થતું જાય.

ઔષધાદિને પણ કર્મોના ઉપશમાદિમાં નિમિત્ત તો કહ્યા જ છે. જેમ પારણામાં સૂંઠ, રાબડી કે દૂધ લેવાથી અમુક પ્રકારની સ્ફુર્તિ તરત જ જોવા મળે છે અને તેથી પણ અમુક પ્રકારની ચિત્તસમાધિ પ્રાપ્ત થાય છે તેમ ઔષધનું પણ છે જ.

શાસનપતિ પરમાત્મા મહાવીરદેવે પણ સિંહ નામના અણુગારના અત્યાગ્રહથી ઔષધ લીધું હતું. પૂજ્યપાદ હીરસૂરિજી મહારાજાને પણ શ્રાવિકાઓના ખૂબ આગ્રહને લઇને ઔષધ લેવું પડ્યું હતું. આમ કેટલીક વાર શ્રીસંઘ આદિના વાત્સલ્ય વગેરેને કારણે પણ ઔષધ લેવાનો પ્રસંગ આવી પડે ખરો.

એટલે ઔષધ ન લેવાય તેવો આગ્રહ જરૂર રાખવો; પણ તે નિરપવાદ ન હોવો જોઈએ.

વળી ઔષધ લેવું જ ન પડે તેવી સ્થિતિ જેણે સિદ્ધ કરવી હોય તેણે મુનિજીવનના – તેમાં ય ખાસ કરીને આહાર સંબંધના – તમામ નિયમોનું વ્યવસ્થિત રીતે પાલન તો કરવું જ જોઈએ.

વધુ પડતી એ નિયમોની ઉપેક્ષા કરનારા માંદા પડે અને પછી ઔષધ નહિ લેવાનો નિરપવાદ આગ્રહ સેવે એ કેટલું ઉચિત ગણાય તે સમજવું જોઈએ.

કેટલીક વાર આવો આગ્રહ રાખનારા આધાકર્મી લેવાને પણ જો તૈયાર થતા હોય પરંતુ સુદર્શન ઘનવટીની ગોળી – નિર્દોષ ઔષધ – હોય તો ય તે લેવાને લાચાર હોય તો તે તો 'બાળે કૂચા અને બારણાં ખુલ્લાં' જેવો ન્યાય થયો કહેવાય. આવા સમયે ખૂબ જ જીવંત વિવેકબુદ્ધિ વાપરીને ગીતાર્થ ગુરુદેવની આજ્ઞાને એકદમ 'તહત્તિ' કરીને જ સંયમ–યાત્રા આગળ ધપાવવી જોઈએ.

સવાલ (૨૮) : કાંઈક વધુ ટકામાં સાધ્વીજીઓનું આરોગ્ય ચિંતાજનક બન્યું છે ? એમ નથી લાગતું.

જવાબ : હા....મને તેમ લાગે છે ખરું. એનાં બે કારણો જણાય છેઃ (૧) આહારાદિના નિયમોની પૂરી સમજણનો અભાવ. (૨) માનસિક ચિંતાઓ–એવાં કેટલાંક સાચાં કે ખોટાં આર્ત્તધ્યાનો–કોઈ વ્યથાઓ.

જૈન સંઘ તેમના આહાર સંબંધમાં ઉપેક્ષા કરે છે તેવું બિલકુલ નથી; પરંતુ સાધ્વીજીઓની મોટી સંખ્યાને આ બાબતનું વિશેષ જ્ઞાન નહિ હોય તેમ મને લાગે છે. પછી તેઓ ઝટઝટ ડૉકટરોને ફરિયાદ કરે છે. ડૉકટરો પણ ઝટપટ ભારે દવાઓ (ભક્ષ્ય કે અભક્ષ્ય ?) લખી આપતા હોય છે, અને સાધ્વીજીઓ પણ ગામે ગામે બદલાતા જતા ડૉકટરોની બદલતી જતી દવાઓ વાપર્યા જ કરતા હોય છે. ક્યારેક તો આહાર કરતાં ય

ઔષધ જ આરોગ્યની અંધાધૂંધી પેદા કરવામાં વધુ ભાગ ભજવી જતું હશે.

આ સિવાય સ્ત્રી જાતિમાં સ્વભાવગત જે કેટલાક દોષો છે તેના લીધે તેઓ પરસ્પરની અથડામણ વગેરેમાં જલદી ઊતરી પડતાં હોય છે. ઓછું આવી જવું, અધીરા થવું, અપેક્ષાઓ રાખ્યા કરવી, અસહિષ્ણુ બનવું, બીજાના દોષો જોવાની આદત હોવી, રડવું, વધુ પડતી ચિંતા કરવી, માથે વધુ ભાર લઈ લેવો....વગેરે માનસિક કારણો પણ એમના આરોગ્યની કથળતી સ્થિતિમાં કારણભૂત બની જતા હોય છે. કોને કયું કારણ લાગુ થયું છે ? એ તો એ વ્યક્તિ કે એના વડીલ જ સાચું કહી શકે.

હાર્દિક અનુમોદન

(૫૭) એક મહાત્મા વિશાળ સમુદાયના વડીલ હતા. રોજ રાત્રે એકાદ સાધુને પોતાની પાસે અંગત બેસાડતા અને માતાનું વાત્સલ્ય આપીને એના જીવનમાં પ્રવેશ કરતા. એના દોષોનું શુદ્ધીકરણ કરાવી લેતા. મહાનિશીથ સૂત્રના શલ્યોદ્ધારની જ્યારે એ વાતો કરતા ત્યારે ભલભલા સાધુનેય શુદ્ધિ કરવાની ભાવના તીવ્ર થઈ જતી !

(૫૮) એ આચાર્ય ભગવંતને પોતાના પ્રશિષ્યની કેન્સરની ભયંકર માંદગીમાં પગ દબાવતા મેં જોયા છે, જે વખતે તે પ્રશિષ્ય અર્ધબેભાન અવસ્થામાં હતા. મેં તે પૂજ્યશ્રીને કહ્યું, "પગ આપ ન દબાવો. એ લાભ મને લેવા દો."

તેઓ મક્કમ સ્વરે બોલ્યા, "આપ મુઆ વિના સ્વર્ગે ન જવાય!"

(૫૯) કેરીની આજીવન પ્રતિજ્ઞા લઈ ચૂકેલા મુનિ ખૂબ માંદા પડ્યા. ડૉકટરે કેરી વાપરવાની સલાહ આપી. જો કારણવશાત્ ગુરુદેવ રજા આપે તો તેમને છૂટ હતી. એટલે ડૉકટરે ગુરુદેવ ઉપર દબાણ કર્યું. ગુરુદેવે એમને એટલું જ પૂછ્યું કે, "તું આવા કારણે કેરી લઈશ? નિર્દોષ મળે તો જ લેવાની છે. હું તને રજા આપું છું."

બસ....આટલું સાંભળતાં જ તે કેરીના ત્યાગી મુનિવરની આંખેથી દડ દડ દડ આંસુ વહી જવા લાગ્યાં. વાત્સલ્યમૂર્તિ ગુરુદેવે તે જોઈને તરત પોતાની વાત પાછી ખેંચી લીધી!

(૬૦) એ તીર્થની રક્ષા માટે તે આચાર્ય ભગવંતે પોતાના તમામ શિષ્યો સાથે કિલ્લાની ચોફેર ઊભા રહીને આખી રાત ચોકીપહેરો ભર્યો હતો. માત્ર પોતાના પટ્ટ-શિષ્યને ત્યાંથી રવાના કરી દીધા હતા. તેમણે તેમને આગ્રહપૂર્વક રવાના કરતાં કહ્યું હતું કે, "હું કદાચ ભલે ખપી જઈશ, પણ તારે તો મારી પાછળ શાસન ચલાવવાનું છે. માટે તું અહીંથી ચાલ્યો જા."

(૬૧) સાધ્વીજીનો ઉપાશ્રય સાધુના ઉપાશ્રયની લગોલગ હતો. વયોવૃદ્ધ આચાર્ય ભગવંતે ત્યાં પ્રવેશ કરતાં પરિસ્થિતિ જ જોઈ લીધી. ઉપર ચડતાં પહેલાં અગ્રણીઓને બોલાવીને દરવાજે તાળુ મરાવ્યું. તે પછી જ તેઓ પોતાના શિષ્ય પરિવાર સાથે પુરુષોના ઉપાશ્રયના મેડા ઉપર ગયા.

શાસ્ત્રવિચાર

[વૈરાગ્ય–કલ્પલતા]

ઓ મુનિવરો ! આપના સઘળા ય ભયો સમાધિભાવના મુદ્ગરથી ચૂર ચૂર થઈ ગયા.

હવે આપ સ્મશાનમાં કે કોઈ ભેંકાર ભૂતીઆ ઘરમાં પ્રતિમા સ્વીકારીને રહો; ત્યાં ગાત્રો થરથરાવી નાંખે તેવાં ભયંકર રૂપોને જુઓ તો ય આપના કોઈ રુવાંડામાં ય ફફડાટ શેનો હોય ?

જે મુનિરાજ એક જ વિચાર કરે છે કે "ઘોર ઉપસર્ગો અને પરિષહો મારી ઉપર તૂટી પડે તો ય બહુ બહુ તો મારા શરીરના કકડા કરી નાંખશે; પણ મારી સમાધિના કકડા કરવાની તેમનામાં ય તાકાત નથી."

આવા સ્વ અને પરના સ્વભાવોના વિવેક

પામી ગયેલા મહાત્મા ભયના સંસ્કારોથી મુક્ત હોય તેમાં શી નવાઈ?

સમાધિમાન્ મુનિરાજ કોઈ પણ કારણે ચિત્તમાં ખળભળાટ અનુભવતા નથી. પછી તે કારણે દુષ્ટમાં દુષ્ટ હોય કે ભયભીત કરી દેવા માટેનાં હોય.

ઉપસર્ગોના ભારને સહન કરતા એ મુનિઓ તો ધરતી જેવા છે. મોટા મોટા પર્વતો અને વિરાટ વડલાઓને ઉપાડતી ધરતી ક્યારેય પણ એ ભારેખમ ભારથી ડગી છે ખરી ?

સમાધિભાવને સિદ્ધ કરવામાં અગ્રેસર બનેલા મુનિવર બહુ દૂરનાં, ઘણાં લાંબાં અને ખૂબ ઊંચાં એવાં સાધનાનાં સ્થાનો ઉપર ચડવામાં ય કદી અંતરમાં ખિન્ન થતા નથી.

એ તો સમાધિથી અકળાઈ ગયેલા ગધેડા જેવા શક્તિહીન માણસોનું કામ છે. એવાઓનું તો આવાં ઉચ્ચ સ્થાનોએ ચડવા જતાં પતન જ થાય.

બિચારા સમાધિભાવના રસાસ્વાદને કદી નહિ પામેલા મુનિવરો ! અધ્યાત્મની કઠોર કેડીએ પદાર્પણ કરતાં પહેલાં જ થરથર ધ્રૂજે તો તેમાં શી નવાઈ ! આવા નપુંસક જેવા લોકો અપવાદાદિ ગુપ્ત શાસ્ત્રમાર્ગો શોધી કાઢીને તેની ઉપર જ – શિથિલાચારનો આનંદ માણીને – જીવન પૂરું કરી નાંખતા હોય છે.

નબળો માટી ! એ વળી રણે શી રીતે ચડી શકે ? પણ જો કદાચ કોઈ એને યુદ્ધ લડવાની ફરજ પાડે તો

પહેલેથી જ યુદ્ધભૂમિ ઉપરની નાસી જઈને લપાઈ જવાના સ્થાનરૂપ પર્વતો, કોતરો, જંગલો વગેરે શોધી રાખે ખરો.

અસમાધિમાન્ મુનિઓ કુતર્ક, જ્યોતિષ, કથા, વૈદક, નાટક વગેરે શાસ્ત્રોને અચૂક ભણતા હોય છે.

કદાચ – ન કરે નારાયણ – મુનિજીવનના ઉન્નત સ્થાનેથી, કોઈ કારણે ભ્રષ્ટ થઈ જવાય તો આ ભણતરથી રોટલો નીકળી જાય તે માટે-સ્તો.

ઉચ્ચ ખાનદાન કુળના સમાધિમાન્ આત્માઓ દીક્ષા લીધા પછી કદી પણ સંસાર તરફ પાછા વળવાનું ઇચ્છતા નથી.

શૂરવીરોમાં અગ્રણી યોદ્ધાઓ, મોતથી ડરી જઈને રણભૂમિ ઉપરથી કદી ઘર તરફ પાછું વાળીને જોતા હશે ખરા ?

મહાભિનિષ્ક્રમણના પુનિત પંથે પદાર્પણ કરતી વખતે એક મહાત્મા હૈયાની જે શ્રદ્ધાની જલતી – ઝળહળતી આગ સાથે સંસાર ત્યાગે તે છે જ શ્રદ્ધાની આગને જો તેવી ને તેવી જ જલતી-ઝળહળતી રાખે તો સિંહની માફક ગર્જના કરીને આંતરશત્રુઓને ધ્રુમાવતા વિચારતા એ સમાધિમાન્ મુનિરાજના મોં ઉપર કોઈ પણ નાની-મોટી પ્રતિકૂળતા, વિષાદની ટીશી પણ ઉત્પન્ન કરી શકે ખરી ?

પાઠ : ૧૨

બ્રહ્મચર્ય

"એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે એ વ્રત...."
પૂજાની ઢાળોમાંની આ પંક્તિ પણ કાનમાં કેવું ગૂંજન કરતી રમતી રહે છે ?

મુનિ-જીવનનું ટોચ કક્ષાનું વ્રત તે બ્રહ્મચર્ય મહાવ્રત. [સર્વથા મૈથુન વિરમણ મહાવ્રત.]

આ વ્રતનું જતન પ્રાણના સાટે કરવાનું છે. સ્થૂળથી જ નહિ, સૂક્ષ્મથી પણ....

કાયાથી જ નહિ, મનથી પણ....

જાહેરમાં જ નહિ, ખાનગીમાં પણ....

પ્રકાશમાં જ નહિ, અંધકારમાં પણ....

પ્રતિકૂળતામાં જ નહિ, ભરપૂર અનુકૂળતામાં પણ....

તપ કરીને જ નહિ, ખાઈને પણ....

સૌથી કઠિન સાધના ! નિષ્ફળ જવાની સૌથી વધુ શકયતા !

પણ જો અનાદિકાલીન વાસનાઓનું અતિ ઉગ્ર આક્રમણ અનુભવાતું ન હોય તો તે વ્યક્તિને બ્રહ્મચર્યનું પાલન વધુ મુશ્કેલ નથી.

તેની નવે ય વાડને વ્રત સમજીને જ પાળો, અને દેવની અપાર ભક્તિ કરો, ગુરુની અપાર સેવા કરો.

યાદ રાખો કે દેવગુરુનું, અહર્નિશ નામ-સ્મરણ એ બ્રહ્મચર્યની દસમી વાડ છે.

બ્રહ્મચર્યના પાલનમાં સૌથી વધુ ઉપયોગી તપ છે. ખાસ કરીને ઉપવાસ અને રસત્યાગ.

ઉપવાસ નૈમિત્તિક હોય, પણ રસત્યાગ તો કાયમી હોવો જોઈએ.

કાયમના રસત્યાગ સાથે વારંવાર ઉપવાસ કરનારાને અને પરમાત્મભક્તિમાં રમમાણ થનારાને બ્રહ્મચર્યનું પાલન બીજા માટે જેટલું મુશ્કેલ છે એટલું જ આ પુણ્યાત્મા માટે સરળ છે.

વર્તમાનકાળમાં વાડોનું અણિશુદ્ધ પાલન, દેવભક્તિ અને ગુરુકૃપા [દસમી વાડ] આ બધા તરફ કાંઈક ગૌણભાવનું દર્શન થવા લાગ્યું છે. આથી જ સંસાર-ત્યાગીને પણ ક્યારેક ક્યાંક વાસનાની પીડાની વાત જાણવા મળે છે.

બાકી, જો મુનિજીવનને એના સ્વરૂપથી દશવિધ ચક્રવાલ સામાચારીથી માંડીને તેના તમામ યોગોથી—બહુમાનપૂર્વક સ્પર્શવામાં આવે તો આ વ્રતપાલન અત્યંત સરળ અને સહજ બની જાય તેમ છે.

પણ તેને બદલે ઉપધાન, મહોત્સવો, સંઘો,

યાત્રાઓ વગેરે પ્રસંગોના નિમિત્તના રસોડાના આહારો લેવાશે; વિજાતીય કે સજાતીય સાથે વધુ છૂટ લેવાશે તો આ વ્રતપાલન કોઈ પણ સંયોગમાં સંભવિત નહિ બને.

મુનિના ભેખમાં જ આ વ્રતના પ્રત્યેક સમયે ભુક્કા બોલાતા રહેશે.

જીવ ખાનદાન કુળમાંથી આવેલો હશે તો કદાચ ભેખ તો નહિ ઉતારે પણ મનના તો એ લાખ લાખ પાપોનો કર્તા અને ભોક્તા બની જ જશે.

મનના પાપનાં તે કાંઈ ઓછાં દુઃખ છે! તન્દુલીઓ મત્સ્ય મનના પાપે જ જોતજોતામાં સાતમી નારક ભેગો થઈ જાય છે ને ?

જો ન જ પાળી શકાય તેમ હોય; આ વ્રત....એટલે કે જો ન જ પાળી શકાય તેમ હોય આ વ્રતની વાડો....

એટલે કે જો ન જ કરી શકાય તેમ હોય તપ કે વિશિષ્ટ ત્યાગ....તો તેણે દીક્ષા ન જ લેવી સારી.

કાંઈ ખાઈ–પીને, પડયા રહેવા માટે જ આ જૈની દીક્ષા થોડી છે ? એવી રીતે દીક્ષા લેનારા માટે તો એમ જ કહેવું પડે કે તે સંસારના કામના બોજને વહવા માટે કાયર હશે માટે; એ એદી, સુખશીલ આત્માએ દીક્ષા લઈ લીધી !

ના....કોઈ એ રીતે આ ભેખને કલંકિત કરજો મા!

જેણે દીક્ષા લીધી હોય તે હવે પાળી જાણો. આવું સર્વોત્તમ કક્ષાનું જીવન ફરી ફરીને મળનાર નથી. ભલું થયું કે આપણને આ જીવન મળી ગયું. હવે તો નિત નવા ઉમંગે છલાંગ મારીએ; ઉપર ઉપરના સંયમના કંડકસ્થાનોએ....વારંવાર ઝલક અનુભવીએ; અપ્રમત્ત-ભાવના ગુણસ્થાનની.

પણ તે બધાના મૂળમાં પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન;-ભૂલ થાય કે તરત સદ્ગુરુ પાસે પ્રાયશ્ચિતકરણ દ્વારા પૂરેપૂરું શોધન તો અત્યંત આવશ્યક છે.

આ પાલન અને શોધન વિના તો નહિ ચાલે; નહિ જ ચાલે, સરળ છે એ પાલન; સરળ છે એ શોધન....

ભવભીરુ માટે !

મોક્ષાભિલાષી માટે !

સાચા ખાનદાન માટે !

આટલું ધ્યાનમાં લેવા જેવું

(૪૩) વિહાર અંગે :

વિહારમાં ગૃહસ્થ સાથે ન રખાય તો સારું. કેટલાક એવા પ્રદેશોમાં શીલાદિના કારણવશાત્ સાધ્વીજી મહારાજોને પોતાની સાથે માણસ રાખવો જ પડે તો ય તે અંગે પુષ્કળ કાળજી તો લેવી જ રહી. તે માણસ સ્ત્રી હોય તો જ તે વ્યાજબી ગણાય. પુરુષ હોય તો સાધ્વીગણને માટે અતિ સાવધાની જરૂરી ગણાય.

સાધુ મહારાજ હોય તો તેમણે ઉપધિ ઉપાડવા માટે માણસ ન રાખવો તે ઉચિત લાગે છે. ઉપધિ જાતે ઉપાડીને કાયાને કસવી જોઈએ એમ લાગે છે. એનું કારણ એ છે કે ઉપધિ માટે ગૃહસ્થ જો સાથે રહે તો તે જે કાંઈ આરંભ, સમારંભ કે વિરાધના કરે તે બધાયમાં આપણી ભાગીદારી નોંધાતી રહે. તે જો સચિત્ત ઘાસ વગેરે ઉપર ચાલે તોય તેનો દોષ આપણને લાગે. આથી જ વળાવવા આવનારા ગૃહસ્થોને પણ આપણે વારંવાર ચેતવણી આપવી પડે છે કે તેઓ ઘાસ વગેરે ઉપર ન ચાલે.

આપણું સમગ્ર જીવન આરાધનામય પસાર થવું જોઈએ. થોડીક પણ વિરાધના આપણાથી થાય કે કોઇની

વિરાધનામાં નિમિત્ત બની જવાય તો તે વખતે આપણાં સાડા ત્રણ ક્રોડ રુવાંડાંમાં એકીસાથે સાડા ત્રણ ક્રોડ સોયા ભોંકાય, તેવી કારમી વેદનાનો આપણને અનુભવ થવો જોઈએ.

માણસ સાથે રાખવામાં બીજી પણ ઘણી બાબતોમાં છૂટછાટો અને સુખશીલતાઓ આવી જાય છે. ક્યારેક તો ધનાદિના પરિગ્રહનું પાપ પણ લમણે ચોંટે છે. ક્યારેક આહારાદિ સંબંધમાં ય દોષો સેવાય છે. શક્ય હોય તો આ વાત ખૂબ ગંભીરપણે વિચારવાની ભલામણ છે.

(૪૪) શિષ્યોની શિથિલતા અંગે :

ક્યારેક શિષ્ય-વર્તુળમાં કોઈક શિષ્ય વધુ શિથિલ અથવા તો વધુ ઉદ્દંડ બની જતો જોવા મળે છે. આવા સમયે તેના દોષને ગૌણ ગણીને કે તેની સેવા-ભક્તિથી દબાઈને તેને સાચવી રાખવામાં આવે તો આ શિષ્ય માથાભારે તો બને જ; પોતાના ગુરુને પોતાનો તાબેદાર તો બનાવે જ; પરંતુ બીજા શિષ્યોને પણ તેનાં પાપોનો ચેપ લાગીને રહે. બીજાઓ પણ ગુરુ તરફ અસદ્ભાવ દાખવતા થઈ જાય.

આવું તો ન જ થવા દેવું જોઈએ. આ માટે પહેલેથી જ કડક હાથે કામ લેવું જોઈએ. છેવટે તે શિષ્યને દૂર કરી દેવા સુધીનું પગલું પણ ભરવું જોઈએ.

સડેલો ભાગ આપણો હાથ હોય તો ય તેનું મમત્વ નથી જ કરાતું ને ? તેને કાપી જ નાંખવો પડે છે; નહિ તો સડો અન્ય અંગોમાં ફેલાઈ જવાનો પાકો ભય ઊભો થાય છે.

(૪૫) પક્ષવાદ અને સગાવાદ અંગે :

આપણા માટે સર્વોપરી પ્રભુશાસન છે; એને જ મજબૂત કરવું જોઈએ. એની મજબૂતીમાં જે કોઇનો સહકાર મળે તે બધા માણસો, પક્ષો, સગાઓ મજબૂત થાય તેમાં કશો વાંધો નહિ. પણ 'શાસન'નું નામ લઇને પોતાનું જ શાસન; પોતાનો જ પક્ષ જો કોઈ મજબૂત કરતું હોય તો તે જરા ય ઉચિત નથી. આવા પક્ષોની કે સગાઓની તરફેણ કદી થઈ શકે નહિ. જો કે આ કામ ખૂબ મુશ્કેલ છે; પણ તે કર્યા વિના ચાલી શકે તેમ પણ નથી.

(૪૬) કેટલીક ભાષા અંગે :

જેમ આપણા વર્તનમાં અને વૃત્તિમાં હિંસા ન જોઈએ, તેમ વાણીમાં પણ હિંસા કે હિંસાના પ્રતીક રૂપ શબ્દોનો પ્રયોગ ન થવા દેવા. દા. ત., સાબુ કાપી નાંખો; કપડું ઊભું ચીરી નાંખો...વગેરે....આવા પ્રયોગોના સ્થાને આ રીતે બોલવું જોઈએ. "મારે સાબુના નાના નાના ટુકડા કરવા છે; તમે કરી શકશો ?" "આ વસ્ત્રના ઊભા બે ભાગ પાડવા છે. તમે પાડી આપશો ?"

ભાષાકીય હિંસા પણ આપણા પરિણામની હિંસા કરવામાં ક્યારેક ફાળો નોંધાવે છે. આથી જ ધોધમાર વરસતા વરસાદમાં સ્થંડિલ ભૂમિએ જતાં, જગા જ ન મળે અને બીજો કોઈ ઉપાય ન હોય તો તે વખતે લીલા –સચિત્ત–ઘાસ ઉપર પણ સ્થંડિલ બેસી શકાય. પરંતુ તે વખતે 'હું લીલા ઘાસ ઉપર છું" એમ ન વિચારતાં, 'હું ધર્માસ્તિકાય ઉપર છું" એમ વિચારવાનું જણાવવામાં આવ્યું છે.

હિંસક વગેરે પરિણામો આપણા ચારિત્ર્યધર્મનો ક્યારેક મૂળમાંથી નાશ કરે છે, માટે પરિણામ તો ક્યારે પણ નિષ્ઠુર થવા દેવાં ન જોઈએ. એનું કૂંણાપણું; તેમાં જ આપણા ચારિત્ર્યધર્મની સફળતા.

(૪૭) પ્રાયશ્ચિત્ત અંગે :

પક્ખીનો એક ઉપવાસ; ચોમાસીનો એક છટ્ઠ અને સંવત્સરીનો એક અટ્ઠમ–તપ તો અવશ્ય કરવાનો છે. તદુપરાંત દર ચોમાસી અંગે દસ ઉપવાસનું પ્રાયશ્ચિત્ત વહવાનું હોય છે.

આ સિવાય દર પંદર દિવસે એક વાર સદ્ગુરુ-દેવ પાસે બધી સ્થૂળ, સૂક્ષ્મ ભૂલોનું આલોચન કરીને તેનું પ્રાયશ્ચિત્ત કરી લેવું જોઈએ. પંદર દિવસની અનુ-કૂળતા ન હોય તો જે રીતે અનુકૂળતા હોય તે રીતે–જલદી–સઘળું પ્રાયશ્ચિત્ત તો કરવું જ જોઈએ.

યાદ રાખો કે કીડી મરી ગઈ; વિજાતીયનો સંઘટ્ટો થઈ ગયો....વગેરે સ્થૂળ વાતોના જ પ્રાયશ્ચિત્ત લઈને સૂક્ષ્મ પાપોને તમારા મનમાં જ છુપાવી ન રાખતા.... એથી તો માયાનું પાપ સેવાશે અને દોષો જોરદાર બની જશે.

પ્રશ્નોત્તરી

સવાલ (૨૯) : મુનિજીવનમાં કાશી વગેરેની આચાર્ય વગેરે ડીગ્રીઓ લેવી જરૂરી ખરી ?

જવાબ : મને તો અંગત રીતે તે જરૂરી જ નથી જણાતું, બલ્કે મુનિ-જીવનથી પ્રતિકૂળ જણાય છે. ડીગ્રીઓ અને વિશેષણોનો પોતાના જ હાથે ઉપયોગ, પોતે જ પત્રિકાઓ વગેરેમાં મૂકવાની પ્રેરણા કરવી.... વગેરે બાબતો માનવકષાયને સારી રીતે પોષતી હશે એમ મને તો લાગે છે. પણ પૂજ્ય મુનિરાજ કે પૂજ્ય સાધ્વીજી મહારાજથી વધુ વિશેષણ શું હોઈ શકે ? "મુનિ" વિશેષણ તો ગણધર ભગવંત સુધર્માસ્વામીજી તરફથી તેમની પાટ પરંપરાથી-મળેલું ગૌરવવંતુ વિશેષણ છે. આના કરતાં વધુ ગૌરવવંતુ કોઈ પણ બીજું વિશેષણ હશે ખરું ?

મુનિનું અધ્યયન પણ ડીગ્રી માટે ન હોય, પરંતુ રાગાદિ દોષોની હાનિ માટે હોય. ડીગ્રી લેવામાં અધ્યયન કરતાં સર્વત્ર ડીગ્રી–પ્રાપ્તિની જ લેશ્યા બની જાય છે. જેનાથી રાગાદિ દોષોની વૃદ્ધિ થવાનો પૂર્ણ સંભવ છે.

સવાલ (૩૦) : જગતના પ્રવાહોની જાણકારી માટે દૈનિકો, સાપ્તાહિકો, માસિકો વાંચવાનું મુનિ-જીવનમાં આવશ્યક ખરું ?

જવાબ : ના. બધા માટે આવશ્યક નહિ, અનિવાર્ય પણ નહિ, બિલકુલ જરૂરી નહિ, અને ઇચ્છનીય પણ નહિ.

વિશિષ્ટ કોટિના વ્યાખ્યાનકારો કે જેઓ શાસન-પ્રભાવકો છે તેમની વાત બાજુએ મૂકો. તેઓ તો ગાર્ડ–માસ્તર જેવા છે, જેઓ બીજાને ચાલતી ગાડીએ ચડતાં રોકે છે, છતાં પોતે નિર્ભયપણે ચાલતી ગાડીએ ચડી શકે છે.

પણ તેમની ચાલે બીજાએ ન ચાલવું જોઈએ.

છાપાઓમાં 'જાણવા જેવું' વાંચવા જતાં 'ન જાણવા જેવું' ઘણું ઘણું આવતું હોય છે. અપરિપકવ અને અપરિણત સાધુઓ તેનો શિકાર બની જાય તો તેમના સઘળા તપ, ત્યાગના પુણ્ય સળગીને સાફ થઈ જાય.

વળી તેમાં યુદ્ધાદિના જે સમાચારો આવતા હોય છે, પક્ષના જે અહેવાલો આવતા રહે છે તે બધામાં છાપું વાંચનારી વ્યક્તિ કદાચ કોઈના ય તરફ ઝૂકી જઈને

અનુમોદન કે તિરસ્કારાદિનું માનસિક પાપ અવશ્ય કરી બેસે છે.

વળી છાપું એ શાસ્ત્ર–સ્વાધ્યાયનું મોત બોલાવનારી વસ્તુ છે. એનો રસ છૂપો અને તીવ્ર હોય છે.

આપણા આત્મહિતની દૃષ્ટિએ તો એ કોઈ પણ હિતકારક નથી. આ વસ્તુનો ચેપ પણ બહુ ખરાબ હોય છે. સહવર્તી મુનિઓ પણ ઉઘાડેછોગ કે છાનાં છાનાં વાંચતા થઈ જાય છે.

એમાં ય ચિત્રલેખા, ફ્લેશ વગેરે જે સાપ્તાહિકો પ્રગટ થાય છે તે તો અત્યન્ત અશ્લીલ કક્ષાના લેખો પણ આપે છે. આવા લેખો મુનિના બ્રહ્મચર્યનો સંપૂર્ણ-પણે નાશ કરતા હોય છે.

જો બની શકે તો જીવનભર આવાં દૈનિકો વાંચજો મા ! પ્રતિજ્ઞા જ કરી લેજો.

તમે ઉગરી જશો, બીજાઓને પણ ઉગારી લેશો.

સવાલ (૩૧) : બાળદીક્ષા વર્તમાન દૃષ્ટિએ કેવી ? છૂટથી કરવા જેવી ?

જવાબ : બાળદીક્ષિતો જેવા શાસનપ્રભાવક થઈ શકે તેવા પ્રભાવક મોટી વયના દીક્ષિતો જલદી ન થઈ શકે એ દૃષ્ટિએ બાળદીક્ષા જેવી ઉત્તમ બીજી કોઈ દીક્ષા ન કહેવાય.

પણ ઘોડાને તૈયાર કરવામાં ઘોડા કરતાં એના 'જોકી'ની જવાબદારી સવિશેષ હોય છે. જો 'જોકી' જ

નબળો નીકળશે તો તે ઘોડો રેસનો મહાન ઘોડો કદી નહિ બની શકે.

આજના કાળમાં 'જોકી' તરીકે જે ગુરુદેવો ગણાય તેઓ જો ખરેખર બાળદીક્ષિતોને તૈયાર કરવાની ક્ષમતા ધરાવતા હોય તો તેમણે બાળદીક્ષા આપવામાં જરા ય પીછેહઠ કરવી ન જોઈએ. પણ આવા ગુરુઓની સંખ્યા મારી દૃષ્ટિએ ખૂબ જ નાની છે. આંગળીના વેઢે ગણી શકાય એટલી જ છે,

નાની વયનાં બાળકોને સંસારીઓની જેમ અહીં પણ લાડ લડાવવાં, ગોચરીમાં સાનુકૂળ વપરાવતા રહેવું; અકાળે વ્યાખ્યાનાદિ કરાવીને લોકરંજન કરાવવું, સ્તવનો વગેરે કાલી ભાષામાં બોલાવવાં, સંસારી બાળકો સાથે રમવા દેવા, દોડવા દેવા, રમતો લાવી આપવી, વધુ પડતી કથાઓ વાંચવા દેવી....વગેરે જો ચાલતું રહે તો તે ખૂબ જ અનિચ્છનીય લાગે છે. આવા બાળદીક્ષિતો થોડીક થોડીક મોટી ઉંમર થતાં જ પતન પામી જવાની પૂર્ણ શકયતા છે.

સંસારી પિતા મુનિએ પોતાના સંસારી બાળ–પુત્ર મનકને દીક્ષા આપી પણ તેના કાળધર્મ સુધી સહવર્તી મુનિઓને ખબર પણ ન પડવા દીધી કે તે બાળ–સાધુ તેમનો સંસારી પુત્ર છે! કારણ કે તેમને ભય હતો કે તેવી જાણકારીથી સહુ તેને લાડકોડમાં રાખશે; તેથી તો તેના આત્માનું મોટું અહિત થઈ જશે!

આવા મુનિઓ ખરેખર બાળદીક્ષા કરવાની સંપૂર્ણ લાયકાત ધરાવે છે. બાળદીક્ષા દ્વારા શાસનની હીલના કરાવવામાં ક્યારેક નિમિત્ત બની જાય તેમ લાગે છે.

પોતાની શક્તિ જોઈને જ સાધુ કે સાધ્વીએ ભાર ઉપાડવો. નહિ તો ગધેડા ઉપર અંબાડી જેવી દશા થતાં બીજાનું કલ્યાણ તો દૂર રહ્યું, પરન્તુ નાહકના સંક્લેશોમાં ફસાઈ જઈને જાતની જ દુર્ગતિ નક્કી કરી દેવાનું પાપ થઈ જશે.

કાળ ખૂબ જ વિષમ આવી ચૂક્યો છે. બાળદીક્ષા અને યુવતીદીક્ષા કરતાં પહેલાં તો સો સો રાતના ઉજાગરા કરીને વિચાર કરવાની ગુરુવર્ગના માથે ફરજ આવી પડી છે.

તે ફરજ અદા ન કરે તો જુદી વાત, પણ તેથી તો સમગ્ર સાધુ–સંઘને જગતના બજારમાં નિંદાનું નિશાન બનવાનું થશે.

શાસ્ત્રવિચાર

[વૈરાગ્ય કલ્પલતા]

સ્વજનવર્ગનો પરિત્યાગ કરી ચૂકેલા, કોઈ પણ જાતની સહાય કે શરણની અપેક્ષા વિના–એકલવીર બનીને

ઘોર ઉપસર્ગોની ઝડી વચ્ચે પણ આંતરદૃષ્ટિને કદી નહિ મીંચનારા, સમાધિના યંત્રથી શોકરૂપી કાંટાને સદા માટે બહાર ખેંચી કાઢનારા હે મુનિરાજ ! આપને ધ્યાનભંગથી પણ અધીરતા ન આવે તેમાં કશી નવાઈ નથી.

શુદ્ધ ઋજુસૂત્રનય માત્ર વર્તમાન ક્ષણનું જ અસ્તિત્વ માને છે. આ નયથી વર્તમાનમાં જ વિચરણ કરીને સમાધિની સ્થિરતા પ્રાપ્ત કરી છે તે તપસ્વીઓ અન્યોન્ય કર્મના બદલા આપવામાં જ મગ્ન એવા સ્વ–પરનો શોક ક રતા નથી.

ભૂત, ભાવીને ભૂંસીને યોગી માત્ર વર્તમાનમાં જ જ્ઞાતા દ્રષ્ટાભાવે વિચરે છે. સ્વપરને મળતાં કર્મફળોમાં તે તટસ્થ રહે છે. ભેદવિજ્ઞાન સિદ્ધ થયા બાદ સ્વપરને–કરેલા કર્મના બદલારૂપે–મળતી શાતા કે અશાતાને કર્મની [ત્રિગુણની] રમત માનીને સિદ્ધ ભગવંતની જેમ યોગી વધુ તટસ્થપણે જુએ છે, પણ રીસે ભરાઈને શોક કરતા નથી.

વીતી ગયેલી વાતનો શોક નથી, આવનારી વાતનો અત્યારથી વિચાર નથી, વર્તમાન પ્રત્યેક ક્ષણ ચિત્ત-શુદ્ધિમાંથી પસાર થઈ રહી છે.

આવી સમાધિને જે મુનિવર વિસ્તારી રહ્યા છે તેમને ક્રોધનો તો સંભવ જ ક્યાંથી હોય ?

શું મુનિરાજોને પોતે ભૂતકાળમાં અનુભવેલો કોઈ અદ્ભુત સંસાર સહસા યાદ આવી જાય તો ?

તો એ સંસાર ત્યાગ્યાનો લગીરે અફસોસ એમને થતો નથી. તેનું કારણ જાણો છો ?

એ કારણ છે અત્યંત રુક્ષ–ભોજનનું વ્રત. રુક્ષભોજીને સંસાર યાદ આવે તો ય તેનાથી સમાધિના મનને લગીરે આંચકો પહોંચતો નથી.

અહો ! સમાધિના મંત્રથી શોકનાં ભૂતડાંઓને જેમણે કબજે કરી લીધાં છે એવા અ–શોક મુનિઓ ! આપને પ્રણામ.

ઓ, ઉગ્રવિહારકારી મુનિવરો ! ઓ સર્વદોષમુક્ત કઠોર ભિક્ષાશુદ્ધિના આરાધકો !

ઓ અસહ્ય ઘોર તપના સ્વામીઓ ! આપને કદાપિ ચિત્તમાં વિહ્વળતા ઉત્પન્ન થતી નથી ?

ઉત્તર : ના....કદાપિ નહિ. કેમકે આ બધું ય ચિત્તમાં એક એવી સમાધિની મસ્તીની જમાવટ કરવા માટે જ હાથે કરીને સ્વીકાર્યું છે, પછી વિહ્વળતા શેની ?

અને સાચે જ....આ ઉગ્ર સાધનાના ફળરૂપે કોઈ અનોખી ચિત્તમસ્તીની ઝલક અનુભવવા મળે છે.

સમાધિના રસમાં મહાલતા મહાત્માઓની તો શી વાત કરવી ? ભયંકર આફતમાં તે ધીર પુરુષો મુકાઈ જાય ત્યારે તેઓ કરુણા....'બિચારાપણા'....ની દશાને કદી અનુભવતા નથી.

ભયંકર અગ્નિની ભઠ્ઠીમાં ફેંકાઈ જાય તો ય સત્ય

સુવર્ણનાં સ્વરૂપમા લગીરે ફેરફાર થયેલો કોઈએ કદી સાંભળ્યો છે ખરો ?

અત્યન્ત વિશુદ્ધ સમાધિભાવથી રસતરબોળ થએલા ધીર મુનિવરોની કાયાના રૂંવાડે રૂંવાડે તણખા ઝરે તો ય તેમની આંખો આંસુથી લગીરે ભીંજાતી નથી.

પ્રલયકાળના અગ્નિના ગગનસ્પર્શી ભડકાઓથી ક્યારેક સુવર્ણમેરુ લપેટાઈ જાય તો ય તે શું ઓગળી જાય ખરો ?

હાર્દિક અનુમોદન

(૬૨) એ હતા; પૂરા પાપભીરુ મહારાજ. જલદી જલદી ટપાલ લખવાની તો વાત જ શેની હોય ? પણ ક્યારેક ન છૂટકે ટપાલ લખવી પડે તો એક પોસ્ટકાર્ડ લખે તો ખરા; પણ લખ્યા બાદ આઠ દિવસ સુધી તેમની પાસે જ તે કાર્ડ પડી રહે.

કોઈ શ્રાવક વંદન કરવા આવે તો અચકાતાં અચકાતાં પૂછે કે, “પુણ્યશાલી ! તમે પોસ્ટનો ડબ્બો છે એ દિશામાં જવાના છો ખરા ?”

પેલા ભક્ત ભાઈના જવાબમાં શંકા પડે એટલે મહારાજ કાર્ડ નાંખવા ન આપે. તેમનું મન બોલી ઊઠે, "મારા નિમિત્તે એ કાર્ડ નાંખવા માટે એ દિશામાં જાય તો મને કેટલો દોષ લાગી જાય ?"

પણ છેવટે કોઈ એવો યોગ્ય માણસ મળે અને ત્યારે તે કાર્ડ આપે.

પણ તો ય તે રીતે તેમનું મન વારંવાર એક વિચાર તો કર્યા જ કરે કે, "એ ડબ્બામાં જ્યારે કાર્ડ પડયું હશે ત્યારે ત્યાં અંદર કોઈ જીવજંતુ હશે તો ? મેં તો ત્યાં પૂંજ્યું જ નથી ! અરે રે રે ! કેવી વિરાધના થઈ ગઈ !" ધન્ય છે આવા મહાત્માઓને ! જેઓ સાચા અર્થમાં જિનશાસનના પ્રભાવક છે !

(૬૩) એ ખાખી મહાત્માને ખબર પણ ન હતી કે દૂધપાક કોને કહેવાય ? કોઈ વાર દૂધપાક વાપરવાનો પ્રસંગ આવ્યો ત્યારે તે વાપરતાં તેમણે પોતાના શિષ્યને કહ્યું, "ભાઈ ! યહ કઢી તો બહુત મીઠી લગતી હૈ !"

(૬૪) ગુરુદેવની બૂમ પડતાં જ શિષ્ય દોડી આવતા. ક્યારેક રાત્રે ગુરુદેવ બૂમ પાડીને શિષ્યને બોલાવતા. શિષ્ય "જી" કહેતાંક તેમની પાસે પહોંચી જતા. પણ વૃદ્ધ ગુરુદેવ અર્ધતંદ્રામાં તરત ઊંઘી જતા. એક વાર શિષ્ય હાથ જોડીને ત્યાં જ રહી ગયા. રાતના બે વાગી ગયા ત્યારે માત્રુ કરવા માટે જાગેલા ગુરુદેવે શિષ્યને ઊભેલા જોઈને પૂછ્યું, "કેમ ઊભો છે ? ક્યારથી

ઊભો છે ?" શિષ્યે કહ્યું, "આપે બોલાવ્યો માટે આવીને ઊભો છું. રાત્રે નવ વાગ્યાથી ઊભો છું."

(૬૫) આરોગ્યના કારણવશાત્ એ મહાત્માને વૈદરાજે ખાસ બનાવીને તૈયાર કરાવેલું (આધાકર્મી) મગનું પાણી રોજ એક વાર વાપરવાની ફરજ પાડી. મહાત્માજી મગનું પાણી લેતા, પણ તેના પ્રત્યેક ઘૂંટડે નિસાસો નાંખતા અને બોલતા, "આ આધાકર્મીનું પાપ મને શા માટે કરાવો છો ? મારું શું થશે ?" આ મહાત્મા નિર્દોષ રોટલી, પટેલના ઘરની જાડી-લઠ્ઠ હોય તો ય પ્રેમથી (નિર્દોષ છે તેના આનંદથી) વાપરતા; અને મગના પાણીમાં ભારોભાર નિસાસા નાંખતા !

પરિશિષ્ટ-૧

સાધુજીવનની સારમયતા

મુમુક્ષુ આત્માને વ્યક્તિગત કલ્યાણની સાધના પ્રધાન હોય છે, તેની સાચવણી-ખીલવણીને સાપેક્ષ રહીને સર્વ કાર્યો કરવાનાં હોય છે, માટે મુમુક્ષુ આત્મા અનંત પુણ્યરાશિના અતિપ્રકર્ષના પરિણામે મેળવેલ પ્રભુશાસનના લોકોત્તર સંયમની આરાધનાનાં અનુકૂળ સાધનોની સફલતા યથા-યોગ્ય શી રીતે મેળવી શકાય તે અંગે **શ્રી આચારાંગ** આદિ શાસ્ત્રોમાં નાના પ્રકારનું વર્ણન છે, તે બધાના આધારે ઉપયોગી અભ્યાસક્રમ અહીં જણાવાય છે.

૧. પ્રથમ તો સાધુ-સાધ્વીએ દીક્ષાનો પરમાર્થ સમજી બાહ્ય જીવનમાંથી આંતરિક જીવન જીવવા માટેની પૂર્ણ તૈયારીવાળા જીવન જીવવા માટેની પોતાની જવાબ-દારી ધ્યાનમાં રાખીને, પરમ હિતકારક જ્ઞાની ભગવંતોના વચનોને પૂર્ણ વફાદાર રહેવું ઘટે, તે વચનો પણ પોતાની બુદ્ધિની તુચ્છતાના કારણે સંપૂર્ણ-યથાર્થ ન

સમજાય તેવા પ્રસંગે પણ સાક્ષાત્ ઉપકારી પોતાના ગુરુ-ભગવંતો પ્રતિ પૂર્ણ વિનયભાવે નમ્રતા દાખવી પોતાના આત્મિક વિકાસ માટે પૂર્ણ જાગૃત રહેવું ઘટે.

૨. દીક્ષા લીધા પછી રોજની ઉપયોગી ક્રિયાઓની શુદ્ધિ અને જયણાપૂર્વક પાલન થાય, તે માટે વિધિનું સંપૂર્ણ જ્ઞાન મેળવી યશાશક્ય પ્રયત્ન કરી વિધિપૂર્વક પાલન માટે નિરંતર ધ્યાન રાખવું.

૩. આવશ્યક સૂત્રોના અર્થો, સામાચારીની નિર્મલતા, આવશ્યક ક્રિયાની સમયાદિવ્યવસ્થાપૂર્વક નિયત વ્યવસ્થા અને આચારપ્રધાન સાધુજીવન જીવવા આદિની તત્પરતા માટે શક્તિસંપન્ન આત્માએ પ્રયત્નશીલ રહેવું જોઈએ.

૪. દીક્ષા લીધા પછી પહેલી તકે નીચે જણાવ્યા મુજબ પ્રાથમિક અભ્યાસ કરવો જરૂરી છે. જેનાથી આત્મા સંયમ–વિવેકની મહત્તા સમજી વ્યક્તિગત આત્મિક કલ્યાણની સાધનાને સાધવા ઉદ્યત થઈ શકે.

૧. આવશ્યક ક્રિયાનાં સૂત્રો (અર્થ સાથે)

શક્ય હોય તો સંહિતા, પદસંધિ, સંપદા અને ઉચ્ચારશુદ્ધિની યોગ્ય કેળવણી મેળવવી જરૂરી છે.

૨. શ્રીદશવૈકાલિક સૂત્ર (અર્થ સાથે)

સંસ્કૃત ન જાણનારે પણ ગુરુમુખે આખા ગ્રંથનો અર્થ ધારી, તેમાંથી ધ્યાન રાખવા લાયક નોંધ કરી,

રોજ તે સંબંધી યોગ્ય ઉપયોગની જાગૃતિ રાખવા પ્રયત્ન સેવવો.

આખા દશવકાલિક સૂત્રનો યોગ ન બને તેમ હોય તો પણ પહેલાં પાંચ અધ્યયનો, આઠમું, દશમું અને, છેલ્લી બે ચૂલિકાઓ ખાસ ગુરુગમથી અર્થ સહિત ધારવી તેમજ દશવૈકાલિક સૂત્રનાં દશ અધ્યયનોની સજ્ઝાયો ગુરુગમથી ધારવી અને બને તો ગોખવી.

૩. શ્રીઓઘનિર્યુક્તિ ગ્રન્થની વાચના ગુરુમુખે લેવી અને તેમાંથી વિહાર, ગોચરી, પડિલેહણ, સ્વાધ્યાય, સ્થંડિલભૂમિ, રોગ–ચિકિત્સા, પાત્રલેપ આદિ સંબંધી યોગ્ય જયણા આદિની નોંધ કરવી.

૪. વૈરાગ્યગ્રાહી ગ્રંથોનું વાંચન-મનનાદિ

જેમકે શ્રી અધ્યાત્મકલ્પદ્રુમનો બીજો, પાંચમો, આઠમો, નવમો, અગિયારમો, તેરમો, અને પંદરમો અધિકાર, શ્રીપ્રશમરતિ, શ્રીજ્ઞાનસાર, શ્રીઉપદેશમાલા, શ્રીશાંતસુધારસગ્રંથ, શ્રીરત્નાકરપચ્ચીશી, શ્રીહૃદયપ્રદીપ છત્રીસી, શ્રીકુમારપાલ ભૂપાલ રચિત સાધારણજિન સ્તવન વગેરે ગ્રંથો.

૫. દ્રવ્યાનુયોગનો પ્રાથમિક અભ્યાસ

ચારે અનુયોગમાં પ્રધાન ચરણકરણાનુયોગની મહત્તા-સફલતા દ્રવ્યાનુયોગની સાપેક્ષ વિચારણા પર અવલંબે છે, માટે પ્રાથમિક કક્ષામાં વર્તતા બાલજીવોને માટે

ચરણકરણાનુયોગ અમુક ક્રિયાઓના શુભ આસેવનના બલે આત્મિક સંસ્કારોના ઘડતરની ભૂમિકા તૈયાર કરે છે. પણ સાધુજીવનમાં તો તે ભૂમિકા ઉપર યોગ્ય સંસ્કારોનું મજબૂત મંડાણ કરવાનું હોય છે, તેથી દ્રવ્યાનુયોગની સાપેક્ષપ્રધાનતા (પોતાના માટે) જરૂરી છે. માટે ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, ચાર, કર્મગ્રંથ, (શક્તિ–ક્ષયોપશમ આદિની અનુકૂળતા હોય તો છ કર્મગ્રંથ, નહિ તો ચારથી સામાન્ય ખ્યાલ આવી રહે છે) **શ્રી તત્ત્વાર્થ સૂત્ર, શ્રી નયકર્ણિકા, શ્રી પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર** અને **શ્રી દ્રવ્ય-ગુણપર્યાયનો** રાસ સમક્તિના ૬૭ બોલની સજ્ઝાય યોગ-દષ્ટિની સજ્ઝાય વગેરે તાત્ત્વિક વિચારના પ્રાથમિક ગ્રંથોનું અધ્યયન જરૂરી છે.

આમાંના કેટલાક સંસ્કૃત ભાષા અને શાસ્ત્રીય જ્ઞાનની પ્રૌઢતા માગે તેવા છે, છતાં સંસ્કારરૂપે યત્કિંચિત્ અંશે પણ ગુરુગમથી બુદ્ધિનું પરિકર્મણ કરવા ઉપયોગી હોવાથી તેવા ગ્રંથો પણ આમાં જણાવ્યા છે.

૬. ઉપર મુજબનું પાયાનું તાત્ત્વિક–શિક્ષણ મળ્યા બાદ શક્તિસંપન્ન આત્માએ સ્વકલ્યાણની સાધનાને અનુકૂલ સર્વ સાધનોનો સંપૂર્ણ વ્યવસ્થિત ઉપયોગ જયણા-પ્રધાન જીવન જીવવારૂપે કર્યા બાદ વધેલી શક્તિનો પર-કલ્યાણમાં ઉપયોગ કરી કર્મનિર્જરાના માર્ગે જલ્દી આગળ વધી શકાય, તે માટે સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરવા પ્રયત્નશીલ થવું ઉચિત છે, નહિ તો દીક્ષા લીધી અને દીક્ષાના વાસ્તવિક ભાવાર્થને જીવનમાં ઉતારવારૂપે

સ્વકલ્યાણને અનુકૂલ અધ્યવસાયશુદ્ધિનાં સાધનો તાત્ત્વિક શિક્ષણ દ્વારા મેળવ્યા ન હોય અને પરકલ્યાણની ભાવનામાં સંસ્કૃત ભાષા આદિના અભ્યાસથી પડી જવાય, તો જીવનમાં પડેલા અનાદિકાલના સંસ્કારો માન–અભિમાન, જનરંજન, બહિર્ભાવની વૃત્તિ આદિ સ્વરૂપે આત્માને સંયમના મૂલ ધ્યેયથી ખસેડી મૂકે તેમ પણ બનવા સંભવ છે.

આમ છતાં ઉપર જણાવેલ બાબતોમાં યોગ્ય ગીતાર્થજ્ઞાની ગુરુ ઔચિત્યાનૌચિત્યનો વિચાર કરી યોગ્ય રીતે પ્રવર્તી શકે છે, પણ સામાન્યતઃ સ્વેચ્છાથી પ્રવર્તનારા આત્માઓ શુભ ભાવના હોવા છતાં કેટલીક વાર વિપરીત અવસ્થામાં મુકાઇ જાય છે.

માટે ઉપર જણાવ્યા મુજબ સાધુપણાના સારરૂપે સ્વકલ્યાણની સાથે અન્ય આત્માઓના હિતને સાધવારૂપનો લાભ મેળવવા પ્રાથમિક ઘડતર માટે ઉપયોગવંત થવાની જરૂર છે.

પરિશિષ્ટ–૨

સંયમપાલનની વિશિષ્ટ મર્યાદાઓ

૧. વિગઇ વાપરવી તે સાધુ માટે પાપ છે, કારણે ગુરુ મહારાજની અનુજ્ઞા મેળવીને પ્રમાણસર વાપરવા ઉપયોગ રાખવો.

૨. દિવસે ઊંઘવું તે સાધુ માટે દૂષણ છે.

૩. દોડવું કે જલદી ચાલવું તથા રસ્તે ચાલતાં હસવું કે વાતો કરવી સાધુ માટે ઉચિત નથી.

૪. ભૂલ થઇ જાય તો સરલ ભાવે ગુરુ મહારાજ આગળ નિખાલસ ઇકરાર કરવો જોઇએ.

૫. કપડાંનો કાપ બહુ મેલા થયા પહેલાં ન જ કાઢવો.

૬. વારંવાર વાપરવું કે વાસના પોષવા ખાતર વાપરવું ઉચિત નથી.

૭. સારી વસ્તુ આપણી પાસે આવી હોય તો બીજા સાધુની ભક્તિ કરવી જોઈએ.

૮. ગુરુ મહારાજ આવે ત્યારે **'મત્થએણ વંદામિ'** કહેતાં જ ઊભા થવું જોઈએ.

૯. પોતાની બુદ્ધિનો ઉપયોગ ગુરુઆજ્ઞા થયા પછી કદી પણ ન કરવો.

"બહુવેલ સંદિસાઉં" આદેશના મર્મને સમજવાની જરૂર છે.

૧૦. કોઈ પણ ચીજ મંગાવવી હોય કે કંઈ પણ કામ કરવું હોય તો ગુરુ મહારાજને પૂછવું જોઈએ.

૧૧. બંને ટંકનું પ્રતિક્રમણ મર્યાદાપૂર્વક શુદ્ધ ઉચ્ચાર સાથે એકાગ્રતાપૂર્વક કરવું જોઈએ.

૧૨. મુહપત્તીનો ઉપયોગ બરાબર જાળવવો.

૧૩. શ્રાવકો–ગૃહસ્થોને 'આવો જાઓ' 'આ કરો–તે કરો' એમ આદેશાત્મક વચન કહેવાય નહિ.

૧૪. રસ્તામાં ચાલતાં આડુંઅવળું જોવું નહિ, વાતો કરવી નહિ, ભણવું, ગોખવું કે આવૃત્તિ પુનરાવર્તનાદિ પણ ન કરવું.

૧૫. ઈર્યાસમિતિને ઉપયોગ બરાબર જાળવવો.

૧૬. કોઈની પણ નિંદા સાંભળવી કે બોલવી નહિ.

૧૭. સ્ત્રીને જાણી–જોઈને આંખથી ધારી જોવી નહિ.

[એ જ રીતે સાધ્વી માટે પુરુષનું સમજવું.]

૧૮. વાપરતાં પહેલાં પાતરામાં અને પડિલેહણ વખતે વસ્ત્રાદિમાં બરાબર દૃષ્ટિ પડિલેહણ કરવું જોઈએ.

૧૯. બીજા સાધુના પાતરા તરફ નજર ન કરવી કે–'એને શું આપ્યું ?' કે 'એણે શું વાપર્યું' આદિ.

૨૦. સાધુએ શરીરને અનુપયોગી ચીજો વાપરવાની ટેવ છોડવી જોઇએ.

૨૧. ઓછું, સાદું અને વૃત્તિ સંક્ષેપપૂર્વક વાપરવાથી સારી ભાવનાઓ આવે છે.

૨૨. કોઈ પણ સાધુ કામ બતાવે તો હર્ષપૂર્વક તે કરવા તૈયાર થવું જોઇએ.

૨૩. સંયમનાં ઉપકરણો સિવાયની ચીજોનો ઉપયોગ સાધુ માટે અનિષ્ટ છે.

૨૪. "સારી વસ્તુ બીજાઓને ભલે મળો ! મારે ગમે વસ્તુથી ચાલશે" આવી ભાવના હૈયામાં નિરંતર રાખવી.

૨૫. વાપરતાં પહેલાં ગુરુ મહારાજને પૂછવું જોઇએ કે 'આ ગોચરી........પાણી વાપરું ?

૨૬. બિમારી આદિ આગાઢ કારણ વિના નવકારશીનું પચ્ચ૦ સાધુ માટે ઉચિત નથી.

૨૭. સવારમાં ઊઠતાં જ શ્રી નવકારમહામંત્રનું સ્મરણ કરવું જોઇએ, અને ગુરુમહારાજના ચરણોમાં મસ્તક ઝુકાવી આત્મસમર્પણનો ભાવ કેળવવો જોઈએ.

૨૮. સવારમાં દશ વાગ્યા સુધી કંઈ પણ નવું આગમિક, પ્રાકરણિક કે સૈદ્ધાન્તિક ગોખવું જોઈએ.

૨૯. સ્તવન સજ્ઝાય આદિ સવારના દશ વાગ્યા પહેલાં ન ગોખાય.

૩૦. ક્રિયાઓમાં લોચા કે અવિધિ કરવાથી વિરાધનાનું ભયંકર પાપ બંધાય છે.

૩૧. સવારે રાઈપ્રતિ૦ સૂર્યોદયથી બે ઘડી પહેલાંની મર્યાદાએ કરવું–પણ ચાર વાગ્યે ઊઠી તો જવું અને ચાર લોગસ્સ૦નો કાઉ–કરી ચૈત્યવંદન અને ભરહેસરની સજ્ઝાય સુધી કરી મંદસ્વરે સ્વાધ્યાય અથવા વિવિધ કાઉસ્સગ્ગ કરવા.

૩૨. સવારે ચાર વાગ્યા પછી સંથારામાં પડી રહેવું સાધુને શોભે નહિ.

૩૩. સંયમનાં ઉપકરણો, ભણવાનાં પુસ્તકો આદિ સાચવીને વ્યવસ્થિત રાખવાં જોઈએ.

૩૪. સારાં કપડાં કે સારું વાપરવાનું મળે તેવો વિચાર પણ ન આવવા દેવો. સંયમોપયોગી શુદ્ધ યથા-

સમયે જેવા મળે તેવા વસ્ત્ર-આહારથી ચલાવી લેવાની વૃત્તિ કેળવવી.

૩૫. વાપરવું એ સંયમી માટે વેઠરૂપ છે. શરીરને નભાવવા માટે ન છૂટકે કરવાની તે ક્રિયા છે, માટે તેમાં બે ઘડીથી ઉપરાંત સમય ન થવા દેવો જોઈએ.

૩૬. આયંબિલનો તપ સાધુ માટે અમૃતરૂપ છે. વિગઈવાળો આહાર ઝેરરૂપ છે. આ વાત ધ્યાનમાં રાખી વગર કારણે મિષ્ટ પદાર્થો કે વિગઈઓનો વધુ પડતો પરિભોગ સાધુએ ન કરવો જોઈએ.

૩૭. સંયમનાં સઘળાં ઉપકરણો અને પુસ્તકો વગેરેનું સવાર-સાંજ જયણાપૂર્વક પડિલેહણ કરવું જોઈએ. સાધુને કોઈ પણ ચીજ પડિલેહણ કર્યા વિનાની વપરાય જ નહિ.

૩૮. સાધુની કોઈપણ ચીજ રસ્તામાં રખડતી કે જ્યાં ત્યાં પડી ન રહેવી જોઈએ. તેમ કરવાથી સંયમના ઉપકરણની અવહેલના—આશાતના તેમજ અયતના અધિકરણનો દોષ લાગે છે.

૩૯. રસ્તામાં સામેથી કોઈ પણ સાધુ મળે તો વિનયપૂર્વક હાથ જોડી મુખ આગળ મુહપત્તિ રાખી 'મત્થએણ વંદામિ' કહેવું.

૪૦. સંયમની નાવમાં બેઠા પછી તેના કર્ણધાર-ખલાસીસમા ગુરુમહારાજની આજ્ઞાઅનુસાર વર્તન રખાય તો ભવસમુદ્રથી પાર પમાય, અન્યથા સંભવ નથી.

૪૧. સારું સારું વાપરવાથી, સારી ચીજોનો ઉપયોગ

કરવાથી મારું પુણ્ય ખૂટે છે અને નવું પાપ બંધાય છે એમ વિચારવું.

૪૨. પાંચ તિથિએ ચૈત્યપરિપાટી જરૂર કરવી.

૪૩. પર્વ તિથિ અને વિશિષ્ટ દિવસોએ ચાલુ દિવસ કરતાં કંઈક વધુ તપ કરવો.

૪૪. સાધુએ દુનિયાની સઘળી પંચાત મૂકી દઈ આપણા જીવનની શુદ્ધિનો ખ્યાલ બરાબર કેળવવો.

૪૫. બ્રહ્મચર્ય સંયમનો હાથ છે, તે વિના સંયમ મુડદા જેવું છે માટે બ્રહ્મચર્યની નવ વાડોનું પાલન બરાબર કરવા માટે ઉપયોગવંત રહેવું.

૪૬. સાધુએ બોલવામાં કદી પણ 'જ'કારનો પ્રયોગ ન કરવો.

પરિશિષ્ટ-૩

સંયમની સાધનારૂપ પગદંડીઓ

૧. ગુરુઆજ્ઞા એ સંયમસાધનાનો મુખ્ય પ્રાણ છે, તે વિના કદી પણ આત્મકલ્યાણના પંથે પ્રયાણ શક્ય જ નથી.

૨. ગુરુમહારાજનો ઉપકાર રોજ સ્મરણ કરવો જોઈએ-કે મને ભવસમુદ્રમાં પડતો કેવો બચાવ્યો ? અને

બચાવવા હજી પણ નિષ્કારણ કરુણા વરસાવી રહ્યા છે.

૪. ગુરુમહારાજ કાંઇ પણ કહે–આજ્ઞા કરે, ભૂલ થતાં તે સંબંધી ઠપકો આપે કે કદાચ કઠોર સ્વરે તર્જનાદિ પણ કરે, આ બધું મારા આત્માના એકાંત હિતઅર્થે છે. મારા ભાવરોગને હઠાવવા તેની તીવ્રતા આદિની અપેક્ષાએ મૃદુ–મધ્ય–તીવ્ર–કે કડવા ઔષધોના વિવિધ પ્રયોગોની પ્રક્રિયા પૂ. ગુરુદેવ અપનાવી રહ્યા છે ! ! ! આ જાતની શુભ ચિંતના વિવેકબળે ટકાવવી જરૂરી છે.

૫ પૂજ્ય અને ઉપકારી ગુરુદેવ કે વડીલની સામે કદી પણ જેમ તેમ અસભ્ય ન બોલાય. આ માટે પૂરતું ધ્યાન રાખવું.

૬ શરીરને જેટલું ઇચ્છાપૂર્વક કષ્ટ આપીએ તેટલી પાપોની વધુ નિર્જરા થાય છે.

૭ પાંચ મહાવ્રતોનું પાલન પોતાના વ્હાલા પ્રાણોની જેમ કરવું જોઇએ.

૮ કોઈ પણ સાધુના દોષો આપણાથી જોવાય નહિ. બીજાના દોષો જોવાથી પોતાનો આત્મા દોષવાળો બને છે, કાળું જોવાથી મન કાળું બને છે, ઉજળું જોવાથી મન ઉજળું બને છે.

૯ બીજાના ગુણો જ આપણે જોવા જોઇએ.

૧૦ કોઈની પણ અદેખાઈ–ઈર્ષા સાધુથી ન કરાય.

૧૧ બીજાની ચઢતી જોઇને રાજી થવું જોઇએ.

૧૨ **"દરેકનું ભલું થાઓ"** આવી ભાવના નિરંતર રાખવી જોઇએ.

૧૩ પોતાના ઉપકારી ગુરુમહારાજના દોષો કે ભૂલો તરફ કદી પણ નજર ન જવા દેવી.

૧૪ શરીરની જ સંભાળ કરનાર સંસારી કહેવાય. આત્માની જ સંભાળ માટે સાવધ રહે તેનું નામ **સાધુ.**

૧૫ શું ખાઈશ ? ક્યારે ખાઈશ ? શું મળશે ? અમુક ચીજ નહિ મળે તો ? આદિ આદિ ક્ષુદ્ર વિચારણાઓ કરવી ઉચિત નથી.

૧૬ ગમે તેવો કડવો બોલ (શબ્દ) સહન કરે તે **સાધુ.**

૧૭ 'હું' અને 'મ્હારું' ભૂલે તે **સાધુ.**

૧૮ "સારી વસ્તુઓ બીજાઓને ભલે મળો ! મ્હારે ગમે તેવી વસ્તુથી ચાલશે" આવી ભાવના વારંવાર કેળવવી.

૧૯ હસવું તે સાધુ માટે પાપ છે.

૨૦ કોઇની પણ મશ્કરી સાધુથી કરાય જ નહિ.

૨૧ ગમે તેવી પણ કોઈની ખરાબ વાત સાંભળવી નહિ, કદાચ સંભળાઈ જાય તો પેટમાં જ રાખવી.

૨૨ કોઇની પણ નિંદા કરવી નહિ તેમજ સાંભળવી પણ નહિ.

૨૩ સ્વભાવ શાંત રાખવો.

૨૪ **"સંસાર દુઃખની ખાણ છે અને સંયમ સુખની ખાણ છે"** આ વાત બરોબર યાદ રાખવી.

૨૫ કોઈ પણ વાતનો કદાગ્રહ ન રાખવો.

૨૬ હંમેશાં સામા માણસના દૃષ્ટિબિંદુને સમજવા પ્રયત્ન કરવો.

૨૭ કોઈ પણ વાતમાં 'જ'કારનો પ્રયોગ ન કરવો.

૨૮ ગુરુમહારાજ વાતમાં હોય કે કામમાં હોય ત્યારે કંઈ પૂછવું નહિ.

૨૯ ગુરુમહારાજની અનુકૂળતાઓ સાચવવી એ જ સંયમશુદ્ધિ માટે જરૂરી ગુરુવિનયની પ્રાથમિક ભૂમિકા છે.

૩૦ આપણા હિતની વાત કડવી હોય તો પણ હસતે મુખે સાંભળવી.

૩૧ ઓછી ચીજોથી ચલાવતાં શીખવું જોઈએ. જરૂરિયાતો ઘટાડવી એ સાધુતાની સફળતા છે.

૩૨ મરણ ક્યારે ? તેનું કંઈ ધોરણ નથી, માટે શુભ વિચારોને અમલી બનાવવામાં પ્રમાદી ન રહેવું.

૩૩ આપણી પ્રશંસા–વખાણ સાંભળી ફુલાઈ ન જવું. તેમજ નિંદા સાંભળી ક્રોધ ન કરવો.

૩૪ 'આત્મામાં અનંત શક્તિ છે' એ વિચારીને તેને બરાબર દૃઢ રીતે કેળવી સંયમ, જ્ઞાન, ધ્યાન અને તપની પ્રવૃત્તિમાં વીર્યોત્સાહપૂર્વક આગળ વધવા પ્રયત્નશીલ રહેવું.

૩૫ સંયમાનુકૂલ કોઈ પણ પ્રવૃત્તિમાં કાયર કદી ન બનવું, કદાચ પરિસ્થિતિવશ આચારથી કાયરતા આવે તો પણ વિચારોથી કાયર કદી ન બનવું.

૩૬ આંખ, કાન, જીભ વગેરે ઇંદ્રિયો ડાકુ છે, તે આત્માનું બધું પુણ્યધન લૂંટી લે છે, માટે ઇન્દ્રિયો કહે તેમ ન કરવું–પણ જ્ઞાનીઓ જેમ કહે તેમ કરવું.

૩૭ મધુર ખાવાની સારી ચીજો કે જોવાલાયક સુંદર પદાર્થો ખરેખર ઝેર છે, તેનાથી આત્માને અનંત જન્મ–મરણ કરવા પડે છે માટે ઇન્દ્રિયનિગ્રહ માટે સાવચેત રહેવું.

૩૮ પરસ્પૃહા એ મહાદુઃખ છે, તૃષ્ણાનો વિજય એ સુખની ચાવી છે, માટે જેમ બને તેમ મુનિએ નિઃસ્પૃહતા ખૂબ કેળવવી જોઈએ.

૩૯ વિનય વગરના મોટા તપની કે ભણવાની કંઈ કિંમત નથી.

૪૦ સાધુ જો સંયમની પાલના આરાધક ભાવથી કરે તો મોક્ષની કે દેવલોકની પ્રાપ્તિ કરે છે—પણ વિરાધક ભાવથી સંયમ દૂષિત કરે તો નરક–તિર્યંચ આદિ દુર્ગતિ અવશ્ય મેળવે છે.

૪૧ ગુરુનો અવિનય કરનાર કદી કલ્યાણની સાધના કરી ન શકે.

૪૨ શરીરને સુકુમાલ ન બનાવવું. સંયમ–તપ અને સ્વાધ્યાદિ પ્રવૃત્તિઓમાં યથાયોગ્ય રીતે પ્રવર્તી શરીરનો કસ કાઢવા લક્ષ્ય રાખે તે સાધુ.

૪૩ દીક્ષા લીધા પછી મા–બાપનો કે સગાં–વહાલાંનો મોહ ન રખાય, તેમની સાથે ગુરુઆજ્ઞા વિના ધર્મની પણ વાત ન થાય.

૪૪ સાપ કાંચળી ઉતારે તેમ સંસારથી અળગા થયા પછી સંયમીએ તપેલા લોઢાના ગોળા જેવા તે ગૃહસ્થો સાથે નિરપેક્ષ રીતે કે સ્વચ્છંદ રીતે સંભાષણ, પરિચય કે પત્ર–વ્યવહારાદિ સર્વથા ન કરવું જોઈએ.

૪૫ સાચા સંયમી માટે ગૃહસ્થો સાથેનો પરિચય પાપ છે.

૪૬ પાપનો બાપ લોભ છે, અને પાપની માતા માયા છે.

૪૭ નકામી વાતો કરવી નહિ તેમ જ સાંભળવી પણ નહિ.

૪૮ જ્ઞાન–દર્શન–ચારિત્રના પ્રયોજન વગરની કોઈ પણ પ્રવૃત્તિ સંયમીએ કરવી ન જોઈએ.

૪૯ વિચારોમાં ઉદારતા, સ્વાર્થરહિતપણું અને પરાર્થ-વૃત્તિ કેળવવાથી સંયમની આસેવના આત્માને ઉજ્જવલતર બનાવવામાં વધુ ચોક્કસ રીતે ફલવતી થાય છે.

૫૦ "હું જીવ માત્રને અભયદાન આપવાની વિશદ પદવીવાળા સંયમનો અધિકારી છું" આ જાતની જવાબ-દારી સતત જાગૃત રાખવી જોઇએ. જેથી હલકા વિચારો કે ક્ષુદ્ર સ્વાર્થમૂલક પ્રવૃત્તિઓ સ્વતઃ ક્ષીણ થઇ જાય.

૫૧ સાધુને ચિંતા હોય તો એક જ કે "ભવભ્રમણથી શી રીતે બચાય ?" અને તે માટે જરૂરી સંયમની પાલના ગુરુચરણે પૂર્ણપણે સમર્પિત થઈ જવાની તમન્ના સાધુના માનસમાં અહોનિશ જાગતી હોય છે. પરની દીનતા સાધુનું મોટામાં મોટું દૂષણ છે.

૫૨ મોટા બેરિસ્ટરો કે વકીલો ગિની–સોનામહોરોના હિસાબે મિનિટની કિંમત, વાત કરનાર અસીલ સાથે આંકતા હોય છે, તો તેના કરતાં પણ સંયમી જીવનની એકેક ક્ષણ અમૂલ્ય છે તેથી નિષ્પ્રયોજન વાતો કે અનુપયોગી પ્રવૃત્તિઓમાં જરા પણ સમય વ્યર્થ ન ગુમાવવો જોઈએ.

૫૩ જે સાધુ ઇન્દ્રિયોના વિકારોને પોષવામાં કપડાં–

શરીરની ટાપટીપ કે માનપાનમાં ફુલાઈ જાય છે તેનું જીવન અધોગામી જ બને છે.

૫૪ સાધુએ ખાસ કામ વિના આસનેથી ઊઠવું ન જોઈએ. નિષ્પ્રયોજન જ્યાં ત્યાં ફરવાની ટેવ સાધુને છાજતી નથી.

૫૫ સાધુએ ચંચલતા છાંડી દરેક ક્રિયામાં સ્થિરતા કેળવવી.

૫૬ ભણતી વખતે કે લખતી વખતે ટટાર બેસવું જોઈએ જેથી શરીરમાં રોગ ન થાય.

૫૭ સવારમાં ચાર વાગ્યા પછી સૂવું ન જોઈએ, કેમ કે તે વેળાએ મન ધર્મધ્યાનમાં જલ્દી વળી શકે છે.

૫૮ સ્વાધ્યાય કે ખાસ જરૂરી કામ સિવાય મૌન રહેવા પ્રયત્ન કરવો.

૫૯ સાધુની ભાષા મીઠી–મધુર, ન્યાયોચિત, નિરવદ્ય અને પ્રભુની આજ્ઞાનુસારી હોવી જોઈએ.

૬૦ ગુરુમહારાજનો ઠપકો મિષ્ટાન્ન કરતાં પણ વધારે મીઠો લાગવો જોઈએ.

૬૧ સારું બ્રહ્મચર્ય પાળનાર પ્રાયઃ રોગી બનતો નથી.

૬૨ બ્રહ્મચર્ય–ભંગથી બાકીનાં ચાર મહાવ્રતોનો પણ ભંગ થઈ જાય છે.

૬૩ સાધુને શરીર કરતાં આત્માની ચિંતા વધારે હોય. આ લોક કરતાં પરલોકની ચિંતા વધુ હોય છે.

૬૪ સાધુ–સાધુ વચ્ચે ખટપટો કરાવે કે નારદ–વિદ્યા કરી પોતાને હોશિયાર માને તે સાધુ ન કહેવાય.

૬૫ દરેક ધર્મક્રિયાઓ કરતાં ભગવાનને યાદ કરવા જોઈએ કે—અહો નિષ્કારણ કરુણાલુ પરમાત્માએ ભવોદધિતારક કેવી સરસ ક્રિયાઓ નિર્દેશી છે ?

૬૬ સવારમાં રોજ ઊઠતાં જ વિચારણા કરવી ઘટે કે—" હું સાધુ છું ! મારે પાંચ મહાવ્રતો પાળવાનાં છે ! મારું કર્તવ્ય હું શું નથી કરતો ! મેં કેટલી સંયમની સાધનામાં પ્રગતિ કરી ? તપમાં શક્તિ ગોપવું છું કે કેમ ?" આદિ.

૬૭ ગુરુમહારાજની ઇચ્છાને અનુકૂલ રહેવું તે સંયમીનું પ્રધાન કર્તવ્ય છે.

૬૮ ગુરુમહારાજની કોઈપણ આજ્ઞાને આત્મહિતકર માની હૃદયના ઉલ્લાસથી અમલી બનાવવા પ્રયત્ન કરવો.

૬૯ પોતાની મરજી મુજબ ચાલનાર સાધુ કદી પણ સંયમની મર્યાદાઓ જાળવી શકતો નથી.

૭૦ 'મને આમ લાગે છે માટે હું તો આમ જ કરીશ' એવો કદાગ્રહ ન રાખતાં પૂ. ગુરુદેવને જે યોગ્ય લાગે તે રીતે જ કામ કરવાનો આગ્રહ રાખવો.

૭૧ સ્ત્રી સાથે વાતચીત, બહુ કે વારંવાર વિગઈનો વપરાશ, શરીરની શોભા–ટાપટીપ, આ ત્રણે સાધુ માટે તાલપુટ ઝેર સમાન ભયંકર છે.

૭૨ સંસારને દુઃખથી અને પાપથી ભરેલો જાણી ત્યાગ કર્યો. હવે તે સંસારની ફુલામણીમાં ફરીથી ન ફુલાઈ જવાય તે માટે સાવધ રહેવું ઘટે.

૭૩ સાધુને જે સુખ સંયમના અનુભવથી મળે છે, તે દેવેન્દ્ર કે ચક્રવર્તીને પણ નથી મળતું.

૭૪ સંયમમાં દુઃખ ઓછું, સુખ વધારે–સંસારમાં સુખ ઓછું, દુઃખ વધારે–આ એક નક્કર હકીક્ત છે ! ભલે ! બાહ્યદષ્ટિથી આપણને વિપરીત લાગતું હોય કે–"સંયમમાં દુઃખ વધારે છે અને સંસારમાં સુખ વધારે છે." ખરેખર આ ભ્રમાત્મક અનુભવ છે.

પરિશિષ્ટ–૪

સંયમીનું વ્યવસ્થા–પત્રક

૧ સવારે કેટલા વાગે ઊઠ્યા ?
૨ કેટલો જાપ કર્યો ?
૩ કેટલા શ્લોક વાંચ્યા ?
૪ કેટલા શ્લોક કંઠસ્થ કર્યા ?
૫ કેટલો વખવ જ્ઞાનગોષ્ઠી કરી ?
૬ કેટલો વખત મૌન રહ્યા ?
૭ કેટલો વખત વિકારી ભાવ ઊપજ્યા ?
૮ બીજાનું કામ પરમાર્થવૃત્તિથી કર્યું કે નહિ ?
૯ કેટલી વાર અસત્ય ભાષણ ?
૧૦ કેટલી વાર માયા–પ્રયોગ ?
૧૧ કેટલી વાર ક્રોધ થયો ?
૧૨ કેટલી વાર ચિડાણા ?
૧૩ કેટલો સમય ફોગટ ગુમાવ્યો ?
૧૪ શાસ્રોનું વાંચન–શ્રવણ કર્યું ?

૧૫ આજે ખાસ રીતે કયા ગુણુની કેળવણી કરી ?
૧૬ આજે કયા દોષને ટાળવાનો પ્રયત્ન કર્યો ?
૧૭ આજે કયી કુટેવને તજવા સક્રિયતા ?
૧૮ આજે કુટેવને વર્જવાના પ્રયત્નમાં સફળ કે નિષ્ફળ ?
૧૯ આજે કયી ઇન્દ્રિય સૌથી પ્રબળ ?
૨૦ આજે ગુરુવિનયમાં કયાં બેદરકારી ?
૨૧ ક્રિયાની શુદ્ધિમાં કયાં બેદરકારી ?
૨૨ પ્રતિ૦માં બોલ્યા ?
૨૩ વાંદણા ખમા૦ની મર્યાદા સાચવી ?
૨૪ દ્રવ્ય કેટલા વાપર્યા ?
૨૫ નિદ્રા-પ્રમાદ થયો ?
૨૬ વિકથા કરી ?
૨૭ પચ્ચખ્ખાણ શું ?
૨૮ સ્વાધ્યાય કેટલો ?
૨૯ મુહપત્તિનો ઉપયોગ રહ્યો ?
૩૦ ચાલવામાં ઈર્યાસમિતિ જળવાઈ?
૩૧ ગૌચરીના ૪૨ દોષમાંથી કયા દોષ લાગ્યા ?
૩૨ માંડલીના પાંચ દોષમાંથી કયો દોષ ?
૩૩ પુંજવા-પ્રમાર્જવાનો બરાબર ઉપયોગ રહ્યો ?
૩૪ ગૃહસ્થ અધર્મ પામે તેવું વર્તન કર્યું ?
૩૫ અવિનય-ઉદ્ધતાઈનો પ્રસંગ ?

આ રીતે વ્યક્તિગત ગુણદોષોના પ્રશ્ન ઊભા કરી તેના ઉપર સૂક્ષ્મ ચિંતન કરવાથી સંયમમાર્ગે સ્ફુર્તિનું બળ વધે છે.

પરિશિષ્ટ-૫

જાગરણ માટેના સવાલો

૧ રાતના કેટલા કલાક નિદ્રા લીધી ?
૨ સવારે કેટલા વાગે ઊઠયા ?
૩ કેટલો જાપ કર્યો ?
૪ કેટલા શ્લોકનું વાંચન કર્યું ?
૫ કેટલા શ્લોક કંઠસ્થ કર્યા ?
૬ કેટલો વખત સત્સંગ કર્યો ?
૭ કેટલો વખત સદુપદેશ સાંભળ્યો ?
૮ કેટલો વખત મૌન રહ્યા ?
૯ કેટલો વખત માંડલીના કાર્યમાં ગાળ્યો ?
૧૦ પચ્ચખ્ખાણ શું કર્યું ?
૧૧ કેટલી વાર અસત્ય બોલાયું ?
૧૨ કેટલી વાર ગુસ્સે થવાયું ?
૧૩ કેટલો વખત આત્મચિંતન કર્યું ?
૧૪ કેટલો વખત ધ્યાન કર્યું ?
૧૫ કેટલી વખત નવ વાડનું ઉલ્લંઘન કર્યું ?
૧૬ કઈ ઇન્દ્રિ ને આધીન થવાયું ?
૧૭ કેટલી વાર ક્રિયામાં પ્રમાદ કર્યો ?
૧૮ કયો ગુણ મેળવવાનો પ્રયત્ન કર્યો ?
૧૯ કયો દુર્ગુણ છોડવા પ્રયાસ કર્યો ?
૨૦ કેટલી વાર એક આસને બેઠા ?

૨૧ કેટલી વાર બીજાનું કામ કર્યું ?
૨૨ કેટલી વાર જ્ઞાનની ભક્તિ કરી ?
૨૩ કેટલો ટાઇમ વાતોમાં ગયો ?
૨૪ કેટલી વાર દેવવંદન કર્યું ?
૨૫ ગોચરી લાવવામાં કેટલા દોષ લાગ્યા ?
૨૬ ગોચરી વાપરવામાં કેટલા દોષ લાગ્યા ?
૨૭ ગોચરી આપવા–લેવામાં કેટલી માયા કરી ?
૨૮ કેટલા દ્રવ્યનો સંક્ષેપ કર્યો ?
૨૯ આહાર–પાણીની કેટલી ઉણોદરી કરી ?
૩૦ કેટલી વિગઈ ત્યાગ કરી ?
૩૧ જરૂર વગરની કેટલી વિગઈ વાપરી ?
૩૨ દ્રવ્યાદિ અભિગ્રહો કયા લીધા ?
૩૩ જરૂરી વિગઈ વાપરતાં કેટલો રાગ કર્યો ?
૩૪ વિગઈ વાપરતાં વડીલોની આજ્ઞા લીધી કે નહિ ?
૩૫ પાત્રામાં આવ્યા પછી ભક્તિ કરી કે નહિ ?

આવી જાતની સદ્વિચારણાથી સાધુજીવન ઉચ્ચ કોટિનું બને છે.

[પરિશિષ્ટ ૧ થી ૫ પૂ. પાદ પં. પ્રવર શ્રી અભયસાગરજી ગણિવરકૃત ' મંગળ સ્વાધ્યાય'માંથી ઉદ્ધૃત]

પૂજનીય સાધુ-સાધ્વીજીઓના જીવનઘડતર માટે
અત્યન્ત ઉપયોગી પ્રકાશનો.

લેખક : મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

પ્રાપ્તિ સ્થાન : **કમલ પ્રકાશન ટ્રસ્ટ**

૫૦૮૨/૩, બીજે માળે, રતનપોળના નાકે, ગાંધીરોડ, અમદાવાદ-૧
ફોન : ૩૮૫૭૨૩

* ૧ સાધનાની પગદંડીએ
* ૨ શરણાગતિ
* ૩ અધ્યાત્મસાર
* ૪ ગુરુમાતા
  ૫ વિરાટ જાગે છે ત્યારે
  ૬ મહાપંથના અજવાળાં
* ૭ વંદના
  ૮ આત્મા
* ૯ જૈનદર્શનમાં કર્મવાદ
* ૧૦ મહામારિ
* ૧૧ અષ્ટાહ્નિકા પ્રવચનો
* ૧૨ કલ્પસૂત્ર પ્રવચનો
  ૧૩ સ્વરક્ષાથી સર્વરક્ષા
  ૧૪ આતમ જાગે
* ૧૫ વીર ! મધુરી વાણી તારી
* ૧૬ અપૂર્વ સ્વાધ્યાય
  ૧૭ અગમ-વાણી
  ૧૮ ભવ આલોચના
* ૧૯ જિનશાસન રક્ષા
  ૨૦ જૈનધર્મના મર્મો
* ૨૧ વિરાગ વેલડી
  ૨૨ પ્રતિક્રમણ સૂત્ર વિવેચના ભાગ-૧
  ૨૩ પ્રતિક્રમણ સૂત્ર વિવેચના ભાગ-૨
  ૨૪ મુનિજીવનની બાળપોથી ભાગ-૧
  ૨૫ મુનિજીવનની બાળપોથી ભાગ-૨

* આ નિશાનીવાળા પુસ્તકો હાલ અપ્રાપ્ય છે.

આવરણ : નટવર સ્મૃતિ પ્રિન્ટર્સ, રાયપુર, અમદાવાદ. ફોન ૩૬૧૪૩૪